ભાગ-૨

# ઉપાશ્રયના ઓટા પરથી



- ઉપાશ્રયના ઓટા પરથી
- પૈસા વગરની પ્રવૃત્તિઓથી શરૂઆત
- સંવેદનાનો ઝરો
- ઘડતર અને ચણતર
- નયા સંસાર બસાયેંગે, નયા ઈન્સાન બનાયેંગે
- સામાજિક સમસ્યા નિવારણ
- સાંપ્રત સમાજની વધુ એક ઘટના
- શેતાનના સકંજામાં ગભરુ બાળા
- કાળુ ભીલ, લુખ્ખાઓનો સરદાર
- છૂતાછૂત અને અસ્પૃશ્યતા
- મ્યુનિસિપલ ચૂંટણીનો જંગ
- કહેતા ભી દીવાના ઔર સૂનતા ભી!
- આખરે ક્રીડાંગણની જમીન મળી પણ...
- સખાવત સાથે સમાજ સેવાના રંગે રંગાયેલા શશીભાઈ વાઘર
- લોઢાવાળા માતૃત્વ અને બાળ હૉસ્પિટલની સ્થાપના
- ઈ.એન.ટી. હૉસ્પિટલની સુવિધા
- રાહતનિધિ ફંડઃ પ્રણેતા પ્રતાપભાઈ અને રશ્મિબહેન પારેખ
- સફળતાનું રહસ્ય
- નેતૃત્વનો ઉદય અને પડકાર



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:05 PM






BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:14 PM

# ઉપાશ્રયના ઓટા પરથી

## મિત્રવર્તુળથી સંગઠન


**પોતાની તેજાબી જબાનથી સભાઓ ગજવવામાં જાણીતા સુધારાવાદી નેતા કનુભાઇ ઠક્કરના વ્યક્તિત્વથી યુવા મિત્રવર્તુળ પ્રભાવિત થયું અને સમાજ માટે કંઇક કરી છૂટવાની તમન્ના જાગી.**

૧૫ મી ઑગસ્ટ ૧૯૪૭ના દિવસે ભારત દેશ, બ્રિટિશરોની ગુલામીની ઝંઝીરમાંથી મુકત થયો. દેશભરમાં આનંદ અને ઉમંગનું આ પર્વ ઊજવાઈ રહ્યું હતું. એક તરફ અમારી બાળસેના હાથમાં ત્રિરંગા સાથે, જયહિન્દના નારા લલકારતી શેરીઓમાં ઘૂમતી હતી. બીજી તરફ ભાવનગરના જાહેર રસ્તાઓ, રંગબેરંગી તોરણો, કમાનો અને દીવાબત્તીથી ઝળહળી ઊઠ્યા હતા. ત્યારે મેં મોસાળના ઘર પાસે, જૈન ઉપાશ્રયના ઓટા ઉપર ગાંધીજી, નહેરુ, સરદાર અને સુભાષબાબુના મોટામોટા પોસ્ટર અને કટ આઉટ લગાડીને, ભોંય ઉપર ચિરોડીથી ભારતનો નકશો દોરી સુશોભન કરવામાં નેતૃત્વ લીધું હતું. ત્યાર પછી દર વર્ષે ૧૫ મી ઑગસ્ટની ઊજવણીમાં ભાગ લેવા એકઠા થતા. આમ, ઉપાશ્રયના ઓટા ઉપર એકઠા થતા યુવકોમાંથી એક મિત્રવર્તુળ બની ગયું.

મહોલ્લામાં જાણીતા સમાજવાદી નેતા કનુભાઈ ઠક્કર રહેતા હતા. તેઓ સમાજના કચડાયેલા, પીસાયેલા મહેનતકશ મજદૂરો અને અન્યાયનો ભોગ બનેલી અબળાઓ માટે સંઘર્ષ કરતા હતા. પોતાની તેજાબી જબાનથી સભાઓ ગજવવામાં જાણીતા સુધારાવાદી નેતા કનુભાઈ ઠકકરના વ્યકિતત્વથી યુવા મિત્રવર્તુળ પ્રભાવિત થયું અને સમાજ માટે કંઈક કરી છૂટવાની તમન્ના જાગી. કનુભાઈ ઠક્કર અમારા પ્રેરણામૂર્તિ બન્યા. તેમના સંસર્ગથી અમારા દિલોદિમાગમાં, દેશભકિતના બીજ રોપાયા અને પરિણામે ૨૬ જાન્યુઆરી ૧૯૫૪માં રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાયેલા અમે થોડા યુવાનોએ, એક સામાજિક સંગઠ્ઠન ‘દરબારગઢ વૉર્ડ નવજવાન સંઘ’ની સ્થાપના કરી. અમારા સાથી હતા અંતુભાઈ રાવળ, હર્ષદભાઈ શેઠ, મફતભાઈ શાહ, ભાસ્કર વકીલ અને બીજા અનેક મિત્રો. કોઈ પણ સાંગઠ્ઠનની શરૂઆત સમાજની જરૂરિયાતમાંથી થતી હોય છે. અમારા આ સંગઠ્ઠનની શરૂઆત પણ આવા જ કારણોથી થઈ હતી. ગામમાં બરો-મ્યુનિસિપાલિટીનો વહીવટ હતો. શહેરનો વિસ્તાર નાના-નાના વૉર્ડમાં વહેંચાયેલો હતો. તળ ભાવનગરમાં આવેલા અમારા વૉર્ડનું નામ દરબારગઢ હતું. મધ્યમ અને ગરીબ વસતી ધરાવતાં આ વૉર્ડમાં લાઈટ, પાણી, રસ્તા, આરોગ્ય, શિક્ષણ અને રમતગમતના મેદાન વિગેરે



અંતુભાઈ રાવળ



હર્ષદ શેઠ



અનંત કે. શાહ (બાબાભાઈ)




BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:18 PM

જીવનની પ્રાથમિક સુવિધાનો અભાવ હતો. એટલે સંગઠ્ન, સેવા અને પ્રગતિના વિઝન-મિશનના સૂત્ર સાથે, વિકાસની કેડી કંડારવાનો અમે નિર્ધાર કર્યો.

મોટા ફળિયા શેરીના ઉપાશ્રયના એક ઓટા ઉપરથી આ સેવાયજ્ઞની શરૂઆત થઈ. ૬૫ વરસથી ચાલતી સામાજિક ઉત્થાનની આ યાત્રામાં હજારો યુવક-યુવતિઓ અને આબાલવૃદ્ધો જોડાયા. સમાજસેવાને સમર્પિત યુવાપેઢીના સંન્નિષ્ઠ પ્રયાસોથી, નવજવાન સંઘ જેવી એક સંસ્થામાંથી બહેરાં-મૂંગાં શાળા, 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા, અને પી.એન.આર. સોસાયટીની સ્થાપના થઈ. આજે આ સંસ્થાએ વટવૃક્ષનું સ્વરૂપ ધારણ કર્યું છે, જેના મીઠાં ફળ વંચિતો અને વિકલાંગોને મળી રહ્યાં છે. આમ, લોક સમુદાય આધારિત સંસ્થાનું આ જૂથ, સમાજ માટે શ્રેષ્ઠ ઉદાહરણ છે.



**મૈં અકેલા હી ચલા થા, જાનિ બે મંઝિલ મગર,**
**લોગ સાથ આતે ગયે ઔર, કારવાં બનતા ગયા.**



ભાસ્કર વકીલ



અનંત એ. શાહ (મફતભાઇ)

**પરિણામે ૨૬ જાન્યુઆરી ૧૯૫૪માં રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાયેલા અમે થોડા યુવાનોએ, એક સામાજિક સંગઠન 'દરબારગઢ વૉર્ડ'નવજવાન સંઘની સ્થાપના કરી.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:22 PM

# પૈસા વગરની પ્રવૃત્તિઓથી શરૂઆત

નવજવાન સંઘની સ્થાપના સાથે સેવાયજ્ઞની શરૂઆત તો થઈ, પરંતુ પૈસા ન હતા. ઘણાં સમાજોપયોગી કામ પૈસા વગર પણ થઈ શકે છે, તે માટે ઈચ્છાશકિત અને મનોબળ જોઈએ. જેનો અખૂટ ભંડાર ટીમમાં ભર્યો હતો. પૈસા વગર થઈ શકે તેવા કામની યાદી બનાવીને એક પછી એક પ્રવૃત્તિ શરૂ કરી, બ્લૅક બોર્ડ, પુસ્તકાલય, પ્રૌઢ શિક્ષણ રાત્રિ વર્ગો, રકતદાન, શ્રમયજ્ઞ વિગેરે.

## બ્લૅક બોર્ડ

તે સમયે ભાવનગરમાં કોઈ ન્યૂઝપેપર નીકળતું ન હતું એટલે કનુભાઈ ઠક્કર સાથે મળીને લોકોના પ્રશ્નોને વાચા આપવા, શેરીઓના નાકાની દીવાલ ઉપર બ્લૅક બોર્ડનો પ્રબંધ કર્યો. શહેરની સામાજિક, રાજકીય સમસ્યાઓ અને રોજબરોજના બનાવો અંગે કનુભાઈ મેટર લખીને તૈયાર કરી આપતા, તે હું તેના સ્ટુડિયો ઉપરથી સાંજે લઈ આવું. સારા અક્ષરે તેની કોપી તૈયાર કરું, પછી રાત્રે હું, હર્ષદભાઈ શેઠ અને ભાસ્કર વકીલ, એક એક બોર્ડ લખીને ઘરે જઈએ. છાપાની જેમ લોકોને, વહેલી સવારે બોર્ડ વાંચવાનું બંધાણ થઈ ગયેલું. જન જાગૃતિ માટે આ પ્રવૃત્તિ ઉપયોગી નીવડી

## છાપા સ્ટૅન્ડ

એ જમાનામાં ઈન્ટરનેટ, ટીવી કે સ્માર્ટ ફોન ન હતાં. દુનિયામાં શું થઈ રહ્યું છે? એ જાણવા માટે છાપાં અને રેડિયો બે સાધન હતાં. પરંતુ તે ઘણાં લોકોની પહોંચની બહાર હતાં. સમાચારપત્રોથી લોકજાગૃતિ આવે છે. વૉર્ડમાં જાહેરસ્થળોએ બ્લૅકબોર્ડ તો હતાં જ. તેની બાજુમાં લાકડાનું સ્ટૅન્ડ ફિટ કરાવી દીધું. છાપાવાળો સવારે છાપું મૂકી જતો. અહીં લોકોના ટોળાં જામે. આમ, સમાજની સમસ્યાઓ માટે લોકમત ઊભો કરવામાં અમે નિમિત્ત બન્યા.

અમે વંચાઈ ગયેલાં પુસ્તકો અને સામાયિકો ઉઘરાવવાનું શરૂ કર્યું. પ્રતિસાદ સારો મળ્યો. ઉપાશ્રયના ઓટાના દાદર નીચે એક નાનું સરખું ભંડકિયું અવાવરું પડયું હતું. તેની સફાઈ કરીને પુસ્તકો ગોઠવ્યાં. આમ, વગર પૈસે પુસ્તકાલય શરૂ થઈ ગયું. રોજ સાંજના પુસ્તકોની આપ-લે કરતાં. જેમને ત્યાં સામાયિક આવતું, તે વંચાઈ જાય એટલે પુસ્તકાલયે આપતાં, તેના બદલામાં અમે બીજું સામાયિક તેને આપતાં. આમ, પૈસા વગર એક્સચેંજની પ્રવૃત્તિ લોકપ્રિય થવા લાગી એટલે ટીમનો ઉત્સાહ વધી ગયો.



## પુસ્તકાલય

અમારામાંના મોટા ભાગના વિદ્યાર્થીઓને વાંચનનો શોખ હતો. આ ભૂખ સંતોષવા માટે પુસ્તકો જોઈએ. તે ખરીદવાનું કોઈનું ગજુ ન હતું. ઘરેઘરે ફરીને

## પ્રૌઢ શિક્ષણ રાત્રિ વર્ગો

અમારા વિસ્તારમાં નિરક્ષરતાનું પ્રમાણ ઊંચું હતું. માળીનો ટેકરો, ખોજાવાડ વગેરે વિસ્તારમાં લોકસંપર્ક કરીને, અક્ષરજ્ઞાન લેવા ઉત્સુક લોકોને તૈયાર કર્યા.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:25 PM

લોકો મજૂરી કામથી આવે પછી જમીને રાત્રે નવરા થાય. તેને માટે આજુબાજુમાં કોઈનું ઘર, કે મંદિરના ચોકમાં, પ્રૌઢ શિક્ષણના વર્ગો ચલાવવાનું સરળ બની ગયું. રાત્રિના આ વર્ગોમાં ભણાવવાનું કામ યુવા સ્વયંસેવકોએ ઉપાડી લીધું. અંગૂઠાની જગ્યાએ પોતાનું નામ લખતાં આવડે, ત્યાં તો લોકો રાજીરાજી થઈ જતા. આવા ૨૫૦થી વધુ લોકોને શિક્ષિત કર્યા. જે કાંઈ નાનીસૂની સિદ્ધિ ન હતી.

## રકતદાન

એ સમયે દર્દીને લોહીની જરૂર પડે તો, આજે છે તેવી બ્લડબૅંકનો વિકાસ થયો ન હતો. લોહીની જરૂર પડે ત્યારે રકતદાતાને સીધા હૉસ્પિટલ લઈ જવાતા. શહેરમાં આ પ્રવૃત્તિ એકમાત્ર શિશુવિહારમાં માનભાઈ ભટ્ટ અને રવીન્દ્રભાઈ ચલાવતા. હર્ષદભાઈ શેઠે તેનાથી પ્રભાવિત થઈને સ્વૈચ્છિક રકતદાન માટે નામનોંધણીની ઝુંબેશ ઉપાડી. જેને સારો પ્રતિસાદ મળ્યો.

## શ્રમયજ્ઞ

અમારો વિસ્તાર સેમી સ્લમ જેવો પછાત હતો. કાચાપાકા રસ્તા, ગંદી ગલીઓ, કયાંક ગટર લાઇન તો કયાંક ખાળકૂવા, કયાંક ફલશ સંડાસ તો કયાંક ડબ્બા અને ખુલ્લામાં પણ શૌચક્રિયા! આ સ્વચ્છતાની જાળવણી માટે માત્ર સફાઇ કામદાર જવાબદાર ન ગણાય. આદતો સુધારવા માટે લોકજાગૃતિ જરૂરી હતી. અમે નગરપાલિકા પાસેથી સાવરણા, સૂંડલા, કચરો ભરવાની ટ્રૉલી વગેરે મેળવીને શનિવારે રાત્રિના કોઈ એક શેરીમાં ૧૫૦ જેટલા ઉત્સાહી યુવાનો સાથે પહોંચી જતા. શ્રમયજ્ઞથી શેરીની સફાઈ કરી રસ્તાનાં ખાડા પૂરી મોરમ પાથરીને, શેરી ચોખ્ખીચટ બનાવી દેતા. પછી બીજા દિવસે એ વિસ્તારની બહેનોની મીટિંગ કરી સ્વચ્છતા જાળવણી અને તેના ફાયદાની વાત સમજાવીને દરેક ઘર માટે એક ડસ્ટબિન આપતા. આ અભિયાનથી સ્વચ્છતા અંગે લોકોમાં ઘણી જાગૃતિ આવી હતી. આ બાળપણના સંસ્કારને કારણે અમારી દરેક સંસ્થામાં સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવું મહત્ત્વનું પાસું રહ્યું છે. દિવાળીના દિવસોમાં અમે ગૃહસુશોભન હરીફાઈ ગોઠવતા. દરેક ઘરની મુલાકાત કરી ભાગ લેનારાઓની શ્રેષ્ઠ કૃતિને પારિતોષિક આપવામાં આવતા. ગૃહ વિજ્ઞાનની આ પ્રવૃત્તિ બહેનો માટે બહુ ઉપયોગી સાબિત થઈ હતી.

**આ અભિયાનથી સ્વચ્છતા અંગે લોકોમાં ઘણી જાગૃતિ આવી હતી. આ બાળપણના સંસ્કારને કારણે અમારી દરેક સંસ્થામાં સ્વચ્છતા ઊડીને આંખે વળગે તેવું મહત્ત્વનું પાસું રહ્યું છે.**





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:29 PM

# સંવેદનાનો ઝરો


દરમ્યાન પ્રવૃત્તિઓનો વ્યાપ ઘણો વધી ગયો. મોટાફળિયાનાં જૈન ઉપાશ્રયના ઓટા ઉપર વાવેલાં બીજમાંથી કૂંપળો ફૂટી હતી. પરંતુ આ કૂંપળો જાણે ખાતર, હવા અને પ્રકાશ વગર મૂરઝાઈ રહી હોય, તેવો અહેસાસ થવા લાગ્યો હતો. અમારે ઊડવું હતું, પરંતુ પાંખો બંધાયેલી હતી.

## આનંદ-શોક ને વિષાદમાં પલટાયો

આગેવાન સાથી કનુભાઈ ઠક્કરનાં કહેવાથી શ્રી ભીખાભાઈ હાડકાંવાળાએ આંબાચોકમાં, નારેશ્વર મંદિર પાસે, બીજા માળે આવેલી તેની ઑફિસ વગર ભાડેથી વાપરવા આપી. ડુપ્લેક્સ જેવી વિશાળ જગ્યા સાવ અવાવરું પડી હતી, તેમાં એક ટેબલ, થોડી ભાંગીતૂટી ખુરશીઓ પણ આપી. અમને તો જાણે લોટરી લાગી ગઈ. બાવાંઝાળાં સાફ કરીને જાતે ચૂનો કર્યો, ઑફિસમાં લાઈટ ન હતી, નીચેની દુકાનવાળાએ ઇલેક્ટ્રિકનું દોરડું ખેંચવા દીધું. અહીંયા પુસ્તકાલય, વાંચનાલય, યુવાનોને રોજગારલક્ષી માર્ગદર્શન અને સામાજિક પ્રશ્નો એ રોજિંદી પ્રવૃત્તિઓ હતી. બધાં વાળુપાણી કરીને, રોજ રાત્રે એકઠા થઈએ. ઑફિસમાં રાત્રે મોડે સુધી અને રજામાં દિવસરાત લોકોની આવનજાવન ચાલુ રહેતી. આમ, સંગઠ્ઠન પણ વધતું જતું હતું તેથી અમારા આનંદ અને ઉત્સાહનો પાર ન હતો. પરંતુ હજુ આ નવી ઑફિસમાં અમને માંડ છએક મહિના થયા, ત્યાં એ આનંદ, શોક ને વિષાદમાં પલટાયો.

ઑફિસની બાજુના મકાનમાં, પહેલાં માળે પોલીસ ચોકી આવેલી હતી. પોલીસમાં એક એલ.સી.બી. બ્રાન્ચ હોય છે. સાદા ડ્રેસની આ પોલીસનું કામ હોય છે છૂપી તપાસની નોંધ લઈને રિપોર્ટ કરવાનું. અમારી ઑફિસમાં કનુભાઈ ઠક્કર, હિંમતભાઈ ખાટસુરિયા, અંતુભાઈ રાવળ જેવા પ્રખર ઉદ્દામવાદી વિચારસરણી ધરાવતા કાર્યકર્તાઓ આવતાંજતાં અને તેમાં વળી આટલા બધા યુવાનોની આવન-જાવનમાં પોલીસને શંકા પડી. પોલીસની નોબત આવી મકાન માલિક ભીખાભાઈ હાડકાંવાળા ઉપર. ભીખાભાઈને રૂવાપરી રોડ ઉપર ઢોરના હાડકાંનો પાઉડર બનાવવાનું કારખાનું અને સટ્ટાબજારનું કામકાજ હતું. સટ્ટાબજારના કામકાજને કારણે એ પોલીસની ખફા વહોરી શકે નહીં. 'મેં આ પેટ ચોળીને શૂળ શું કામ ઊભું કર્યું? મારે નહી કોઈ લેવા દેવા!' ભીખાભાઈએ કનુભાઈને કહ્યું અને પછી તો જલદી ઑફિસની જગ્યા ખાલી કરી દેવા માટે દબાણ કરવા લાગ્યા.

> **અમારે ઊડવું હતું પરંતુ પાંખો બંધાયેલી હતી.**
> **કંઈ કેટલીયે આશા અને અરમાનો સાથે સજાવીધજાવીને જાતમહેનતથી તૈયાર કરેલી ઑફિસ, કહો કે અમારાં સપનાં વેરવિખેર થઈ રહ્યાં હતાં.**
> **'મેં આ પેટ ચોળીને શૂળ શું કામ ઊભું કર્યુ ? મારે નહીં કોઈ લેવા દેવા !'**






BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:33 PM

# દરિદ્રના વેશમાં નારાયણ!



શાંતિલાલ ઘાંચા




કંઈ કેટલીયે આશા અને અરમાનો સાથે સજાવીધજાવીને જાતમહેનતથી તૈયાર કરેલી ઑફિસ, કહો કે અમારાં સપનાં વેર વિખેર થઈ રહ્યાં હતાં. બીજી જગ્યા લઈએ તો ભાડું ભરવાની કોઈ હેસિયત ન હતી. વળી, ઑફિસ થવાથી ઘણી ચીજવસ્તુઓ પણ વસાવી હતી. હવે આ જગ્યા ખાલી કરીને જઈશું કયાં? ફરી પાછાં ઓટા ઉપર? કોઈ ઉપાય સૂઝતો ન હતો, જગ્યા ખાલી કરવાની ગડમથલમાં અમે એક રાત્રિએ ઑફિસમાં ચિંતાતુર બેઠા હતા, ત્યાં એક લઘરવઘર મજૂર જેવો ત્રીસેક વરસની ઉંમરનો માણસ આવ્યો, જાણે કે કામ ઉપરથી સીધો જ આવતો ન હોય! મોઢાંમાં પાનનો ડૂચો, માથાના વાળ અસ્તવ્યસ્ત, મેલો લેંઘો અને ઉપર બાંડિયાનું માંડ એક બટન બીડેલું, ‘છોકરાવ, ઑફિસની ચિંતા કરતા નહીં, આ સામે બેકરી માથેની મેડી આપણી છે, તમતમારે વાપરો.’ ઘડીભર સન્નાટો છવાઈ ગયો. હૃદય જાણે એક ધબકારો ચૂકી ગયું. આ દરિદ્રનાં વેશમાં સાચે જ નારાયણ આવ્યા કે શું? વિશ્વાસ બેસતો ન હતો. એનું નામ હતું શાંતિલાલ ઘાંચા. ધંધો વાંસમાંથી સૂંડલા અને સુગંધી વાળાની ટટ્ટી બનાવવાનો. બાજુમાં માળીના ટેકરા ઉપર રહે. સવારથી સાંજ, કુટુંબનાં સ્ત્રીપુરુષ અને બાળકો ઘરમાં જ સખત પરિશ્રમ કરીને બે છેડા ભેગા કરે, સાંજ પડયે થાકયાપાકયા જમીને આ શાંતિલાલ અમારી ઑફિસ સામે શાબાનભાઈની દુકાને પાન-તમાકુ ખાવા આવે. ઘડીભર પાટિયે બેસીને ગપ્પાં મારે. તેને અમારી વાત મળી, સંવેદનાનો ઝરો ફૂટયો અને ઑફિસનો દાદરો ચડી આવ્યા.

બીજે દિવસે સવારે ખોજાવાડના ડેલાની બહાર, નૂતન સૌરાષ્ટ્ર બેકરી ઉપરની મેડીના પડુંપડું થઈ ગયેલા જર્જરિત દાદરા ઉપર ચડયા. ઉપર જોયું તો એક ટેબલ અને પાંચસાત ખુરશી સમાય તેવો નાનો ઓરડો, ભોંયતળિયે લાદી નહીં ને ઓછામાં પૂરું નીચે બેકરીની ભઠ્ઠી તપે! ગારમાટીની દીવાલોમાં પોપડાં, માથે વાંસના ખપેડાનું દેશી નળિયાનું છાપરું. પાછળ બીજો એક મોટો ઓરડો હતો. તે વાપરવાનો ન હતો, તેમાં શાંતિલાલના વાંસ, સૂંડલા, સુંગધી વાળાની ટટ્ટી અને કંઈક જમાનાનો ભંગાર હતો. ઓરડાનું પછવાડું ખોજાવાડના ડેલામાં પડતું હતું, પરંતુ પાછળની દીવાલ પડી ગયેલી એટલે તાડપત્રીથી આડશ કરી હતી. આ જોઈને અમારા તો ભવાં ચડી ગયાં, ત્યાં


> **અમે એક રાત્રિએ ઑફિસમાં ચિંતાતુર બેઠા હતા, ત્યાં એક લઘરવઘર મજૂર જેવો ત્રીસેક વરસની ઉંમરનો માણસ આવ્યો.**

> **‘છોકરાવ ઓફિસની ચિંતા કરતા નહીં,’ ઘડીભર સન્નાટો છવાઇ ગયો. આ દરિદ્રના વેશમાં સાચે જ નારાયણ આવ્યા કે શું?**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:36 PM





મધુબહેન સંઘવી

ભાનુમતી શાહ



પદ્મા શાહ



વનિતા શાહ

શાંતિલાલે સહજભાવે કહ્યું, 'અહીંયાં બીક જેવું કાંઈ નથી, ચિંતા નહીં કરતા.'

જગ્યા જોઈને તો હોશ ઊડી ગયા. કોઈ કાંઈ બોલતું ન હતું, શું કરવું? વળી શાંતિલાલનું વ્યકિતત્વ જોઈ મનમાં ઘણા પ્રશ્નો ઉદ્ભવતા હતા. આ માણસ ભોળાભાવે અહીં લઈ આવ્યો હશે કે તેનો કાંઈ સ્વાર્થ હશે? એટલે પૂછાઈ ગયું, 'ભાડું?' તેના ચહેરાના ભાવ ઉપરથી આ પ્રશ્ન તેને ગમ્યો નહીં તેમ લાગ્યું. પછી સહજભાવે બોલ્યા, 'ભગવાનનું નામ લ્યો, ભાડું કેવું? વાપરો ત્યાં સુધી તમારું.' બેગર્સ આર નો ચૂઝર્સ, માંગનારને કોઈ પસંદગી નથી હોતી અને કાંઈ વિકલ્પ ન હતો. અમે ઑફર સ્વીકારી લીધી.

ઑફિસની જગ્યા ખાલી કરીએ છીએ, તે જાણીને ભીખાભાઈ તો ખુશ થઈ ગયા હતા. અમારી પાસે ઑફિસ ટેબલ ન હતું, અમારી નજર ભીખાભાઈના પેલા ટેબલ ઉપર હતી. ભીખાભાઈ સમજી ગયા. કહે, 'જે જોઈએ તે લઈ જાવ, પણ ઝટ ખાલી કરો.' આ ટેબલ શુકનિયાળ નીવડ્યું. જે આજે પણ બહેરાંમૂંગાં શાળામાં સાચવી રાખ્યું છે.

બેકરી ઉપરની જગ્યાને બેસવા લાયક બનાવવા જાતે પરિશ્રમ કર્યા સિવાય છૂટકો ન હતો. હું મોસાળમાં રહેતો હતો, એ ઘર પણ ગારમાટીનું હતું, મારાં દાદી સૂરજબા, દર વર્ષે નવરાત્રિ પહેલાં ભોંયતળિયે ગારનું સરસ મજાનું લીંપણ કરતા. તેણે અમારી ઑફિસ માટે ગાર બનાવી, તગારાં ભરી દીધાં અને મહિલા વિંગના ભાનુબહેન, પદ્માબહેન, સુધાબહેન, મધુબહેન સંઘવી, વનિતાબહેન તથા ચંદ્રિકાબહેન વગેરેએ હોંશભેર દીવાલો અને ભોંયતળિયે ગારનું લીંપણ કરી દીધું. દેશી નળિયાં ચળાવ્યાં. ખપેડા સમા કરાવ્યા. બારદાનવાળાએ જૂના કંતાન આપ્યાં, તે ખપેડા નીચે લગાડી ચૂનો કરીને બગલાની પાંખ જેવી સફેદ સિલિંગ અને દીવાલોને ચમકાવી દીધી. હવે બધાંનો ઉમંગ અને ઉત્સાહ સમાતો ન હતો, પણ અમારી પ્રવૃત્તિઓ રાત્રે ચાલતી તે માટે લાઈટ તો જોઈએ જ. મકાનનો માલિક, દેશના ભાગલા વખતે પાકિસ્તાન ચાલી ગયેલો, એટલે મકાનનો કબજો કસ્ટોડિયનનો હતો. શાંતિલાલ તો માસિક ત્રણ રૂપિયાના ભાડૂત હતા. માલિકની સહી વગર લાઈટ કનેકશન મળે નહીં. મારા વસંતમામા રેલવેમાં નોકરી કરતા. ત્યારે સ્ટેશન માસ્તરના ટેબલ ઉપર કાચની મોટી ચીમનીવાળાં ફાનસ રહેતાં. આવા એક ફાનસનો પ્રબંધ તેમણે કરી દીધો અને મહુલી જેવી ઑફિસ ઝળહળી ઊઠી.

કપરા ચડાણનું આ પહેલું પગથિયું ચડ્યાં પછી આકાશને આંબવામાં પાછું વાળીને જોયું નથી, કહો કે એક ઇતિહાસ રચાઈ ગયો.



સુધા ઓઝા



ચંદ્રિકા બનજારા



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:40 PM

# સંવેદનાનો ઝરો સાવ સુકાઇ તો નથી ગયો

> **આજે છ દાયકાની મંઝિલ કાપ્યા પછી, વિશ્વસ્તરીય દરજ્જો મેળવી ચૂકેલી સંસ્થાના પાયામાં, શાંતિલાલ જેવા કંઈ કેટલાય ફકીરોની અમીરીની દાસ્તાન ધરબાયેલી છે.**

આજે છ દાયકાની મંઝિલ કાપ્યા પછી, વિશ્વસ્તરીય દરજ્જો મેળવી ચૂકેલી સંસ્થાના પાયામાં, શાંતિલાલ જેવા કંઈ કેટલાય ફકીરોની અમીરીની દાસ્તાન ધરબાયેલી છે. તે વાગોળતાં વાગોળતાં વિચાર આવે છે કે, સમાજમાં સંવેદનાનો ઝરો સાવ સૂકાઈ તો નથી ગયો! પરંતુ સમાજમાં કોઈ ને કોઈ માનવીનાં હૃદયમાં આ સંવેદના જગાડે છે કોણ? કોણે શાંતિલાલને મોકલ્યા? આ પ્રશ્ન થાય છે ત્યારે ગાંધીજીના સાબરમતી આશ્રમની નાનપણમાં વાંચેલી પેલી વાત યાદ આવે છે. હરિજનોને આશ્રમપ્રવેશનો ગાંધીજીનો નિર્ણય ઘણાંને ગમ્યો ન હતો. તેને કારણે આશ્રમને મળતી સહાય બંધ થઈ ગઈ. પરંતુ ગાંધીજી ડગ્યા નહીં, આશ્રમ બંધ કરવાની ઘડી આવી તે સાંજે એક ચમત્કાર થયો. આશ્રમને દરવાજે એક મોટર આવીને ઊભી રહી. અંદર બેઠેલા એક અજાણ્યા માણસે બહાર રમતા છોકરાના હાથમાં નોટોનું બંડલ મૂકયું અને કહ્યું 'બાપુને આપી દેજે!' અને મોટર ચાલી ગઈ!

આવા ફકીર કે અમીર, અલગારી કે ધૂની લોકો જ, દુનિયાના ખૂણેખૂણે સંવેદનાનો ઝરો વહેવડાવે છે, ત્યારે સમગ્ર સમાજને તે ભીંજવીને તરબોળ કરી જાય છે. સંસ્થાના પાયામાં આવા કેટકેટલા લોકોના ત્યાગ અને સમર્પણની કથા ધરબાયેલી પડી છે.





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:44 PM



# ઘડતર અને ચણતર

## પૂરપીડિતો માટે સહાય

ઑફિસ ફેરવીને જરા ઠરીઠામ થયા એટલે પ્રવૃત્તિનો ધમધમાટ વધવા લાગ્યો. એવામાં આસામ, બિહાર, બંગાળમાં ભયંકર પૂર અને વાવોઝોડાંથી તારાજીના સમાચાર આવ્યા. પૂરપીડિતોને સહાય કરવા ઝુંબેશ ઉપાડી. આ અમારું પહેલું મોટું અભિયાન હતું. હજારો કપડાં, અનાજની ગુણીઓ અને પૈસા એકઠાં કર્યાં. દાનમાં મળેલાં કપડાંને સ્ત્રી, પુરુષ અને બાળકની સાઇઝ પ્રમાણે અલગ કરીને ગાંસડીઓ બનાવવા અને અનાજની ગુણીઓ પેક કરવા, ઑફિસ નીચે ચોકમાં રાત્રે, યુવા સ્વયંસેવકો પડાપડી કરતા. જિલ્લા કલેકટરની સૂચના મુજબ, આ સહાય દરભંગા રવાના કરી. આ ઝુંબેશમાં યુવાશક્તિ ખીલી ઊઠી ને સંસ્થામાં ઘણા નવા યુવા કાર્યકર્તાઓ જોડાયા.

## બાળકો માટે દૂધ કેન્દ્ર

એ સમયે દેશમાં દૂધની અછત હતી. મધ્યમ અને ગરીબ લોકોના બાળકો માટે દૂધ દુર્લભ હતું. દેશમાં જેમ અનાજ અમેરિકાથી આવતું, તેમ દૂધનો પાઉડર યુનિસેફથી આવતો. કુપોષિત બાળકો અને ધાત્રી માતાઓ માટે આ પાઉડર જિલ્લા આરોગ્ય અધિકારીને અપાતો, પરંતુ વ્યવસ્થાને અભાવે ગોડાઉનમાં તેનો મોટો જથ્થો પડયો રહેતો.

ભાવનગરમાં જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઝવેરી બહુ સરળ સ્વભાવના હતા. અમારો ઉત્સાહ જોઈને સંસ્થાને એક પછી એક, પાંચ દૂધ કેન્દ્રની મંજૂરી આપી દીધી. દરેક કેન્દ્રમાં બાળકોની નોંધણી કરી, પાસ કાઢી આપ્યા અને કેન્દ્રોમાં વહેલી સવારે ૧૦૦૦ થી ૧૨૦૦ બાળકોને દૂધનું વિતરણ શરૂ કર્યું.

યુવા સ્વયંસેવકો હોંશેહોંશે વહેલી સવારમાં કેન્દ્ર ઉપર પહોંચી જઈ દૂધ બનાવી, બાળકોને વિતરણ કરતા અને પાછા વાસણ વગેરેની સફાઈ કરીને ભણવામાં લાગી જતા. આમ, દસ વરસ સુધી ૧૨૦૦ બાળકોને રોજ દૂધ આપવાના કાર્યનું-સામાજિક અને આરોગ્યની દૃષ્ટિએ બહુ મોટું મૂલ્ય હતું. મૂડીમાં લોકોની સંવેદના અને શ્રમદાનના સરવાળા સિવાય બીજું કોઈ રોકાણ ન હતું. માત્ર લોકોની અંદર પડેલી ભાવનાને ઢંઢોળીને જગાડવાનું કામ કર્યું હતું એટલે જ લોક ભાગીદારીના એક વધુ પ્રયોગે સફળતાનાં શિખર સર કર્યાં.

**એ સમયે દેશમાં દૂધની અછત હતી. મધ્યમ અને ગરીબ લોકોના બાળકો માટે દૂધ દુર્લભ હતું.**

**ડૉ. ઝવેરીએ એક પછી એક એમ પાંચ દૂધ કેન્દ્રની મંજૂરી આપી દીધી.**

**યુવા સ્વયંસેવકો હોંશે હોંશે વહેલી સવારમાં કેન્દ્ર ઉપર પહોંચી જઇ દૂધ બનાવી, બાળકોને વિતરણ કરતા અને પાછા વાસણ વગેરેની સફાઇ કરીને ભણવામાં લાગી જતા.**

**મૂડીમાં લોકોની સંવેદના અને શ્રમદાનના સરવાળા સિવાય બીજું કોઈ રોકાણ ન હતું. માત્ર લોકોની અંદર પડેલી ભાવનાને ઢંઢોળીને જગાડવાનું કામ કર્યું હતું.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:48 PM

ત્રણ વરસમાં ઑફિસ નાની પડવા લાગી. મહિલા વિંગ તરફથી સીવણ-ભરતના વર્ગની માંગણી આવી. અહીં હવે વધુ પ્રવૃત્તિ માટે અવકાશ ન હતો. સભ્ય લવાજમ અને ડૉનેશનની થોડી આવક પણ થવા લાગી હતી. તપાસ કરતાં મોટાં ફળિયાની શેરીમાં દાખલ થતાં, કપાસી બિલ્ડિંગના બીજા માળે, પોસાય તેવા ભાડામાં મકાન મળી ગયું.

## રાત્રી વર્ગો

જ્યારે કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે માનવી ભગવાનના ભરોસે હાથ જોડીને બેસી રહે, અથવા કોઈ વિરલા સમસ્યાના ઉકેલ માટે લાગી પડે. અમારી સંસ્થાઓનો વિકાસ, સમાજની સમસ્યાઓના ઉકેલ લાવવાની સંવેદનાના અભિગમના કારણે થતો રહ્યો છે. અમારા વોર્ડમાં હાઈસ્કૂલમાં ભણતાં છોકરા-છોકરીઓને અંગ્રેજી, સંસ્કૃત, સાયન્સ અને મેથેમેટિક્સ જેવા વિષયોમાં શિક્ષકોની મદદની જરૂર હતી. એ જમાનામાં હાઈફાઈ કોચિંગ ક્લાસ ન હતા. આદર્શવાદી શિક્ષકો, ભણાવવાના પૈસા લેવાય નહીં તેમ માનતા. આવા શિક્ષકોની સેવા લેવાનું ગોઠવ્યું પરંતુ બેસવું ક્યાં? વિચાર કર્યો એટલે ઉકેલ મળી ગયો. અમારા વિસ્તારમાં ટી.બી.જૈન કન્યાશાળા હતી. રાત્રિ વર્ગો માટે ભાડા વગર વાપરવા આપવા માટે, તેના ટ્રસ્ટીઓએ મંજૂરી આપી. સેવાભાવી અને વિષય નિષ્ણાત શિક્ષકો તો ધ્યાનમાં હતા જ. જોતજોતામાં મફત રાત્રિ વર્ગો શરૂ થયા અને એ પણ પૈસા ખર્ચતા મળે નહીં એવા શિક્ષક પાસે! આ રાત્રિ વર્ગોના અઢીસો-ત્રણસો વિદ્યાર્થીઓ તેની સ્કૂલમાં અવ્વલ આવવા લાગ્યા, એટલે હરજીભાઈ જમાલભાઈ સ્કૂલ અને મસ્તરામજી હાઈસ્કૂલમાં નવા વર્ગો ખોલવાની વ્યવસ્થા કરવી પડી.

બધા મળીને સાતસો-આઠસો વિદ્યાર્થીઓ થઈ ગયા. આ તો વાનરસેના, એને નવરા બેસવા ન દેવાય. તેને સંસ્થાની રચનાત્મક પ્રવૃત્તિ તરફ વાળ્યા. એમાંથી ઘણાં જુદાજુદા ક્ષેત્રમાં આગળ આવ્યા તો કોઈએ સારું નેતૃત્વ પૂરું પાડયું. આમ જોઈએ તો સમસ્યાના ઉકેલમાં અમે કરી કરીને શું કર્યું ? પરંતુ એક વિચાર માત્રથી સાતસો-આઠસો વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજજવળ બની ગયું.

## ટાઇપ અને સીવણ-ભરત વર્ગ

આજે નોકરી માટે કમ્પ્યૂટરનું જ્ઞાન જરૂરી છે, તેમ એ સમયમાં અંગ્રેજી અને ગુજરાતી ટાઇપકામમાં કુશળતા જરૂરી ગણાતી. સ્કૂલોમાં ટાઇપ શીખવવાની વ્યવસ્થા ન હતી. એ માટે ઊંચી ફી ભરીને કોમર્શિયલ ટાઇપ ક્લાસમાં જવું પડતું. સંસ્થામાં ટોકન ફી રાખીને ટાઇપ ક્લાસ શરૂ કર્યો. રાત્રિ વર્ગોના વિદ્યાર્થીઓ ઉપરાંત, બીજા ઘણાંને નોકરી મેળવવા ટાઇપ ક્લાસ ઉપયોગી નીવડયો. ૩૦ વર્ષ સુધી મહાસુખ રાણા, કિશોર ઠક્કર અને ભાનુબહેન વગેરેએ આ વર્ગનું સફળ સંચાલન કર્યું હતું. તેમાં ૧૫૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓને તાલીમ આપી.

મહિલાઓને પગભર થવામાં અને ઘરગથ્થુ સિલાઈ કામ કરીને કરકસરથી ઘર ચલાવવામાં, સીવણ-ભરતની તાલીમ બહુ ઉપયોગી છે. મધ્યમ અને ગરીબ ઘરની બહેનો માટે શરૂઆતમાં ચાર મશીનનું દાન અને બે મશીન સરકાર તરફથી મેળવીને વર્ગ શરૂ કર્યો. ત્યાર પછી રતિલાલ વિઠ્ઠલદાસ ગોસળિયાએ વધુ મશીનો માટે દાન આપ્યું. આ વર્ગ પછી કપાસી બિલ્ડિંગમાંથી, ઘોઘાગેટ જમાદાર શેરીમાં ફેરવવામાં આવ્યો. જે છેલ્લાં ૬૦ વરસથી અવિરત ચાલે છે. ૩૦૦૦૦ જેટલી મહિલાઓ પગભર થઈને, સમાજમાં સ્વમાનભેર જીવન જીવવા લાગી.

કપાસી બિલ્ડિંગમાં આવ્યાને પાંચેક વરસ થયાં પછી પ્રવૃત્તિઓ વધવાથી ફરી જગ્યા નાની પડતી હતી. અમે દરબારગઢમાં માસિક રૂપિયા પંચોતેરના ભાડાથી ઑફિસ મેળવી નો ઉદ્ઘાટન મહારાજા કૃષ્ણકુમારસિંહજીના વરદ્હસ્તે રાખવામાં આવ્યું.

**જ્યારે કોઈ સમસ્યા ઊભી થાય ત્યારે માનવી ભગવાનના ભરોસે હાથ જોડીને બેસી રહે અથવા કોઈ વિરલા સમસ્યાના ઉકેલ માટે લાગી પડે. અમારી સંસ્થાઓનો વિકાસ, સમાજની સમસ્યાઓનો ઉકેલ લાવવાની સંવેદનાના અભિગમના કારણે થતો રહ્યો છે.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:51 PM

# દરબારગઢમાં ઑફિસનું સ્થળાંતર



કપાસી બિલ્ડિંગમાં આવ્યાને પાંચેક વરસ થયાં પછી પ્રવૃત્તિઓ વધવાથી ફરી જગ્યા નાની પડતી હતી. અને દરબારગઢમાં માસિક રૂપિયા પંચોતેરના ભાડાથી ઑફિસ મેળવી ને ઉદ્‌ઘાટન મહારાજા કૃષ્ણકુમારસિંહજીના વરદ્‌હસ્તે રાખવામાં આવ્યું.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:54 PM

# બુક બૅન્ક

વાર્ષિક પરીક્ષામાં વિદ્યાર્થી પાસ થઈ જાય પછી, નવા વરસના પુસ્તકોની ખરીદી કરવામાં મધ્યમ અને ગરીબ પરિવારોની ચિંતાજનક સમસ્યાના ઉકેલ માટે સંસ્થામાં બુક બૅન્કની યોજના શરૂ કરી. વિદ્યાર્થી જૂના પુસ્તકો આપે, તેની સામે તેને જોઈતાં નવા ધોરણના પુસ્તકો જે બીજા વિદ્યાર્થીઓ પાસેથી આવતાં તે એક્સ્ચેન્જ કરી આપતાં, તેમાં બહુ થોડાં પુસ્તકો ખરીદવાનું થતું. તે માટે કોઈ શિક્ષણ પ્રેમી દાતા મળી જતા. આ યોજના વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થઈ.

**૩૦૦૦૦ જેટલી મહિલાઓ પગભર થઇને સમાજમાં સ્વમાનભેર જીવન જીવવા લાગી.**

# એક અનોખું પુસ્તક બજાર

દરબારગઢમાં ઑફિસ ફેરવ્યા પછી તેના મેદાનમાં,એક અનોખું પુસ્તક બજાર ભરવાનું પણ શરૂ કર્યું. આ પુસ્તક બજારમાં વિદ્યાર્થીઓ પોતાના આપી દેવાના પુસ્તકો લઈને બેસતા અને પુસ્તકના બદલામાં પુસ્તકની અદલાબદલી કરી લેતા. તેમાં ઘણાં ખરાને કોઈ ખર્ચ કર્યા વગર જોઈતાં પુસ્તકો મળી જતાં. આ અનોખી પુસ્તક બજારના પ્રયોગનું સંચાલન પણ વિદ્યાર્થીઓ જ કરતા. આ વ્યવસ્થા ન હતી ત્યારે ભણી ગયેલાં વર્ષના પુસ્તકો, તેણે મફતના ભાવમાં આપી દેવા પડતા અને નવા વરસના સેકન્ડહૅન્ડ પુસ્તકો ઊંચી કિંમતથી ખરીદવા પડતાં. પુસ્તક બજારના વ્યવસ્થિત આયોજનથી વચેટિયાની બાદબાકી થઈ, તેનાથી વિદ્યાર્થી આલમને ફાયદો થયો.





**મહિલાઓને પગભર થવામાં અને ઘરગથ્થુ સિલાઇ કામ કરીને કરકસરથી ઘર ચલાવવામાં, સીવણ-ભરતની તાલીમ બહુ ઉપયોગી છે.**

**રતિલાલ વિઠ્ઠલદાસ ગોસળીયાએ વધુ મશીનો માટે દાન આપ્યું.**

**એક અનોખું પુસ્તક બજાર ભરવાનું પણ શરૂ કર્યું. આ પુસ્તક બજારમાં વિદ્યાર્થીઓ પુસ્તકના બદલામાં પુસ્તકની અદલાબદલી કરી લેતા.**

**પુસ્તક બજારના વ્યવસ્થિત આયોજનથી વચેટિયાની બાદબાકી થઇ તેનાથી વિદ્યાર્થી આલમને ફાયદો થયો.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:17:57 PM

# નયા સંસાર બસાયેંગે, નયા ઈન્સાન બનાયેંગે

## સાંસ્કૃતિક કાર્યક્રમ

સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત દરબારગઢ વૉર્ડના નાગરિકોનું સંગઠ્ઠન ઊભું કરવા માટે કનુભાઈ ઠક્કરે ૧૯૫૨ ના વર્ષમાં કરી. સંગઠ્ઠનનું નામ હતું કલ્યાણ કેન્દ્ર. તેમાં કનુભાઈ સાથે મારા પિતાજી, હર્ષદભાઈ શેઠના પિતા કાળુબાપા, બિંદીબેનના દાદા વસંતરાય શેઠ, તથા બચુભાઈ શેઠ, કાળુભાઈ ભૂવા, દૂર્ગાબહેન મજીઠિયા, મધુબહેન સંઘવી, ડૉ.જગ્ગડ વગેરે હતાં. કલ્યાણ કેન્દ્ર માટે ફંડ એકત્રિત કરવા પહેલોવહેલો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવાનું નક્કી થયું. રાધનપુરા જ્ઞાતિની વાડીમાં મહિનાઓ સુધી નાટક, નૃત્ય, અને ગીત-સંગીતની પ્રેક્ટિસ ચાલી. જેમાં બસોથી વધારે છોકરાછોકરીઓએ ભાગ લીધો હતો. સુધારાવાદી વિચારધારાથી રંગાયેલાં કનુભાઈએ વિધવા પુનર્લગ્નને પ્રોત્સાહન આપતું નાટક લખીને આપ્યું હતું. એ જમાનામાં માતાનું કે વિધવાનું પાત્ર ભજવવા કોઈ તૈયાર થયું નહીં ત્યારે મારા પિતાજીએ મારી નાની બહેન ભાનુને વૃદ્ધ માની ભૂમિકા ભજવવા તૈયાર કરી હતી. સમાજ સુધારક નાટક સાથે ગીતો પણ રાષ્ટ્રીય ભાવનાથી ભરેલાં હોવા જોઈએ એવો કનુભાઈનો આગ્રહ રહેતો. હિંમત ખાટસુરિયા તેમાં માહેર હતા. તેણે અમને આવા ઘણાં જોમ અને જુસ્સાભર્યાં ગીતો ગવરાવ્યા હતા. તેમાંના એક ગીતનો અંતરો મને આજે પણ યાદ છે.

**'દેશ હમારા, ધરતી અપની,**
**હમ ધરતી કે લાલ,**
**નયા સંસાર બસાયેંગે,**
**નયા ઈન્સાન બનાયેંગે'.**

## મફતભાઇ સૌથી નાના કલાકાર

નાટકની પ્રેક્ટિસ કરાવવા યાજ્ઞિક સાહેબ અને હિંમતભાઈ રૈયા આવતા. ગીતો ગાવાની પ્રેક્ટિસ અને વાજિંત્રો વગાડવા માટે મહંમદભાઈ દેખૈયા, નૂરમહંમદ દેખૈયા, કનુકુમાર સરવૈયા, શરદ ભટ્ટ, તનસુખ વોરા અને મફતભાઈ તથા અન્ય કલાકારોની ટીમ હતી. આ વાદ્ય સંગીતવૃંદમાં હાર્મોનિયમ ઉપર સૌથી નાના કલાકાર મફતભાઈની આંગળિયો હાર્મોનિયમ ઉપર ફરતી હોય કે એ સૂર ને લયમાં ગાતા હોય તે જોઈને સૌ આશ્ચર્ય અનુભવતાં.

## શો મસ્ટ ગો ઑન'

આ સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆતમાં કનુભાઈ ઠક્કરની પસંદગીનું વિધવા વિવાહને પ્રોત્સાહન આપતું નાટક 'અભાગિની' અમે ભજવ્યું. આ અભાગિનીમાં મુખ્ય પાત્ર ચંદ્રકાંત ઠક્કરનું હતું. ચંદ્રકાંત ઠક્કર સૈનિકના પાત્ર સાથે એટલા સમર્પિત થઈ ગયા હતા કે શો ના દિવસે જ તેના મોટાભાઈનું અવસાન થયું ત્યારે એ સ્મશાનેથી પહોંચશે નહીં અને પહોંચશે તો આઘાતમાં હોવાથી પાત્ર બરાબર ભજવી શકશે નહીં એમ લાગતાં-એ નાટક ભજવવાનું છેલ્લી ઘડીએ અમે બંધ રાખવાનું નક્કી કરતા હતા. તેની ખબર મળતા તેણે સ્મશાનમાંથી સંદેશો મોકલ્યો: 'નાટક કેન્સલ કરશો નહીં, હું ગમે તેમ કરીને આવી પહોંચીશ. શો મસ્ટ ગો ઑન.'

## રંગમાં ભંગ

મહિનાઓની પ્રૅક્ટિસ અને કાર્યકર્તાઓની સખત મહેનતને અંતે કાર્યક્રમ સ્ટેજ ઉપર ભજવવામાં આવ્યો. એ સમયે ભાવનગરમાં કોઈ ઓડિટોરિયમ ન હતું એટલે ખારગેટ ઉપર સમોસરણના વંડાની જગ્યા પસંદ કરી હતી. વૉર્ડમાં જ રહેતા વિષ્ણુ ઈલેક્ટ્રિક સ્ટોરવાળા વિષ્ણુકાકાએ, સ્ટેજ અને લાઈટિંગ વગેરે નહીં નફા નહીં નુકસાનના ધોરણે કરી આપવાની જવાબદારી ઉપાડી હતી. આ મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ જોવા માટે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા. ગ્રાઉન્ડ નાનું પડ્યું. લોકો છાપરા પર ચડી ગયા, છાપરું પતરાનું હતું, તે ચાલુ પ્રોગ્રામે તૂટી પડયું. રંગમાં ભંગ પડયો. લોકોને સમજાવટના અંતે મામલો થાળે પડયો હતો. ફરી નવોદિત કલાકારો અદ્ભુત કૌશલ્યની પ્રતીતિ કરાવવા લાગ્યા. તેમાં વળી સ્ટેજના એક છેડા ઉપરથી વિષ્ણુકાકા રંગ-બેરંગી



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:00 PM

લાઈટો અને પડદાનું અદ્ભુત મૅનેજમેન્ટ કરી પ્રેક્ષકોની પ્રશંસા મેળવી રહ્યા હતા.

## નાટકમાં નાટક

ઈન્ટરવલ પૂરો થતાં શ્રેષ્ઠી ભોગીભાઈ શેઠના પ્રમુખ સ્થાને દાતાઓનું બહુમાન અને પછી કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવનાર કાર્યકર્તાઓને ફૂલહારથી સન્માનિત કરવાનું શરૂ થયું. કનુભાઈ ઠક્કર, વસંતરાય શેઠ, કાળુબાપા, વગેરે એક પછી એક નામ બોલાતા ગયાં તેમ બધાં તાળીઓના ગડગડાટ વચ્ચે હાર પહેરીને પાછા ફર્યા. પણ વિષ્ણુકાકા તેનું નામ બોલાય એની રાહ જોતા રહ્યા. મહેનત તો ખરી એની પણ હતી પરંતુ તેનું નામ ન આવતા કાકાનો પિત્તો ગયો. તે બેઠા હતા ત્યાંથી રાડ પાડી, ‘માધિયા, ફ્યૂઝ કાઢ’ અને માલિકના હુકમના તાબેદાર માધિયાએ ઈલેક્ટ્રિક બોર્ડમાંથી ફટાફટ ફ્યૂઝ કાઢી નાખ્યો! ઘડીકમાં ચારે તરફ અંધકાર છવાઈ ગયો. ઓડિયન્સમાં નાસ-ભાગ, દેકારા-પડકારા તેમજ મહિલાઓ અને બાળકોની ચિચિયારીઓથી ધમાલ મચી ગઈ. સદ્ભાગ્યે ઈમરજન્સીમાં કામ લાગે તે માટે સ્ટેજ પાછળ થોડી પેટ્રોમેક્ષ જગવીને રાખી હતી તે કામ આવી. કનુભાઈ વગેરે વિષ્ણુકાકા પાસે હાથ જોડી કરગરવા લાગ્યા, ‘કાકા, ભૂલ થઈ ગઈ. તમને એકના બદલે બે હાર પહેરાવીશું પણ લાઈટ કરો.’ પણ કાકા કહે, ‘તમે બધા નગુણા છો, સ્વાર્થી છો. સ્ટેજ તૈયાર કરવા પાછળ મેં લોહીપાણી એક કર્યા અને તમે બે રૂપરડીનો એક હાર મને ન પહેરાવ્યો?’ આ રકઝક લાંબી ચાલી એટલે આગળના કાર્યક્રમ ઉપર પ્રશ્નાર્થ મુકાઈ ગયો. પ્રેક્ષકો વિખરાવા લાગ્યા. છેવટે કાળુબાપા વિષ્ણુને પગે પડયા અને ટોપી માથેથી ઉતારી વિષ્ણુના ચરણે ધરી, ‘એ વિષ્ણુ, અમારી ભૂલ થઈ ગઈ. આબરૂનો સવાલ છે. મે’રબાની કરી લાઈટ કર.’ કાકા નરમ પડયા અને માધિયાને ઈશારો કર્યો. ફ્યૂઝ ભરાવ્યો ને લાઈટ થઈ.

વિષ્ણુકાકાના નામનું ઍનાઉન્સમેન્ટ થયું, સ્ટેજ ઉપર આવ્યા અને હાર પહેરી, વટ પાડીને નાટકમાં નાટક ભજવી ગયા.



ડાબી બાજુથી ભાસ્કર વકીલ, હાર્મોનિયમ ઉપર મફતભાઈ, ભટ્ટભાઈ, શરદ ભટ્ટ (ઢોલકી) મહંમદભાઈ દેખૈયા અને ફૈઝૂલા

## નવજવાન સંઘની સ્થાપનાનું નિમિત્ત

અંતે કાર્યક્રમ સફળતા સાથે સંપન્ન થયો. લોકોએ બહુ વખાણ્યો. કલાકારોનો ઉત્સાહ વધ્યો. ખર્ચ કાઢતા સાતઆઠ હજાર રૂપિયાની બચત થઈ. પરંતુ ત્યાર પછી કલ્યાણ કેન્દ્રની પ્રવૃત્તિ શરૂ કરવામાં બુઝુર્ગ શ્રેષ્ઠીઓએ ઉત્સાહ ન દાખવ્યો. કલ્યાણ

**એ જમાનામાં માતાનું કે વિધવાનું પાત્ર ભજવવા કોઈ તૈયાર થતું નહીં ત્યારે મારા પિતાજીએ મારી નાની બહેન ભાનુને વૃદ્ધ માની ભૂમિકા ભજવવા તૈયાર કરી હતી.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:04 PM

કેન્દ્રનું બાળમરણ થયું. પરંતુ અમારા દિલોદિમાગમાં દશભક્તિના બીજ રોપાઈ ચૂકયા હતાં, જે નવજવાન સઘની સ્થાપનાનું નિમિત્ત બની રહ્યા. અમે યુવાનો, મહિલાઓ અને કિશોરો માટે એમ ત્રણ વિભાગ ખોલ્યા. જેમાં હંમેશાં ૩૫૦ થી વધુ સભ્ય સંખ્યા રહેતી. ગીત-સંગીત, નૃત્ય અને નાટક સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાંની એક મહત્ત્વની પ્રવૃત્તિથી બાળકો અને યુવા પેઢીની અભિનયક્ષમતા ખીલી ઊઠતી. પ્રતિવર્ષ યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઊગતા કલાકારોનો મોટો કાફલો જોડાતો પરિણામે સંસ્થાને નવાનવા ઉત્સાહી કાર્યકર્તાઓ મળતા. વધુમાં તેના વાલીઓ અને શુભેચ્છકો સંસ્થામાં રસ લેતા થતા અને સંગઠ્ઠન મજબૂત થતું જતું.

નવજવાન સંઘની સ્થાપના પછી અમે દર વર્ષે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવાનું ચાલુ રાખ્યું હતું. અમારો હેતુ બાળકોને માત્ર પુસ્તકિયું જ્ઞાન આપવાને બદલે સ્ટેજ ફીયર દૂર કરી તેનામાં રહેલી અભિનયશક્તિને બહાર લાવવાનો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમ તે માટે ઉત્તમસાધન હતું. ઘણાં ખરાં નાટક, ગીત-સંગીત અને નૃત્યના કાર્યક્રમો ગાંધીસ્મૃતિ, એ.વી. સ્કૂલ, ટાઉન હોલ અને મોતીબાગના ઓપન એર થિએટર અથવા એચ.પી. મહેતા રંગભવનના સ્ટેજ ઉપર ભજવ્યાં હતાં. કાર્યક્રમ માટે જોઈતાં કોસ્ચ્યુમ, બેકગ્રાઉન્ડના પડદા, બેનર વગેરેના ખર્ચને પહોંચી વળવા કોઈ દાતા મળી જતા તો કયારેક સોવિનયરમાં જાહેરાત છાપીને આવક ઊભી કરતાં તો કયારેક થોડો ચાર્જ રાખીને એન્ટ્રી પાસ વેચતા તેમાંથી સંસ્થાને થોડી આવક પણ થતી.

**ગીત-સંગીત, નૃત્ય અને નાટક સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિઓમાંની એક મહત્ત્વની પ્રવૃત્તિથી બાળકો અને યુવા પેઢીની અભિનય ક્ષમતા ખીલી ઊઠતી.**



## હળવાફૂલ નાટકોનો ક્રેઝ

પછીના વર્ષોમાં હસાહસથી ભરપૂર હળવા નાટકોનો ટ્રેન્ડ સંસ્થામાં શરૂ થયો. દામુ સાંગાણીનું નાટક 'શું હતા ને શું થઈ ગયા ?', માં વીરેન્દ્ર શાહ(વીડી) સાથે મહાસુખ રાણા, મફતભાઈ, ભાસ્કર વકીલ, સુધા-ઉષા બનજારા. સિસ્ટર્સ વગેરેએ અભિનયના ઓજસ પાથર્યા એ જ રીતે બાબુભાઈ વ્યાસના'આત્માના આંસુ' માં ચંદ્રકાંત ઠક્કર, શંકર મામા, સુધા ઓઝા વગેરે ચમકયાં હતાં. લેખિકા રંભાબહેન ગાંધી વગેરેના હસાહસથી ભરપૂર નાટકો 'સંપેતરા', 'દેવું કરીને ઘી પીવો', 'બકરું કાઢતાં ઊંટ પેઠું', બાળ નાટિકા 'અંડેરી ગંડેરી ટ્રીપરુ ટ્રેન', તેમજ મારું લખેલું 'વાંધા સામે જ વાંધો છે', વગેરે નાટકો ઉત્તરોત્તર ભજવાતાં રહ્યાં. આ હાસ્યમય નાટકોના પાત્રોમાં હીરાભાઈ ખંભાતી, ફૈઝૂલા ઘીયાવડવાળા, પદ્માબહેન, મનીબહેન, બાળ કલાકારમાં ભારતી રાવળ અને રેશ્મા શાહ વગેરે ઘણાં લોકપ્રિય થયાં. આ હળવા નાટકોનો અમારો પ્રયોગ ઘણો સફળ રહ્યો અને લોકોને તેનું બંધાણ થઈ ગયું. કયારે નવું નાટક આવે છે તેની લોકો રાહ જોતાં. વર્ષો સુધી સંઘ અને બીજી સંસ્થાઓમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિને ધબકતી રાખવાનું શ્રેય મફતભાઈ



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:08 PM

અને મહાસુખ રાણાને જાય છે. કેટલાય કલાકારો આવ્યા પરંતુ આ જુગલજોડી ઠેઠ સુધી બની રહી.

## સંઘની શિસ્ત

દ.વો. નવજવાન સંઘમાં હંમેશાં દિવસરાત પ્રવૃત્તિઓનો ધમધમાટ રહેતો. આવા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રેક્ટિસ, રિહર્સલ વગેરે રાત્રે જમ્યા પછી શરૂ થતી તે મોડી રાત સુધી ચાલતી. તેમાં સેંકડો યુવક-યુવતિઓ ભાગ લેતા અને મોડી રાત્રે ઘરે જતાં તેમ છતાં દીકરીઓના માબાપને જરા પણ ચિંતા ન રહેતી તેનું કારણ સંઘની કડક શિસ્ત હતી. સંઘના કાર્યાલયમાં, પ્રેક્ટિસના સ્થળે કે કોઈ પણ જગ્યાએ બે યુવક-યુવતિને સાથે બેસવાની કે રસ્તે ઉભા રહી એકાંતમાં વાતો કરવી ગેરશિસ્ત ગણાતી. જે વાત કરવી હોય તે સમૂહમાં બેસીને કરો, વડીલોની હાજરીમાં કરો એવી દરેકને સૂચના હતી અને તેમછતાં જરા પણ શંકા જણાય તો તેને રૂખસદ આપી દેવાતી. આવી કડક શિસ્તને કારણે શિસ્તબદ્ધ, નિષ્ઠાવાન, સમર્પિત યુવા પેઢી તૈયાર કરી શક્યા જેમાંના ઘણાં આજે પણ સંસ્થાઓમાં સક્રિય છે. કેટલાંક દેશવિદેશમાં જ્યાં પણ ગયા છે ત્યાં કોઈ ને કોઈ સમાજ સેવા કરી રહ્યા છે.

## હોલીડે-હોમ અને પ્રવાસ

બાળકોમાં રાષ્ટ્રીય ભાવના, શિસ્ત અને સંસ્કાર સાથે સમૂહજીવનની ભાવનાનો વિકાસ થાય એ ઉમદા હેતુથી વેકેશનમાં માઉન્ટ આબુ, ચોરવાડ અને સોમનાથના દરિયા કિનારે હોલી-ડે-હોમની ફ્રી શિબિરનું આયોજન કરતા. આ માટે સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડનો આર્થિક સહયોગ મળતો. પંદર દિવસની આ શિબિરમાં અત્યંત ગરીબ અને મધ્યમવર્ગના પચાસ કિશોર-કિશોરીઓની પસંદગી કરવામાં આવતી. શિબિરમાં સ્વાવલંબન, સાહસ, વક્તૃત્વ સ્પર્ધા, અભિનય, નૃત્ય, ગીત, સંગીત, ચિત્રકલા અને રમતગમત વગેરે વિષયો સાથે કૌશલ્ય વિકાસ અને નેતૃત્વની તાલીમને ઉજાગર કરવામાં આવતી. આવા સાત હોલી-ડે-કેમ્પમાંથી સંઘના ૩૫૦ જેટલા ભાવી કાર્યકર્તાઓની એક કેડર તૈયાર થઈ. જેમાં ડૉ.કિશોર પારેખ, પ્રો. ધ્રુવ, મનસુખ સોરઠિયા, જેન્તી સોલંકી, કિશોર ઠક્કર, અશ્વિન શાહ, ભૂપેન્દ્ર શાહ, ચંદ્રિકા બનજારા, સુધા ઓઝા, ભાનુમતિ શાહ, પદ્મા શાહ, મોહન સોલંકી, મહાસુખ રાણા, શેરઅલી આબેદી, વીરેન્દ્ર શાહ, મનસુખ ઉદાણી જેવા કેટલાય સંનિષ્ઠ અને નિષ્ઠાવાન કાર્યકર્તાઓ મળ્યા.

સમગ્ર પરિવાર ઘરમાંથી બહાર નીકળી નિસર્ગનાં સૌંદર્યનો આનંદ માણી શકે તે માટે સંઘ તરફથી ટોકન દરે તળાજા, મહુવા, પાલિતાણા, જૂનાગઢ, સોમનાથ વગેરેનાં પ્રવાસ-પર્યટનું આયોજન કરતાં. તેમાં બસોત્રણસો બાળકો, યુવાનો, આબાલ-વૃદ્ધો સહકુટુંબ હોંશભેર જોડાતા. આ પ્રવાસમાં એકબીજાનો પરિચય થતો, સંઘની પ્રવૃત્તિમાં જોડાવા પ્રેરણા મળતી અને સંગઠન મજબૂત બનતું.



**બાળકોમાં રાષ્ટ્રીય ભાવના, શિસ્ત અને સંસ્કાર સાથે સમૂહજીવનની ભાવનાનો વિકાસ થાય એ ઉમદા હેતુથી વેકેશનમાં હોલીડે-હોમની ફ્રી શિબિરનું આયોજન કરતા. આ શિબિરમાં અત્યંત ગરીબ અને મધ્યમવર્ગના પચાસ કિશોર-કિશોરીઓની પસંદગી કરવામાં આવતી.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:11 PM

## સ્ટ્રીટ-ફિલ્મશો

આરોગ્ય અને શિક્ષણ માટે વાર્તાલાપ કરતાં ફિલ્મ વધુ અસરકારક નીવડે છે. ૧૯૬૫ના સમયમાં ટેલિવિઝન આવ્યાં ન હતી. સામાન્ય લોકોને ફિલ્મ જોવાનું સદ્ભાગ્ય ક્યારેક જ મળતું અને મહિલાઓ તેમજ બાળકો માટે થિયેટરમાં ફિલ્મ જોવી એ દિવાસ્વપ્ન સમાન હતું, એટલે સ્ટ્રીટ ફિલ્મશો નો પ્રોજેક્ટ બનાવ્યો. સંઘના કાર્યકર મહંમદ જાફર વકીલ (એમડી)ને મુંબઈ મોકલ્યા. ત્યાંથી ૧૬mm ફિલ્મ પ્રોજેક્ટર અને મુંબઈની બ્રિટિશ અને અમેરિકન લાઇબ્રેરીમાંથી હેલ્થ એજ્યુકેશન વગેરે વિષયની ફિલ્મ મેળવવાનો પ્રબંધ કર્યો.

બહેનો ઘરકામથી પરવારે પછી રાત્રિના સમયે જુદાંજુદાં લત્તામાં ફિલ્મશો શરૂ કર્યા. આ રંગીન ફિલ્મોએ આબાલવદ્ધ અને યુવાનોમાં ભારે આકર્ષણ જમાવ્યું હતું. લોકજાગૃતિ માટે ફિલ્મ-શોની વચ્ચે માઇકમાં સંબોધન કરવાની તક મળી જતી. જાગૃતિ માટે આ ઉપાય બહુ કારગત નીવડ્યો હતો. તદુપરાંત આખું કુટુંબ સાથે બેસીને સિનેફિલ્મ જોવાનો આનંદ માણી શકે તે માટે દરબારગઢના ડેલાનાં મેદાનમાં નિયમિત રીતે ફિલ્મશો પણ ગોઠવવામાં આવતા.

## લોક જાગૃતિ અને સંગઠન

વર્ષોની માગણી છતાં સરકાર ભાવનગરને યુનિવર્સિટી આપતી ન હતી. આ અન્યાય સામે શહેરના દરેક પક્ષ,



પ્રવાસ





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:16 PM

સંસ્થાઓ, વેપારી મંડળોએ એક થઈને લડત શરૂ કરી હતી. ગામમાં સભા, સરઘસ અને હડતાલનો દોર શરૂ થયો. તેને કચડી નાખવા સરકારે બળ પ્રયોગ કર્યો, તેમાંથી તોફાનો થયા. પ્રતાપ શાહ, સુબોધ મહેતા, નિરૂબહેન પટેલ, કનુભાઈ ઠક્કર વગેરે લડતનું નેતૃત્વ કરી રહ્યાં હતાં. આખરે 'જેલ ભરો' આંદોલન શરૂ થયું. શહેરમાં કર્ફ્યૂનો ભંગ કરીને અમે સરઘસ કાઢ્યું. સરઘસમાં જોડાયેલાઓમાંથી હર્ષદ શેઠ, મહાસુખ રાણા, કાળુભાઈ સલોત, સાબાનઅલી દેસાઈ અને મહીપત શાહે ધરપકડ વ્હોરી લીધી. આ સત્યાગ્રહીઓ ઉપર એસ.આર.પી. પોલીસે અમાનુષી ત્રાસ ગુજાર્યો. છેવટે સરકારે નમતું જોખ્યું અને ભાવનગરને યુનિવર્સિટી આપવાની જાહેરાત કરી.

## ઘડતર અને ચણતર

નવજવાન સંઘમાં રાષ્ટ્રીય ભાવનાથી રંગાયેલા, કાર્યકર્તાઓનું ઘડતર અને ચણતર થયું. આ કાર્યકર્તાઓ જ શહેરની એક એકથી ચડિયાતી સંસ્થાઓ બહેરાં મૂગાં શાળા, અંકુર, પી.એન.આર. સોસાયટીના નિર્માણમાં નિમિત્ત બન્યા.


## કોમી એખલાસ

૧૯૬૯ના વર્ષમાં અમદાવાદ, વડોદરા, ગોધરા, કલોલ, જૂનાગઢ, રાજકોટ વગેરેમાં કોમી તોફાનો ફાટી નીકળ્યાં હતાં. ત્યારે અમે અમારા વૉર્ડમાં ભ્રાતૃભાવ અને વિશ્વાસનું વાતાવરણ જળવાઈ રહે તે માટે જુદાંજુદાં ધર્મના લોકોને એકત્રિત કરી સુલેહ અને શાંતિ જાળવી રાખવામાં સફળતા મેળવી હતી

## સંસ્થાનું મુખપત્ર

સંઘના સભ્યો, દાતાઓ અને શુભેચ્છકોનો સંપર્ક જાળવી રાખવા 'ધૂપસળી' માસિકપત્રિકા શરૂ કરી. સંગઠનને મજબૂત બનાવવામાં અને દાનનો પ્રવાહ વહેવડાવવામાં 'ધૂપસળી' બહુ ઉપયોગી નીવડ્યું.








BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:21 PM

# સામાજિક સમસ્યા નિવારણ

## પીડિતોના હમદર્દ -કનુભાઇ ઠક્કર



નવજવાન સંઘની શરૂઆતમાં કનુભાઈ ઠક્કર ઘણો રસ લેતા. આમ તો તે રામમનોહર લોહિયાના પ્રખર અનુયાયી હતા. ઘોઘાગેટ ઉપરની સમાજવાદી પક્ષની ઓફિસ અને લોખંડ બજારમાં તેમના સ્ટુડિયો ઉપર એ સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓ ચલાવતા. તેમણે સાંપ્રત સમાજની સમસ્યાઓના નિવારણ માટે અમારા પાસે એક કેન્દ્ર શરૂ કરાવ્યું. તેઓ સ્ત્રીદાક્ષિણ્યના સદાય હિમાયતી હતા. કારણ કે ર.વ. દેસાઈ, વિ. સ. ખાંડેકર, શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય, ગોવર્ધનરામ ત્રિપાઠી વગેરે લેખકોની સ્ત્રી પ્રાધાન્ય નવલકથાઓના વાંચનની તેમના માનસ ઉપર ઊંડી અસર હતી.

> **● નવજવાન સંઘની શરૂઆતમાં કનુભાઇ ઠક્કર ઘણો રસ લેતા.**
>
> **● કેન્દ્રમાં ગૃહકંકાશ, ત્યકતાઓ, વિધવાઓની સતામણી, બળાત્કાર કે નાદાનિયતનો ભોગ બનેલી કુંવારી માતાઓ, તેમજ માથાભારે ગુંડા તત્ત્વોના ત્રાસ જેવી જાતજાતની ફરિયાદો આવતી. ફરિયાદો સાંભળવા માટે કનુભાઇ ઠક્કરનો દરબાર ભરાતો.**

કેન્દ્રમાં ગૃહકંકાશ, સાસુ-વહુના ઝગડા, ત્યકતાઓ, વિધવાઓની સતામણી, બળાત્કાર કે નાદાનિયતનો ભોગ બનેલી કુંવારી માતાઓ, તેમજ માથાભારે ગુંડાતત્ત્વોના ત્રાસ જેવી જાતજાતની ફરિયાદો આવતી. ગંભીર અને ગૂંચવણભરી ફરિયાદો સાંભળવા માટે સંઘના કાર્યાલયમાં રાત્રીના સમયે કનુભાઈ ઠક્કરનો દરબાર ભરાતો. તેઓ હંમેશા અસહાય મહિલાઓ, સમાજના કચડાયેલા, પિસાયેલા આમઆદમી તથા ગરીબ-દલિતો અને મુસ્લિમ લઘુમતીની તરફેણ કરતા. તેમના માટે ભલભલા ચમરબંધી સામે બાંયો ચડાવતા, લડતા, ઝગડતા, સરઘસો કાઢતા અને સભાઓ ગજવતા. એમનું ગુજરાતી, હિન્દી અને ઉર્દૂ ભાષા ઉપર ગજબનું પ્રભુત્વ હતું. એમની તેજાબી જબાનથી એ ખુલ્લેઆમ ભલભલાની ખબર લઈ લેતા. મારા પિતા આ પ્રવૃત્તિમાં કનુભાઈના સાથી રહ્યા હતા. જ્યારે મારા અને હર્ષદભાઈ શેઠને ભાગે ફરિયાદો એકઠી કરી તપાસ કરવાની, ફરિયાદીઓ અને સાહેદોને કનુભાઈ સમક્ષ હાજર કરવા જેવી કામગીરી રહેતી.

ક્રિમિનલ ગુનેગારોને શોધી કાઢવામાં કનુભાઈની ક્યારેક પોલીસ પણ મદદ લેતી. એમની છઠ્ઠી ઇન્દ્રિય બહુ સતેજ હતી. જરા સરખી કડી મળે એટલે સારાસારા ડિટેકિટવ ન કરી શકે એવા ષડ્યંત્રને એ અંજામ સુધી પહોંચાડી દેતા.

એક દિવસ અમારા વૉર્ડના માળી ટેકરા ઉપર રહેતી એક મેમણ પરિવારની ઓરત, રડતીરડતી ઑફિસમાં આવી ચડી. આ બાઈનો શોહર તેના મામાઓ સાથે અમારા વૉર્ડમાં શેલારશાહપીરની દરગાહ સામે પરચૂરણ કરિયાણાની દુકાન ચલાવતો. એક રાત્રે તેનો શોહર દુકાન બંધ કરીને ઘરે ગયો. રોજની ટેવ મુજબ તે જમીને, આંબાચોકની મસ્જિદ પાસે સોડા પીવા અને પાન ખાવા ગયો એ ગયો. દિવસો થયા છતાં તેનો કોઈ પત્તો નહીં. જાણે જમીન ગળી ગઈ. ગામ, પરગામ, નદી-નાળા, તળાવ બધે તપાસ કરી કરીને ઓરત થાકી, પણ કોઈ સગડ મળતા ન હતા. પોલીસવાળા ફરિયાદ લેવાને બદલે કહે કે ક્યાંક ચાલ્યો ગયો હશે, થાકશે એટલે જ્યાં હશે ત્યાંથી આવી જશે. કનુભાઈને આ વાતની ગંભીરતા સમજાણી. તેની દરમ્યાનગીરી પછી પોલીસે તપાસ આદરી. છાપાઓમાં સમાચાર છપાયા તથા પત્રિકાઓ વહેંચાણી. અમે કનુભાઈની જાહેર સભાનું આયોજન કરીને તંત્ર ઉપર દબાણ



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:25 PM

ઊભું કર્યું. લોકોમાં આ રહસ્યમય ઘટના અંગે જાતજાતની ચર્ચા થવા લાગી, રહસ્ય ઘૂંટાતું જતું હતું.

એક રાત્રે અમે કનુભાઈ સાથે સંઘના કાર્યાલયમાં બેઠા હતા ત્યારે હર્ષદભાઈ શેઠ એક લારીવાળાને લઈને આવ્યા. એ ફેરિયો આ મેમણની દુકાન પાછળની ગલીમાં રહેતો હતો. કેટલાક દિવસ પહેલા એ બધાં મિત્રો, રાત્રે જમીને મોડે સુધી આ મેમણની દુકાનના પાટિયાં ઉપર બેસીને ગપ્પાં મારતા હતા, ત્યારે દુકાનની અંદરથી કોઈની ચીસ સંભળાઈ હતી, જોયું તો દુકાનનું શટર બંધ હતું એટલે ક્યાંક બીજેથી અવાજ આવ્યો હશે એમ માની લીધેલું. પરંતુ લોકોમાં થતી વાતો અને કનુભાઈની સભામાં સાંભળ્યાં પછી વાત કરવા એ માણસ આવ્યો હતો. કનુભાઈના મગજમાં ઝબકારો થયો. મોડી રાત્રે ડિસ્ટ્રિક્ટ પોલીસ સુપરિન્ટેન્ડેન્ટના ઘરે પહોંચીને જગાડયા. પોલીસ કાફલો, ફાયર બ્રિગેડના માણસો સાથે, ગૂમ થયેલા મેમણના મામાઓને લઈને દુકાનનું શટર ખોલાવ્યું. જમીન પર મુકેલો માલસામાન અને તેની નીચેની તાડપત્રી હટાવતાં, સિમેન્ટના નવા કરેલા વાટા ચાડી ખાવા લાગ્યા. ધડાધડ ખોદકામ શરૂ કરાવ્યું તો અંદરથી મેમણ બાઈના શોહરની મીઠામાં ધરબાયેલી કોહવાઈ ગયેલી લાશ મળી આવી. ચારે તરફ ઊભા ન રહી શકાય તેવી દુર્ગંધ ફેલાઈ ગઈ. મામાઓની પોલીસે ધરપકડ કરી.

**એક મેમણ પરિવારની ઓરત, રડતી રડતી ઑફિસમાં આવી ચડી. તેનો શોહર મસ્જિદ પાસે સોડા-પાન ખાવા ગયો એ ગયો. દિવસો થયા છતાં તેનો કોઇ પત્તો નહીં. જાણે જમીન ગળી ગઇ.**

સંયુક્ત પરિવારની દુકાન, માલમિલકતમાંથી ભાણિયાનો કાંટો કાઢી નાખવા મામાઓએ મળીને આ ષડ્યંત્ર રચ્યું હતું. પાનવાળાની દુકાનેથી એક મામા, 'વહેવારિક વાતો કરવી છે માટે મોટા મામા બોલાવે છે.' એમકહી ભાણિયાને દુકાને લઈ ગયો. ભાણિયાને મામાઓ પાસે અંદર બેસાડી, 'ગુમાસ્તા ધારાવાળા હેરાન ન કરે માટે હું શટર બંધ કરી બહાર બેસું છું' એમકહી ચાલ્યો ગયો. પછી બંને મામાએ આડીઅવળી વાતો કરીને અચાનક લાઇટ બંધ કરી. ભાણિયાને પકડી, ગળું દબાવી ગૂંગળાવીને મારી નાખ્યો, એ વાત પોલીસે કઢાવી. ચીસ સાંભળનાર એક મુખ્ય સાક્ષી, હર્ષદભાઈ અને હીરો મીઠાવાળો, જેની પાસેથી મીઠું લઈને મોટા મામાએ દુકાનની પાછળના ભાગે ઉતરાવ્યું હતું, તેની જુબાનીના અંતે એક મુખ્ય આરોપી મામાને જન્મટીપ અને બીજા બેને વધતી-ઓછી સજા થઈ. આમ, રહસ્યમય ઘટના ઉપરથી પડદો ઊંચકાયો. બચાવપક્ષે મુંબઈના સુપ્રસિદ્ધ ધારાશાસ્ત્રી ઘાસવાલાને ઊંચી ફી આપીને રાખ્યા હતા. (૧૯૫૫-૫૬)



**શ્રીમતી દેસાઈનું સમાજમાં સ્ત્રીઓની સમસ્યાઓ ઉપર વકતવ્ય, મારી બાજુમાં કનુભાઇ ઠક્કર**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:28 PM

# સાંપ્રત સમાજની વધુ એક ઘટના

હું, નરૂકાકા, મહેન્દ્ર, બળવંત અને ભારત ચશ્માવાળો પ્રવીણ વગેરે, વાંચવા માટે રાત્રે કનુભાઈ ઠક્કરના રાજકમલ સ્ટુડિયોની મેડી ઉપર જતા અને પછી ત્યાં જ સૂઈ જતા. લોખંડ બજારના સ્ટુડિયોની એક ચાવી મારી પાસે રહેતી. સ્ટુડિયો ઉપર આવન જાવન કરતાં તેમાંથી જ મને જાહેર જીવનની પ્રવૃત્તિમાં રસ પડવા લાગ્યો હતો.

## ખૂન-ખૂનનો શોરબકોર

એક સવારે કનુભાઈએ મને સ્ટુડિયો ઉપર બોલાવ્યો, 'ગઈ કાલે રાત્રે સ્ટુડિયોની નોવેલ્ટિ ટૉકીઝના છેલ્લાં શોમાં, કોઈનું ખૂન થઈ ગયું તેની તને કાંઈ ખબર છે? નોવેલ્ટિ ટોકીઝમાં 'તાતાર કા ચોર' ફિલ્મના ત્રીજા શોનો ઈન્ટરવલ પડયો અને લાઈટ થાય તે પહેલાં, અંધારાનો લાભ લઈને થર્ડ કલાસમાં કોઈએ, એક છોકરાને પીઠમાં છરી ભોંકી દીધી. લાઈટ થઈ ત્યાં છોકરો ચીસ પાડીને લોહીલુહાણ હાલતમાં મૃત્યુ પામ્યો. ખૂનખૂનનાં શોરબકોર સાથે હાહાકાર મચી ગયો અને લોકોની નાસભાગ થઈ પડી. ઈમરજન્સી પોલીસવાન આવી ને થિયેટરને કોર્ડન કરી લીધું, તે પહેલાં ઘણાં પ્રેક્ષકો બીકના માર્યા કે બબાલમાં ન પડવામાં ડહાપણ સમજી ભાગી ગયા હતા. પંદર વરસનાં કોળી છોકરાનું નામ રઘુ હતું. ચાલુ પિકચરે પાછળની પાટલીવાળાએ, અંધારામાં રઘુને પગથી બે ત્રણ વખત લાત મારી, 'માથું નીચું રાખ મને દેખાતું નથી' એમ કહ્યું હતું. તેમાં થોડી ગાળાગાળી પણ થઈ હતી, તેમ રઘુ સાથેના એક ભાઈબંધે પોલીસને કહ્યું. પરંતુ અંધારામાં કોઈનું મોઢું જોવાયું નહોતું. પોલીસે પાછલી બેઠકવાળા જે થોડા પ્રેક્ષકો રહ્યા હતા તેની પૂછપરછ કરી. સી ડિવિઝનના પી.એસ.આઈ. પટેલે સ્ટેજ ઉપર ચડીને પ્રેક્ષકોને અપીલ કરી કોઈનો ડર રાખ્યા વગર જે જાણતાં હોય તે માહિતી આપવા લોકોને સમજાવ્યા. રાત્રે એક વાગે રેલવે સ્ટેશન, બસ સ્ટેન્ડ વગેરે જગ્યાઓએ પોલીસ ચેકિંગ ગોઠવવામાં આવ્યું. પરંતુ ખૂનીની કોઈ કડી ન મળી.' તે રાત્રે અમે બે વાગ્યા સુધી વાંચતા હતા, તેમ છતાં આ વાતની જરા સરખી ગંધ આવી ન હતી.

આખરે કોઈ માહિતી મળી નહીં, ત્યારે પોલીસે ખૂનીની માહિતી આપનાર માટે રૂપિયા ૫૦૦નું ઈનામ જાહેર કર્યું. જેનું ખૂન થયું એ છોકરાનો ગરીબ બાપ, અમારા વૉર્ડમાં રાંધનપુરી બજારમાં હેરઑઇલની નાનકડી હાટડી ચલાવતો હતો. એકના એક

**'તાતાર કા ચોર ફિલ્મના ત્રીજા શોનો ઈન્ટરવલ પડયો અને લાઈટ થાય તે પહેલાં, અંધારાનો લાભ લઈને થર્ડ કલાસમાં કોઈએ, એક છોકરાને પીઠમાં છરી ભોંકી દીધી.**



આશાસ્પદ યુવાન પુત્રને ગુમાવવાથી તે પાગલ જેવો થઈ ગયો. કેટલાક દિવસ પસાર થઈ ગયા. જિલ્લા કલેકટર અને પોલીસ ઉપર રાજકીય દબાણ પણ વધી રહ્યું હતું. પોલીસે હિસ્ટ્રીસિટરોને પકડીપકડીને ખબર લઈ નાખી. એવામાં કોઈએ પોલીસને માહિતી આપી કે વોરાજીનો કોઈ છોકરો પાછલી પાટલી ઉપર હતો એટલે ગામની વોરાવાડના ઘરેઘર પોલીસ ખૂંદી વળી. વ્હોરાઓ વેપારી કોમ, મરતાને પણ મર ન કહે. 'અમારા છોકરાઓને પોલીસ મારીમારીને અધમૂવા કરી નાંખશે.' એવા ડરથી વ્હોરા કોમના આગેવાનો કનુભાઈ પાસે આવ્યા હતા. તેને આશ્વાસન આપીને કનુભાઈએ રવાના કર્યા.

વ્હોરા કોમના આગેવાનો ગયા પછી, મારા મનમાં બેત્રણ દિવસથી ઘોળાતી હર્ષદભાઈ શેઠની દુકાનના નોકર મનુની વાત, ફરીને સ્મૃતિ ઉપર તાજી થઈ આવી.

ખૂન થયા પછીની સવારે રાબેતા મુજબ હું હર્ષદભાઈ શેઠને મળવા દુકાને ગયો, ત્યારે તે દુકાન ખોલતા હતા. મેં તેને પૂછયું, 'કેમ આટલું મોડું?' તો કહે, 'મનુ રોજ દુકાન ખોલે



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:32 PM

છે. આજે કીધા વગર આવ્યો નહીં, એટલે એના ઘરેથી દુકાનની ચાવી લઈને હું હમણાં આવ્યો. આમ તો એ અગાઉથી કહીને ચાવી આપીને જાય પણ કોણ જાણે રાત્રે કાંઈક અરજન્ટ કામ આવી ગયું, તે બહારગામ ગયો છે.' મનમાં ઘોળાતી આ વાત ફરીફરીને યાદ આવતાં, કનુભાઈની જેમ મારા મનમાં પણ શંકાનો કીડો સળવળવા લાગ્યો. જે રાત્રે ખૂન થયું એ રાત્રે જ હર્ષદભાઈનો નોકર મનુ, શેઠની રજા લીધા વગર, એકાએક રાત્રે બહારગામ કેમ ગયો? કદાચ મનુનો તો ખૂન પાછળ હાથ નહીં હોય ને? વિચારમાત્રથી હૃદય એક ધબકારો ચૂકી ગયું. કનુભાઈને મેં આ વાત કરી તો સાંભળીને એ ચોંકી ઊઠ્યા, 'અરે, આટલા દિ' થી બોલતો કેમ નથી ? તારી વાતમાં વજૂદ છે. હર્ષદને પૂછ, ઈ મનુડો કયાં છે?' અને ખરેખર પૂછયું તો ખબર પડી કે 'મનુ અમદાવાદથી હજુ આવ્યો નથી.' આટલો ઘટસ્ફોટ થતાં જ, કનુભાઈનું ગુનાશોધક દિમાગ સતેજ થઈ ગયું.

કનુભાઈ, મને અને હર્ષદભાઈને લઈને પી.એસ.આઈ. પટેલની ઑફિસમાં પહોંચ્યા. તેમણે અમારી વાત સાંભળી. પછી હર્ષદભાઈને સાથે લઈને પોલીસ, મનુના ઘરેથી તેના બાપાને ચોકીમાં લાવી. 'મનુ તેના ભાઈબંધ કનુ પટેલ સાથે ચાર દિવસ પહેલાં ફિલ્મ જોવા ગયો હતો, ફિલ્મ જોઈને આવ્યો અને બે જોડી કપડાં થેલીમાં નાંખીને 'કનુને અમદાવાદ કામ છે માટે તેની સાથે જાઉં છું.' એમ કહીને ગયો છે, તેમ તેના બાપાએ વાત કરી. અને ઉમેર્યું 'મારો મનુ કોઈ ખોટું કામ ન કરે.' આ માહિતી મળતાં પોલીસ કનુ પટેલના કણબીવાડના ઘરે પહોંચી ગઈ. અમદાવાદમાં બંનેના સગાના ઘરના સરનામા મેળવી લીધાં. અમદાવાદ પોલીસને ફોન કરીને ઘડીના છઠ્ઠાભાગમાં કનુ અને મનુને દબોચી લીધા. પોલીસ બીજા દિવસે બંનેને ભાવનગર લઈ આવી. ત્યારે આ બંનેએ જે રીતે ખૂનને અંજામ આપ્યો અને પોલીસને થાપ આપી ભાગી ગયા, તે વાત સાંભળીને સૌ દંગ રહી ગયાં.



## મુખ્ય સૂત્રધાર

ફિલ્મ જોવા બેઠેલા છોકરાનું માથું આડું નડતું હતું એટલે કનુએ તેને ટપાર્યો. માન્યો નહીં એટલે પાછળથી લાત મારી તો આગળ બેઠેલા રઘુએ માબહેન સમાણી ગાળ દીધી. યુવાનીના ઉંમરે પગ મૂકવા થનગનતા કનુનું લોહી ગરમ થઈ ગયું. ઈન્ટરવલ પડયો ને લાઈટ થાય એ પહેલાં ખિસ્સામાંથી છરી કાઢીને, રઘુને હુલાવી દીધી અને મનુ સાથે ગૂપચૂપ થિયેટરમાંથી બહાર નીકળી ગયો. પછી કનુએ  વાત કરી, 'પેલાને ચાકુ મેં હુલાવી દીધું છે, ચાલ ભાગીએ અહીંથી.' મિત્ર કનુને બચાવવા મનુએ, ભાવનગરથી રાત્રે ઉપડતી ટ્રેનમાં અમદાવાદ ભાગી જવાનો પ્લાન કર્યો. સ્ટેશન ઉપર પોલીસની નજરે ન ચડી જવાય તે અગમચેતી વાપરી, બંને રીક્ષામાં ભાવનગરપરા સ્ટેશને પહોંચ્યા ને, ત્યાંથી ટ્રેનમાં બેસી ગયા હતા. મનુના બાપાની વાત સાચી ઠરી કે તેનો દીકરો કાંઈ ખોટું કામ ન કરે. પરંતુ ખૂનીને મદદ કરી, પોલીસને ઉલઝનમાં નાખવાના ગુના માટે તેને સજા તો થશે, એ ખ્યાલ આવતાં અમે પી.એસ.આઈ. પટેલને વિનંતી કરી મનુને તાજનો સાક્ષી બનાવ્યો અને ફર્સ્ટ ઈન્ફરમન્ટમાં મને મૂકયો. અદાલતમાં કનુનો કેસ ચાલ્યો અને સજા થતા તે બાળ સુધારગૃહમાં ગયો.

મૃતક રઘુના ગરીબ બાપને આર્થિક સહાય કરવા કનુભાઈએ પત્રિકાઓ છપાવી. સભાઓ કરી લોકોને મદદ કરવા અપીલ કરી. અમે દુકાને દુકાને ડબ્બા લઈને ફર્યા. થોડું ફંડ એકઠું થયું. દરમ્યાન પોલીસ તરફથી ફર્સ્ટ ઈન્ફરમેન્ટનું જાહેર થયેલું ઈનામ રૂપિયા પાંચસો અને પ્રશસ્તિપાત્ર મને પી.એસ.આઈ. પટેલના હસ્તે આપવામાં

**બંનેએ જે રીતે ખૂનને અંજામ આપ્યો અને પોલીસને થાપ આપી ભાગી ગયા, તે વાત સાંભળીને સૌ દંગ રહી ગયા.**

**મનુ, શેઠની રજા લીધા વગર, એકાએક રાત્રે બહારગામ કેમ ગયો? કદાચ મનુનો તો ખૂન પાછળ હાથ નહીં હોય ને?**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:35 PM

આવ્યું. મારા ઈનામની રકમ મેં ફંડમાં ઉમેરી, મૃતકના પિતાને અર્પણ કરી. તેણે સજળ નયને થેલી સ્વીકારી ને અમે કૃતજ્ઞતા અનુભવી.

દસેક વરસ સાથે કામ કર્યા પછી કનુભાઈ ઠક્કર અમારી સંસ્થા છોડી ગયા. મારા પિતા પણ તેની સાથે ગયા. સંઘેડિયા બજારમાં બે માળનું એક મકાન ભાડેથી તેમણે વડવા નવજવાન સંઘ અને પીડિત મહિલાઓ માટે 'બાપનું ઘર' નામની નવી સંસ્થા ચાલુ કરી. તેની પાસેથી અમને દેશનું રાજકારણ, ગરીબી, સાંપ્રત સમાજની સમસ્યાઓ અંગે ઘણું જાણવાનું અને શીખવાનું મળ્યું. પંખીને પાંખ આવે અને છોડી દે તેમ અમને સંઘનો સ્વતંત્ર હવાલો સોંપીને વડવા વૉર્ડનું નવું ક્ષેત્ર ખેડવાનો એમણે નિશ્ચય કર્યો. હવે હું, હર્ષદભાઈ અને અંતુભાઈ રાવળ સંઘના મુખ્ય સૂત્રધાર રહ્યા. શરૂ શરૂમાં ત્રણેએ સાથે સંચાલન કર્યું પછી ધીમેધીમે નેતૃત્વની જવાબદારી મારા ઉપર વધતી ગઈ.

**પંખીને પાંખ આવે અને છોડી દે તેમ અમને સંઘનો સ્વતંત્ર હવાલો સોંપીને વડવા વૉર્ડનું નવું ક્ષેત્ર ખેડવાનો એમણે નિશ્ચય કર્યો.**

## કનુભાઈ ઠક્કરની જાહેર સભા





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:38 PM

# શેતાનના સકંજામાં ગભરુ બાળા

એક દિવસ અમારા દરબારગઢ વૉર્ડમાં રહેતા અને કાપડની નાનકડી દુકાન ચલાવતાં ગોવિંદભાઈ, મારા ઘરે મળવા આવ્યા, 'મારે તમારું જરૂરી અંગત કામ છે.' એમના ચહેરા ઉપર સ્પષ્ટ ભયની રેખાઓ દેખાતી હતી. મેં નજદીક બેસાર્યા, પાણી આપ્યું અને ઘરનો મુખ્ય દરવાજો બંધ કરી નિઃસંકોચ વાત કરવા કહ્યું. એમણે વાત તો શરૂ કરી, પરંતુ વાત પૂરી કરતાં સુધીમાં વારંવાર રડી પડયા.

ગોવિંદભાઈને એક દીકરી માનસી અને તેનાથી નાના બે દીકરા હતાં. દીકરી માધ્યમિક શાળામાં ભણતી હતી. તેની એક કલાસમેટ શ્રદ્ધા સાથે તેને ગાઢ મૈત્રી થતાં બંને એકબીજાના ઘરે આવતાં જતાં અને રજામાં શ્રદ્ધાના ઘરે સાથે લેસન કરતાં થઈ ગયા. શ્રદ્ધાનું ઘર, ભરતનગરના સ્લમ કિલયરન્સ બોર્ડની સોસાયટી પાસે હતું. શ્રદ્ધાના બાપાને સોડાલેમનની લારી અને મા ગામના ઘરકામ કરતી. એક ભાઈ હતો પિન્ટુ, તે શ્રદ્ધાથી ત્રણચાર વરસ મોટો હતો. ખાસ કાંઈ ભણ્યો ન હતો અને કાંઈ કામ ધંધો પણ કરતો ન હતો.

ગોવિંદભાઈ સવારમાં વહેલાં દુકાને પહોંચી જતાં. ટિફિન પણ દુકાને આવી જતું. દીકરી-દીકરા શું ભણે છે? કેવું ભણે છે? કોની સાથે કયાં આવે જાય એ જાણવાની ફુરસદ ગોવિંદભાઈને ન હતી. ઘરની બધી જવાબદારી પત્ની રાધાબહેનને માથે હતી. રાધાબહેન માંડ ચાર ચોપડી ભણ્યાં હતાં અને ગતાગમ ઓછી. દીકરી માનસીની બહેનપણી શ્રદ્ધા, માનસી કરતાં ઉંમરમાં થોડી મોટી અને સમજદાર હતી. માનસીની તે ખાસ ફ્રેન્ડ અને તેને સારી રીતે સાચવતી એટલે રાધાબહેન શ્રદ્ધા ઉપર બહુ વિશ્વાસ કરતાં.



## સૌંદર્ય જ કેટલીક વખત સ્ત્રીઓનું વેરી બની જતું હોય છે

માનસી બહુ દેખાવડી, રૂપાળી અને નમણી નાગરવેલ જેવી હતી. કેટલીક વખત કુદરતે છૂટે હાથે આપેલું સૌંદર્ય જ સ્ત્રીઓનું વેરી બની જતું હોય છે. આપણે ત્યાં રસ્તે ચાલી જતી જુવાન છોકરીઓ પાછળ રખડું છોકરોઓ અભદ્ર ટિપ્પણી કરતા જોવા મળે છે, એટલું જ નહી સંસ્કારી અને શિક્ષિત કહેવાતાં મોટેરાઓ પણ ચોરી છૂપીથી, ત્રાંસી નજરે સ્ત્રીઓનાં સૌંદર્યનું રસપાન કરી લેવાનું ચૂકતા નથી હોતા. સમાજની એ માનસિકતાથી ગોવિંદભાઈ અજાણ ન હતા એટલે દીકરી માનસી માટે મુંબઈથી એક સારા ઘરનું માંગું આવતાં ગોવિંદભાઈએ તેનું વેવિશાળ કરી નાખ્યું અને તેનો અભ્યાસ અધૂરો છોડાવી લગ્નની તૈયારી શરૂ કરી હતી.

**'માનસીને હું ચાહું છું, અમારે ઘણાં વરસની દોસ્તી છે. તમારે એના લગ્ન મારી સાથે કરવાં પડશે. કાંઇ ગડબડ કરશો તો જોવા જેવી થશે.**

## ષડયંત્રની સૂત્રધાર બેનપણી શ્રદ્ધા

ગોવિંદભાઈના વેવાઈ બહુ સુખી સંપન્ન હતા. લગ્ન કરવા મુંબઈ આવવું પડશે, એ વેવાઈની પહેલી શરત હતી અને ગોવિંદભાઈને એટલું જ જોઈતુ હતું, એટલે વેવાઈનો આદેશ તરત માથે ચડાવી લીધો. માનસીની શાળા છોડાવી વેવિશાળ કર્યુ, પછી તેની બેનપણી શ્રદ્ધાના પેલા રખડું છેલબટાઉ ભાઈનો એક દિવસે ગોવિંદભાઈ



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:42 PM

ઉપર રાત્રે ફોન આવ્યો, 'માનસીને હું ચાહું છું, અમારે ઘણાં વરસની દોસ્તી છે. તમારે એના લગ્ન મારી સાથે કરવાં પડશે. કાંઈ ગડબડ કરશો તો જોવા જેવી થશે.' ગોવિંદભાઈને માથે જાણે આભ તૂટી પડયું. પત્નીને વાત કરી. દીકરી માનસીને જગાડી, મનાવી, ફોસલાવી, ધમકાવી, છેવટે હિંમત આપી ત્યારે ચોધાર આંસુએ રડતી એ ગભરુ બાળાએ, તેની બહેનપણી શ્રદ્ધાનો ભાઈ પિન્ટુ, છેલ્લાં બેત્રણ વરસથી તેનું ભયંકર શારીરિક શોષણ કરતો હતો, એ વાત ભગ્ન હૃદયે કરી.

આ ષડ્યંત્રની સૂત્રધાર બીજું કોઈ નહીં, તેની બહેનપણી શ્રદ્ધા જ હતી જેના ઉપર રાધાબહેને આંધળો વિશ્વાસ મૂકયો હતો. શ્રદ્ધાએ જ પોતાની દીકરીને ફસાવી છે એ જાણ્યા પછી રાધાબહેન સાવ ભાંગી પડયાં. ધ્રુસકે ચડેલી માનસીને શાંત કરીને માતાપિતાએ, પુત્રીના હૃદયમાં પિન્ટુ માટે પ્રેમ પ્રાંગર્યો તો નથી ને? તેની ખાતરી કરી લીધી. આ એક તરફી ધરાર પ્રેમ હોવા છતાં, વાત ઘણી આગળ વધી ગઈ હતી. પિન્ટુ તરફથી માનસીને બ્લેકમેલ કરવાની વારંવાર ધમકી મળતી હતી. જાતીય શોષણના કેસમાં ભાઈના સપોર્ટમાં બહેન હોય અને પોતાની જ બેનપણીને ફસાવી હોય તેવો આ પહેલો કિસ્સો મારા જોવામાં આવ્યો હતો. ભાઈ

**માનસી બહુ જ ડરી ગઇ હતી, પિન્ટુનો ફોન આવે એટલે એ ડરની મારી થરથર ધ્રુજવા લાગતી**

બહેને મળીને એવી વ્યવસ્થિત જાળ બિછાવી હતી કે એમાંથી બહાર નીકળવાનું મુશ્કેલ બની ગયું હતું.

રાધાબહેનનો વિશ્વાસ કેળવીને શ્રદ્ધાએ, માનસીને તેના ઘરે પહેલાં તો આવતી જતી કરી. તેનાં જૂના જર્જરિત ઘરના ગ્રાઉન્ડ ફલોરમાં રસોડું, બેઠક રૂમ અને મેડી ઉપર ભણવાની અને સૂવાની જગ્યા હતી. શ્રદ્ધા અને માનસી મેડી ઉપર બેઠાં હોય ત્યારે, પિન્ટુ કાંઈકને કાંઇ બહાનું કાઢીને ઉપર આવી જતો. ધીમે ધીમે શ્રદ્ધા કાંઈક બહાનું કાઢીને નીચે ચાલી જતી. પિન્ટુ મીઠી મીઠી વાતો કરી માનસીની નજદીક આવતો અને તેને પટાવતો જતો. કયારેક વળી એક ડબ્બા જેવાં કેમેરાથી ફોટા પણ પાડતો તો કયારેક ફિલ્મ જોવા બહેન સાથે માનસીને લઈ જતો. ત્યાં સુધી માનસીને કાંઈ અજુગતું લાગ્યું નહી. વાત ધીમેધીમે છેડછાડ અને છેવટે ઈચ્છા-અનિચ્છાએ, સમજ વગર શારીરિક સંબંધ બાંધવા સુધી પહોંચી ગઈ, ત્યારે માનસીએ પ્રતિકાર કરવાનું શરૂ કર્યુ. પરંતુ હવે ઘણું મોડું થઈ ચૂકયું હતું. ફોટા બતાવી પિન્ટુ બધું ખુલ્લું પાડી દેવાની ધમકી આપતો ત્યારે માનસી લાચાર બની શ્રદ્ધા સામે જોતી. 'હું ભાઈને વઢીશ.' શ્રદ્ધા એમ ખોટું આશ્વાસન આપી તેને મનાવી લેતી. એ પછી તો શારીરિક સંબંધનો આ સિલસિલો ચાલુ રહ્યો. હવે માનસી બહુ જ ડરી ગઈ હતી, શું કરવું તે તેને સૂઝતું ન હતું. પિન્ટુનો ફોન આવે કે શ્રદ્ધા સાથે સંદેશો આવે એટલે એ ડરની મારી થરથર ધ્રૂજવા લાગતી અને પિન્ટુને ઘરે હાજર થઈ જતી. આમ ને આમ બે વખત એ પ્રેગનન્ટ થઈ તો ભાઈબહેને મળીને સિફતપૂર્વક તેનું એબૉર્શન કરાવી નાખ્યું. છતાં કમાલની વાત એ હતી કે ગોવિંદભાઈના ઘરમાં જરા સરખી ખબર પણ ન પડી. બાળકો પ્રત્યે ઘોર બેદરકારીનું પરિણામ દંપતી ભોગવી રહ્યું હતું.

લગ્નની તારીખ નજદીક આવતી ગઈ તેમ ગોવિંદભાઈની ઉપર, પિન્ટુની ધમકીના વધુ ને વધુ ફોન આવવા લાગ્યા. ફોનની ઘંટડી વાગે અને ગોવિંદભાઈના હૃદયના ધબકારા વધી જાય. છેવટે આ નરાધમથી છેડો ફાડવા ગોવિંદભાઈ અને રાધાબહેન પિન્ટુને ઘરે જઈને તેને મળ્યાં. ઘણી કાકલૂદી કરી અને કોઈ પણ હિસાબે પુત્રીનો પીછો છોડી દેવા સમજાવ્યો, પરંતુ તે એકનો બે ન થયો. ઊલટાની ધમકી આપી, માનસી સાથે મારા લગ્ન નહી ગોઠવી આપો તો, હું તમારી દુકાને આવીને જાહેરમાં તમાશો કરીશ. તમે મુંબઈમાં લગ્ન કેમ કરીને કરો છો તે હું જોઉં છું. માંડવા વચાળે આવીને ભાંડો ફોડી ન નાખું તો મારુ નામ પિન્ટુ નહી. આ ફોટા જોયા છે ને ? તમે હજી આ પિન્ટુને ઓળખતા નથી. એવા ફિલ્મી સ્ટાઇલનો ડાયલૉગ મારીને ગોવિંદભાઈને ગભરાવી દીધા, એટલે એ મારા ઘરે આવ્યા હતા.

કોકડું ગૂંચવાયેલું હતું. વળી તે સમયે

**ગોવિંદભાઈની વાત સાંભળ્યા પછી, પિન્ટુ જેવા શેતાન સાથે સમજાવટથી કામ થઇ શકે એવા સંજોગો મને લાગતા ન હતા.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:46 PM

કનુભાઈ ઠક્કરની હયાતી ન હતી. જરા સરખી ભૂલ થાય તો બાજી બગડી જાય. તે સમયે ભરતનગર લુખ્ખા તત્ત્વો, ગુંડાઓ, છોકરીઓના અપહરણ અને અત્યાચારો માટે જાણીતું ખરું, પરંતુ પિન્ટુનું નામ તો હું પહેલી વખત સાંભળતો હતો. ઘણાં ગુંડાઓની ગેંગ હોય છે તેનો આ કોઈ ટપોરિયો હોવો જોઈએ અને તેના ગોડ ફાધરના જોરે એ કૂદકા મારતો હશે, તેવું મારું અનુમાન તપાસ કરતાં સાચું નીકળ્યું.

## લોઢાથી લોઢું કપાય

ગોવિંદભાઈની વાત સાંભળ્યા પછી, પિન્ટુ જેવા શેતાન સાથે સમજાવટથી કામ થઈ શકે એવા સંજોગો મને લાગતા ન હતા. વળી, હુકમના પાના જેવા ફોટા અને માનસીના એબોર્શનના કાગળો પિન્ટુના હાથમાં હતા અને ઓછામાં પૂરું 'ડોન' હોવાનો ફાંકો. પોલીસમાં ફરિયાદ કરવા જતાં, છાપે ચડી જવાય અને પહેલાં તો પોલીસવાળા છોકરીને અને તેના મા-બાપને જ ધમકાવે! વળી, ખરેખર પિન્ટુનો કોઈ ગોડ ફાધર હોય તો, એ એના આ ટપોરિયાનો વાળ પણ વાંકો થવા ન દે, એ દહેશત હતી, એટલે 'લોઢાથી લોઢું કપાય' એવો ઉપાય અજમાવવાનું મેં મનોમન નક્કી કર્યું. પિન્ટુની શાન ઠેકાણે લાવી શકે એવો એક જ વોલિન્ટિયર, અજિત પરમાર પી.એન.આર.ની ટીમમાં હતો. ભાવનગરનાં છેવાડે આડોડિયાવાસમાં તે રહેતો. આડોડિયા વસાહતમાં સ્ત્રીઓ પણ ઘરમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવે. પુરુષો અને નાનામોટા છોકરાઓ, દારૂની કોથળીના પાઉચ ખૂણેખૂણે પહોંચાડે. દારૂ ઉપરાંત દંગા-ફિસાદ, તોફાન, મારામારી માટે જાણીતી આ કોમને સુધારવા માટે, ભાવનગરના ગાંધીવાદી લોકસેવક માનભાઈ ભટ્ટ અને એક્સેલના કાંતિસેન શ્રોફ જેવા કેટલાય સામાજિક કાર્યકરોએ ઝુંબેશ ચલાવી પરંતુ વર્ષો પછી પણ તેમાં ખાસ સુધારો થયો ન હતો. આમ તો આ છારા-આડોડિયા, બહાદુર અને લડાયક, વિચરતી કોમ છે. કહેવાય છે કે, મહારાણા પ્રતાપ સાથે પ્રતિજ્ઞા ખાતર, ચિત્તોડગઢ છોડી વર્ષોથી એ કોમ અહીંતહીં ભટકતી રહીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરી રહી છે. હાથમાં ભાલા, તલવાર અને ઢાલ જ પકડ્યાં હોય તેને, સમાજની મુખ્ય ધારામાં લાવવા માટે સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણમાં આપણે ટૂંકા પડ્યા છીએ, તેનું આ પરિણામ છે. બાકી જન્મે કોઈ ખરાબ નથી હોતું. સંજોગો માણસને ખરાબ બનાવે છે.



અજીત પરમાર

અમારો અજીત પરમાર આ આડોડિયા પંચાયતનો મુખી હતો. ભાવનગરના રેલવે વર્કશોપમાં તેની નોકરી. રેલવે સ્કાઉટનો એ કેડેટ. અમે ૧૯૮૫માં દેશભરમાં પોલિયો ઑપરેશન કેમ્પ શરૂ કર્યા તેમાં વોલિન્ટિયરની બહુ જરૂર પડતી. ભાવનગર રેલવે દરેક કેમ્પમાં અમને તેના કસાયેલાં સ્કાઉટની ટીમ આપતી. તેમાં અજીત પરમાર તો હોય જ. બેઠી દડીનો, મજબૂત બાંધો. તે હંમેશાં મને બોસ કહીને બોલાવતો. મારો પડયો બોલ ઝીલી લેતો. માણસમાંથી શેતાન બની બેઠેલાં પિન્ટુની શાન ઠેકાણે લાવવા, મેં અજિતને યાદ કર્યો.

માનસીના લગ્નને હજી દસેક દિવસનો સમય હતો. ગોવિંદભાઈના ઘરે માનસીની સલામતી જોખમમાં લાગતી હતી. એટલે કાંઈ કરતાં પહેલાં માનસીને મેં ગૂપચૂપ મારા ઘરે રહેવા બોલાવી લીધી. પછી જેમ સિંહને તેની બોડમાંથી પકડવામાં આવે તેમ, પિન્ટુ ડોનને તેના અડ્ડામાંથી આડોડિયાવાસમાં અજિતના માણસો પકડીને લાવ્યા અને એવી મહેમાનગતિ કરી કે ફરીથી કોઈની મા, બહેન કે દીકરી સામે આંખ ઊંચી કરીને જોવાની હિંમત ન કરે! પિન્ટુ પાસે બ્લૅકમેઇલ કરવા માટે ફોટા અને કાગળો હતાં તે અજિતે મેળવીને બાળી નાખ્યા. ગોવિંદભાઈએ રાહતનો દમ લીધો. પરંતુ

**છારા-આડોડિયા, બહાદુર અને લડાયક વિચરતી કોમ છે. કહેવાય છે કે, મહારાણા પ્રતાપ સાથે પ્રતિજ્ઞા ખાતર, ચિત્તોડગઢ છોડી વર્ષોથી એ કોમ અહીં તહીં ભટકતી રહીને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા સંઘર્ષ કરી રહી છે.**




BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:49 PM

**તેના મનમાં** ડર હતો કે ન કરે નારાયણ અને **મુંબઈ આવીને** લગ્ન વખતે પિન્ટુ તેનું પોત **પ્રકાશે** તો ? ગોવિંદભાઈનો ડર મને સાચો લાગ્યો. અજિતે તેની પણ જવાબદારી લીધી. અજિતે કહ્યું, 'ગોવિંદભાઈનો પરિવાર લગ્ન કરવા ભાવનગરથી મુંબઈ જવા ઉપડે, તે દિવસથી લઈને માનસીનો હસ્તમેળાપ થઈ જાય ત્યાં સુધી, પિન્ટુ ઓડોડિયાવાસમાં મારી નજરકેદમાં રહેશે.'

હવે ગોવિંદભાઈ નિશ્ચિંત થઈ ગયા. મુંબઈમાં માનસીના લગ્ન ધામધૂમથી સંપન્ન થયા. સમયને જતાં વાર લાગતી નથી અને હવે તો માનસીનાં બાળકો પણ ભણીગણીને મોટા થઈ ગયાં છે. આજે માનસી પરિવાર સાથે સુખી  દાંપત્યજીવન માણી રહી છે. ભાવનગર આવે ત્યારે કયારેક મને પગે લાગવા આવે છે, તેનાં જેવી ખુશી આપણા માટે બીજી શું હોઈ શકે?

(આ સત્ય ઘટનામાં અજિત સિવાયના પાત્રોનાં નામ બદલાવેલ છે. મુખ્ય હીરો અજિત આજે હયાત નથી.)





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:52 PM

# કાળુ ભીલ, લુખ્ખાઓનો સરદાર

દરબારગઢમાં નવજવાન સંઘની ઑફિસની બહાર નીકળતાં આંબાચોકની બજાર શરૂ થતી. સ્ટેટ બૅંકની સામેનો ખાંચો એટલે મોટા ફળિયાંમાં મારા ઘરે જવાનો રસ્તો. આ રસ્તામાં બંને બાજુ ઊંચા ઓટલાવાળાં પથ્થરના મકાનોમાં કાછિયાઓની ફૂટની વખારો કમ દુકાનો અને પછી રહેણાકના મકાનો હતાં. આ કાછિયાઓની વખારમાંથી ફેરિયાઓ ફૂટની લારીઓ ભરે અને આંબાચોકના મેઈન રોડ ઉપર, દુકાનોની આડે બંને બાજુ રસ્તો દબાવીને, ફૂટ વેચવા ઊભા રહી જતા. દુકાન લઈને બેઠેલા વેપારીઓના ધંધા ઉપર તેની માઠી અસર પડતી. પરંતુ પોલીસની રહેમ નજર નીચે લારીવાળાઓને હટાવી શકાતા ન હોતા. ક્યારેક આ લારીવાળાઓ વાતવાતમાં ઝગડો પણ કરી બેસતા, ત્યારે મોટી બબાલ થતી. આ ફેરિયામાં ઘણા સારા અને સમજુ હતા તો કોઈ બેશર્મ લુખ્ખા પણ હતા. એ લુખ્ખાઓ ધંધાની આડમાં, દારૂ, જુગાર અને લાગ પડે સ્ત્રીઓની છેડછાડ પણ કરી લેતા. તેમ છતાં ડરના માર્યા લોકો ચૂપ રહેતા. આ લુખ્ખાઓનો સરદાર કાળુ ભીલ હતો. બેઠી દડીનો અલમસ્ત બાંધો, હબસી જેવો કાળો વાન, અંધારામાં બેઠો હોય તો માત્ર તેની ચમકતી આંખો અને દાંત જ દેખાય એવો બિહામણો. એ ચૂનીભાઈ કાછિયાની ફૂટની વખારમાં કામ કરતો. અને ઓટલા ઉપર જ સૂઈ રહેતો. તેનો ઉપદ્રવ સૌથી વધુ હતો.

## મોકો જોઇને આડો પડયો

રહેણાકી મકાનોમાં સૌથી પહેલું મકાન અંબાલાલ રાજવૈદના દવાખાનાનું આવતું. મકાનમાં નીચે તેમની ઘોડાગાડી અને ઘોડાનો તબેલો હતો. આ બુઝુર્ગ નાગર રાજવૈદ, સફેદ લૉંગ કોટ, ધોતી, સફેદ રજવાડી પાઘડી, આંખો ઉપર રોલ-ગોલ્ડ ફ્રેમના ચશ્માં અને તેમની વિદ્વતા અને વૈભવની નિશાની સમી હાથમાં લાકડી લઈને નીકળે, ત્યારે બે ઘડી લોકો જોઈ રહેતા. આ દવાખાના પછી વૈદરાજનું ડેલીબંધ, ચોકવાળું મોટું મકાન હતું. તેમાં તેમનો બહોળો પરિવાર, પુત્રો પુત્રવધૂઓ વગેરે સાથે રહેતો હતો. ત્યાર પછી વણિકોના ઘર હતાં. સામાન્ય રીતે કાછિયાઓની વખારો બપોરના સમયે બંધ રહેતી.

એક ઉનાળાની બપોરે આ સૂમસામ ગલીમાંથી વૈદરાજના મોટા પુત્રની યુવા પત્ની સ્નેહલતાબહેન, ઘરે જઈ રહ્યાં હતાં. ઘણું કરીને બહેન દીકરીઓ બપોરના સમયે આ રસ્તે એકલા નીકળતી નહીં. મોકો જોઈને વખારના ઓટલા ઉપર અર્ધી ચડ્ડી અને ગંજી પહેરીને સૂતેલો કાળુ ભીલ કૂદકો મારીને સ્નેહલતાબહેનની સામે આડો પડયો. થરથર ધ્રૂજતી, મદદ માટે આમતેમ જોતી, નિઃસહાય સ્નેહલતાબહેનનો હાથ ખેંચીને છેડછાડ કરવા લાગ્યો. એ જ સમયે હું ઘરેથી, નવજવાન સંઘની ઑફિસે જવા નીકળ્યો હતો. મેં ઝડપથી દોડી જઈને કામાન્ધ બનેલા કાળુ ભીલને પાછળ બોચીએથી પકડયો ને બેચાર અડાડી દીધી. આમ, અચાનક પકડાઈ જવાથી કાળુ ઢીલો પડી, ગભરાયેલો લાગતો હતો. સ્નેહલતાબહેને બાજપક્ષીના પંજામાંથી શિકાર છૂટે, એમ હાથ છોડાવીને ચીસ પાડી અને ઘર તરફ દોટ મૂકી. બપોરે બે ઘડી આડા પડેલાં લોકો જાગી ગયા. પછી તો તમાશાને તેડું ન હોય ને હાથમાં જે આવ્યું તે લાકડી, દંડા લઈને લોકો ઉમટી પડ્યા. એ જોઈને મારા હાથમાંથી કાંઠલો છોડાવવા તેણે જોર કર્યું, છટકયો, તો પાછળ દીવાલે આવેલાં ડબ્બા સંડાસની ઉપર જઈ પડયો. લોકોમાં હસાહસ થઈ પડી. આ બેઇજ્જતી અને ફજેતી થતાં તે વધુ ગભરાયો. ઘણાં સમયથી લોકોને દાઝ તો

**મોકો જોઇને વખારના ઓટલા ઉપર અર્ધી ચડ્ડી અને ગંજી પહેરીને સૂતેલો કાળુ ભીલ કૂદકો મારીને સ્નેહલતાબહેનની સામે આડો પડયો.**

**એ લુખ્ખાઓ ધંધાની આડમાં, દારૂ, જુગાર અને લાગ પડે સ્ત્રીઓની છેડછાડ પણ કરી લેતા. તેમ છતાં ડરના માર્યા લોકો ચૂપ રહેતા.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:56 PM

**મામલો શાંત પડ્યા પછી મને મારી જાત માટે વિસ્મય થયું. કાળુ ભીલ જેવા નામાંકિત ગુંડા સામે બાથ ભીડવાની હિંમત મારામાં કેમ કરીને આવી?**

હતી તે બરોબર મેથીપાક ચખાડીને, માફી મંગાવીને છોડ્યો.

આ મામલો શાંત પડ્યા પછી મને મારી જાત માટે વિસ્મય થયું. કાળુ ભીલ જેવા નામાંકિત ગુંડા સામે બાથ ભીડવાની હિંમત મારામાં કેમ કરીને આવી? કનુભાઈ ઠક્કરની સાથે રહીને હું અન્યાયનો પ્રતિકાર કરવાનું તો શીખ્યો હતો, પરંતુ કાયદો ટૂંકો પડે ત્યારે, જેવા સાથે તેવા થવાનો આ પહેલો પ્રસંગ હતો. લોકો મારી બહાદુરી માટે વાહવાહ બોલાવતા હતા, એ સાંભળીને હું અંદરથી ફુલાતો હતો. તેમ છતાં કાળુ ભીલ જેવા બાહુબલી, ગુંડાઓના સરદાર સાથે વેર બાંધવાનું આ દુઃસાહસ, મને ક્યારેક ભારે પડી શકે છે. મારા મનમાં ઘોળાતા આ વિચારો મારો કેડો છોડતા ન હતા.

**ગુંડાઓના સરદાર સાથે વેર બાંધવાનું આ દુઃસાહસ, મને ક્યારેક ભારે પડી શકે છે.**

## નક્કી આ પાછળથી ઘા કરશે

બનાવની રાત્રે ઘરેથી જમીને હું નવજવાન સંઘની ઑફિસે જવા નીકળ્યો. કાછિયાની વખારોમાં નીરવ શાંતિ હતી. મ્યુનિસિપાલિટીના થાંભલા ઉપર, નાના ટમટમિયા જેવી લાઇટ ઝબૂકતી હતી. વખારના ઓટા ઉપર જાણે મારી જ રાહ જોઈને કાળુ ભીલ બેઠો હતો. હજુ આજનો બનાવ તાજો હતો ત્યારે રાત્રે અંધારામાં એકલા નીકળવા માટે મને ઘડીભર પસ્તાવો થયો. ડરીને હવે પાછા જવાય તેમ તો હતું નહીં. મન મક્કમ કરીને મેં એક વેધક દૃષ્ટિથી તેની સામું જોયું અને તેની પાસેથી હું પસાર થઈ ગયો. એ તરત જ ઓટલા ઉપરથી નીચે ઊતર્યો, અને મારી પાછળ આવવા લાગ્યો. તેના પગરવાનો અવાજ મને સંભળાતો હતો અને થાંભલાની લાઇટમાં તેનો પડછાયો મારી આગળ પડતો હતો, તેના ઉપરથી તે કેટલો દૂર છે તેનો અંદાજ મને આવતો હતો. નક્કી એ પાછળથી ઘા કરશે એવી મને શંકા થઈ. મારા હૃદયના ધબકારા વધી ગયા, છતાં પાછું વળીને જોવાની કે ડરીને તેની સાથે સમાધાન કરવાની વાત કરવા મારું મન ના કહેતું હતું. હું સાવચેત થઈને આગળ ચાલતો રહ્યો. વખારવાળી ગલી પૂરી થઈ ને હું મેઈન રોડ ઉપર આવી ગયો એટલે મને એમ હતું કે તે હવે પાછો વળી જશે. પરંતુ મારી માન્યતા ખોટી ઠરી. આંબાચોકની બજારમાંથી હું દરબારગઢના ડેલા સુધી પહોંચ્યો, તો પણ એ મારી પાછળ પાછળ જ આવતો હતો. તે કરવા શું માગે છે તે સમજાતું ન હતું. દાદર ચડીને હું કાર્યાલયમાં ઉપર પહોંચ્યો. સાથી મિત્રો બેઠા હતા. મનમાં મેં રાહત અનુભવી. હું ખુરશીમાં બેઠો. ખિસ્સામાંથી રૂમાલ કાઢીને મોઢાં ઉપરથી પરસેવો લૂછતો હતો, ત્યાં તો કાળુ ભીલ મારી સામે આવીને ઊભો રહ્યો. હું કાંઈ પૂછું એ પહેલાં બે હાથ જોડીને એ બોલ્યો, 'ભાઈ, મને માફ કરો. મારી ભૂલ થઈ ગઈ, ફરી આવું નહીં કરું.' એટલું કહેતા તેની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યાં. મનમાં થયું આ નાટક કરે છે કે ખરેખર પશ્ચાત્તાપ? આમ, કાળુ ભીલે મારી બધી જ શંકા કુશંકાનો છેદ ઉડાડી દીધો. સંજોગોનો શિકાર બનેલા કાળુ જેવા ગુંડાના કઠોર હૃદયમાં પણ સંવેદનાનું ઝરણું ફૂટી શકે છે, એવી મારી માન્યતા દૃઢ બની.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:18:59 PM

# છૂતાછૂત અને અસ્પૃશ્યતા

## દરેક જીવમાં ભગવાનનો વાસ છે

મારી બારેક વરસની ઉંમર હતી. મોટા ફળિયામાં અમે ક્રિકેટ રમતા હતા. બેટસમેને જોરથી ફટકો માર્યો અને મારી તરફ ઊંચે ઉછળેલાં બોલનો કેચ કરવા હું દોડયો. ફળિયામાં મણિબહેન સ્વીપર, સાવરણાથી કચરો વાળી રહ્યાં હતાં. ઊંચું જોતાં મારું ધ્યાન રહ્યું નહીં અને હું મણિબહેન સાથે ભટકાઈ પડયો. છોકરાઓએ મારો હુરિયો બોલાવ્યો, 'એ બબલો મણિને અડી ગયો, બબલો મણિને અડી ગયો.' આ સાંભળી મારી નાનીએ ઘરની ગેલેરીમાંથી ફળિયામાં ડોકિયું કર્યું અને મારા સામે જોઈને ત્રાડ પાડી, 'હાય, હાય, તું મણિને અડયો ? મારાં રોયાં, હવે ત્યાં જ ઊભો રે' જે, હું પાણી લઈને આવું છું.' માણસ જેવા માણસ, મણિબહેનને અડકી જવામાં મેં કયો મોટો ગુનો કર્યો હતો? તે હું કાંઈ સમજું એ પહેલાં નાની પાણીનો ઘડો લઈને આવી અને ઠંડું પાણી રેડીને મને નવડાવી દીધો! મોઢાં ઉપર ગુનાહિત ભાવ સાથે થરથર ધ્રૂજતી એક તરફ ઊભેલી મણિને ધમકાવતાં ત્રાડૂકયાં, 'એલી મણિ, તારોય ઉપાડો હમણાં વધ્યો છે. છોકરાઓ બિચારા રમતા હોય ત્યારે જ તને શેરી વાળવાનું સૂજે છે? ભાણિયાને અભડાવી મૂકયો તેં તો!' બિચારી મણિબહેને રાંક બનીને સાંભળી લીધું. એટલે તેની સામે તુચ્છકાર ભરી નજર કરીને પછી, નાની બાવડું પકડીને મને ઘરમાં લઈ ગયાં અને ભીનાં કપડાં બદલવા કહ્યું. સફાઈ કામદાર મણિબહેનને અડકી જવાથી કયું મોટું પાપ મેં કરી નાખ્યું હતું ? એ પ્રશ્ન મનમાં દિવસભર સતત ઘોળાતો રહ્યો. તે રાત્રે ઘરની અગાશીમાં નાનીની બાજુમાં સૂતી વખતે મેં, નાનીને નિર્દોષ ભાવે પૂછયું, 'હેં નાની, મણિબહેનને ન અડાય?' તો કહે, 'ના' મેં પૂછયું 'કેમ?' તો કહે, 'એને ધર્મમાં અછૂત કીધાં છે, ગંદુ સાફ કરે છે રોજ, તું જોતો નથી? પાપ લાગે એને અડીએ તો! સૂઈ જા છાનોમાનો હવે.' એમ કહી મારું મોં બંધ કરી દીધું. નાનીનો આ તર્ક મને સમજાતો ન હતો. ગંદુ તો રોજ આપણે જ ખાંચાગલીમાં હાજતે જઈને કરીએ છીએ, અને એ બિચારી ઉપાડીને સાફ કરે છે. એમ તો ઘરમાં મારા અપંગ મામા સંડાસ કરે, એ ઉપાડીને તો નાની જ બહાર ફેંકી આવતાં, તો નાની કેમ અછૂત બની જતા નથી? અને આ બિચારી મણિબહેન અછૂત થઈ જાય છે ? વાર્તામાં તો નાનીએ જ કહેલું , 'દરેક જીવમાં ભગવાનનો વાસ છે.' તો પછી મણિબહેન અછૂત કેમ? જોકે વર્ષો સુધી મારો આ પ્રશ્ન અનુત્તર જ રહ્યો.

**સફાઇ કામદાર મણિબહેનને અડકી જવાથી કયું મોટું પાપ મેં કરી નાખ્યું હતું ? એ પ્રશ્ન મનમાં દિવસભર સતત ઘોળાતો રહ્યો.**



## ગાંધીજીની ઝુંબેશ

૧૯૪૭માં દેશ આઝાદ થયો. અંગ્રેજો સામે લડતા લડતા પણ ગાંધીજીએ, હિંદુ સમાજને સદીઓથી કોરી ખાતા કુરિવાજોને તિલાંજલિ આપવા ઝુંબેશ ચલાવી હતી. તેમાં અસ્પૃશ્યતા નિવારણને ઘણું મહત્ત્વ આપ્યું હતું. હવે સ્વતંત્રતા પછી દલિતોને સમાજની મુખ્ય ધારામાં સમાવવા કાયદાઓનો પણ અમલ શરૂ થઈ ગયો હતો. હોટલ, શાળા, બસ કે મંદિરમાં દલિતોને પ્રવેશ કરતાં રોકી

**મેં, નાનીને નિર્દોષ ભાવે પૂછ્યું, 'હેં નાની, મણિબેહનને ન અડાય?' તો કહે, 'ના' મેં પૂછયું 'કેમ?' તો કહે, 'એને ધર્મમાં અછૂત કીધાં છે.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:02 PM

શકાતા ન હતા. જોકે, આ માટે હજુ લોક માનસનો મિશ્ર પ્રતિભાવ જોવા મળતા હતો.

આ સમયે હું આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં આગળ અભ્યાસ માટે દાખલ થયો હતો. મારા ઘણા મિત્રોમાં એક લાધાભાઈ હતા. તે ભાવનગરમાં દલિત વિદ્યાર્થીઓ માટેનાં ઠક્કરબાપા છાત્રાલયમાં રહીને ભણતા હતા. નીચો મજબૂત બાંધો ધરાવતાં લાધાભાઈની ગણતરી, અમારા વર્ગમાં હોશિયાર વિદ્યાર્થી તરીકે થતી હતી. હંમેશાં સફેદ ખાદીનો ઝભ્ભો અને ભૂરા રંગની ખાદીની અર્ધી ચડ્ડી તેનો ગણવેશ હતો. અભ્યાસ સાથે મેદાની રમતો અને કસરતમાં પણ તે અલગ તરી આવતા. વળી કુદરતે લાધાભાઈને મીઠો કંઠ આપ્યો હતો. કાર્યક્રમોમાં એ લોકગીતોની રમઝટ બોલાવતા. ઉપરાંત 'લોક દળ'ના સભ્ય રહેલા લાધાભાઈ, એક શિસ્તબદ્ધ સૈનિક હતા અને પાછા એટલા જ વિવેકી. અમારા કલાસમાં કેપ્ટન થઈને બધાની ચાહના તેણે મેળવી હતી. લાધાભાઈની આ બહુમુખી પ્રતિભા જોયા પછી, દલિતો માટે વર્ષોથી હું સાંભળતો આવેલો એવી બધી જ નકારાત્મક વાતોનો છેદ ઊડી જતો હતો. અને અમારી દોસ્તી વધુ ને વધુ પાકી થતી જતી હતી.

**લાધાભાઈની આ બહુમુખી પ્રતિભા જોયા પછી, દલિતો માટે વર્ષોથી હું સાંભળતો આવેલો એવી બધી જ નકારાત્મક વાતોનો છેદ ઊડી જતો હતો.**

## એ બધું ખરું પણ હરિજન નહીં, સમજ્યો!

એવામાં હૃદયને ધક્કો પહોંચાડે એવી બીજી ઘટના બની. અમે ઘણા બધા વિદ્યાર્થીઓ પંડિતજીની પાઠશાળામાં સંસ્કૃત શીખવા હંમેશા જતા. આ વિદ્વાન પંડિતજી અંધ હતા. રાધનપુરી બજારમાં જૈન ટ્રસ્ટના એક મકાનમાં જ્ઞાતિજાતિના ભેદભાવ વગર દરેક કોમનાં વિદ્યાર્થીઓ માટે, સવાર-સાંજ વર્ગો ચાલતા. જૈન સાધુ-સાધ્વીઓ પણ પંડિતજી પાસે સંસ્કૃત અને પ્રાકૃત સમજવા આવતાં. સ્કૂલમાં પંડિતજીના વિદ્યાર્થીઓ સંસ્કૃતના વિષયમાં સારા માર્ક મેળવી લેતા. એ જોઈને લાધાભાઈએ પંડિતજીનાં વર્ગમાં ભણવાની ઈચ્છા વ્યક્ત કરી. મેં પંડિતજીને હોશિયાર લાધાભાઈની વાત કરી. પંડિતજીએ ખુશી થઈને મંજૂરી આપી. લાધાભાઈ વર્ગમાં દાખલ થઈ ગયા. તેનું સંસ્કૃત તો સારું હતું જ. પંડિતજી સાથે વર્ગમાં એ વચ્ચે વચ્ચે સંવાદ કરે, એ જોઈને પંડિતજી બહુ ખુશ થતા. ત્રણ ચાર દિવસ બધું બરાબર ચાલ્યું, ચોથે દિવસે કલાસ છૂટ્યો ને બધા વિદ્યાર્થીઓ ગયા પછી પંડિતજીએ મને કહ્યું, 'એલા અંતુ, આ લાધાભાઈ જાતે કેવા છે?' મેં કીધું, 'હરિજન.''તો તેં મને કેમ કીધું નહી?' પંડિતજી બોલ્યા. મેં કીધું, 'તમે મને એવું ક્યાં પૂછ્યું તું ? અને અહીં તો બધી નાતજાતનાં આવે છે.''એ બધું ખરું, પણ હરિજન નહી, સમજ્યો, આ જૈનોની પાઠશાળા છે.' પંડિતજી ખીજાઈને બોલ્યા અને લાધાભાઈને આવવાની મનાઈ ફરમાવી દીધી.

પંડિતજીની વાત સાંભળીને મને ગુસ્સો આવ્યો. ધર્મના બની બેઠેલા ઠેકેદારોની ગુલામીમાંથી અજ્ઞાન અને અબૂધ પ્રજાને ક્યારે મુકિત મળશે? સમાજમાં ઈશ્વરના નામે ચાલતા ધતિંગ જોઈને ધર્મ પ્રત્યે મારી આસ્થા ઘટતી જતી હતી. બીજા દિવસે મેં લાધાભાઈને વાત કરી ત્યારે,અપમાનો સહન કરવા ટેવાયેલા લાધાભાઈએ, વાતને હસી કાઢી. જાણે આ બનવાનું જ હતું, તેની તેને ખબર ન હોય!

## અસ્પૃશ્યો સાથે અલ્પાહાર

છૂતાછૂત ને અસ્પૃશ્યતા હિંદુ સમાજ ઉપરનું કલંક છે એ સમજ કેળવવા નવજવાન સંઘની લાઈબ્રેરીમાં ગાંધીજી, વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણ, બાબા સાહેબ આંબેડકર વગેરે નેતાઓ અને મહાવીર તથા ભગવાન બુદ્ધના પુસ્તકો વસાવ્યાં હતાં. શહેરનાં ટાઉન હોલમાં ગાંધીજયંતીના દિવસે, અસ્પૃશ્યો સાથે ગીત-સંગીત અને સમૂહ અલ્પાહારના કાર્યક્રમનું આયોજન પણ કર્યું હતું. જાણીતા

**વિદ્યાર્થીઓ ગયા પછી પંડિતજીએ મને કહ્યું, 'આ લાધાભાઈ જાતે કેવા છે ?' મેં કીધું, 'હરિજન'. 'તો તેં મને કેમ કીધું નહીં ?' મેં કીધું, 'તમે મને ક્યાં પૂછ્યું તું ? અને અહીં તો બધી નાતજાતનાં આવે છે.' 'એ બધું ખરું,' પણ હરિજન નહીં, સમજ્યો !'**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:06 PM



**સમૂહ ભોજન**

હરિજન આગેવાનો રામજીભાઈ સોલંકી, બચુભાઈ ગોહિલ તથા શહેરના રાજકીય અને સામાજિક કાર્યકરો સાથે, સવર્ણો અને દલિતોએ મોટી સંખ્યામાં હાજરી આપીને અમારો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં ઘણા વકતાઓએ સમાજમાંથી અસ્પૃશ્યતાના કલંકને નાબૂત કરવા માટે વકતવ્ય આપ્યા હતા અને અંતમાં સવર્ણો અને હરિજનોએ સાથે બેસીને એક જ પંગતમાં અલ્પાહાર લીધો હતો. સંઘના કાર્યકર્તાઓ પોતપોતાના પરિવારના સભ્યો અને સ્નેહીઓને આ કાર્યક્રમમાં જોડાવા માટે સમજાવવામાં સફળ રહ્યા. એટલું જ નહીં, પરંતુ મારી રૂઢિચુસ્ત નાની અને મફતભાઈની બા પણ, રાજીખુશીથી અમારા સૌની સાથે જોડાયાં. આ હૃદય પરિવર્તનનું મૂલ્ય ઓછું આંકી શકાય નહીં.

**સમાજમાં ઇશ્વરના નામે ચાલતા ધંતિંગ જોઇને ધર્મ પ્રત્યે મારી આસ્થા ઘટતી જતી હતી.**

**‘છૂતાછૂત ને અસ્પૃશ્યતા હિંદુ સમાજ ઉપરનું કલંક છે’ એ સમજ કેળવવા નવજવાન સંઘની લાઇબ્રેરીમાં અમે ગાંધીજી, વિનોબા ભાવે, જયપ્રકાશ નારાયણ, બાબાસાહેબ આંબેડકર વગેરે નેતાઓ અને મહાવીર તથા ભગવાન બુદ્ધના પુસ્તકો વસાવ્યાં હતાં.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:09 PM

# મ્યુનિસિપલ ચૂંટણીનો જંગ

## વૉર્ડ નાનો પણ સમસ્યાઓ મોટી

દેશને આઝાદી મળી ત્યારે, ભાવનગરમાં બરો મ્યુનિસિપાલિટીનો વહીવટ હતો. મ્યુનિસિપાલિટીએ શહેરના સમગ્ર વિસ્તારના વૉર્ડ બનાવ્યા હતા. અમે રહેતા તે દરબારગઢ વૉર્ડ. એ બધા વૉર્ડમાં સૌથી નાનો, પણ એની સમસ્યાઓ મોટી. મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને, નગરપાલિકા પાસેથી જોઈ જોઈને બીજું શું જોઈએ? સ્ટ્રીટ લાઈટ, ખાડાટેકરા વગરના રસ્તા, ફળિયાના નળમાં પીવા પૂરતું પાણી, ગટર તેમજ રસ્તાની સફાઈ અને બાળકોને રમવા માટે એકાદ નાનકડું મેદાન! પરંતુ જીવનની આટલી પ્રાથમિક જરૂરિયાતની સુવિધા વૉર્ડના નાગરિકોને પૂરી પાડવામાં, મ્યુનિસિપાલિટીના સત્તાધીશો ઘોર ઉપેક્ષા સેવી રહ્યા હતા. આ સમસ્યાઓના ઉકેલ માટે રજૂઆત કરવી પડે, લડવું પડે, એ માટે નાગરિકોને સંગઠિત કરવાની જરૂરત હતી. નવજવાન સંઘની સ્થાપનાનો આ પણ એક હેતુ હતો.

સંસ્થાની સ્થાપના પછી મ્યુનિસિપાલિટીને લગતા પ્રશ્નો સાંભળવાનું અને તેના ઉકેલ માટે લાગતા વળગતા સત્તાવાળાઓ સમક્ષ રજૂ કરવાનું શરૂ કર્યું. ફરિયાદના નાના નાના પ્રશ્નોનો ઉકેલ તો, નીચેના અધિકારી પાસે રજૂઆત કરવાથી આવી જતો અને તેનાથી લોકો રાહત અનુભવતા. જ્યારે કેટલાક પ્રશ્નો માટે ઉચ્ચ અધિકારીઓ, સ્ટૅન્ડિંગ કમિટી, ચેરમેન કે પ્રમુખ સુધી રજૂઆત કરવા જવું પડતું. આવી ફરિયાદો ક્યારેક તુમારશાહીમાં અટવાઈ જતી, તો ક્યારેક રજૂઆતને ગંભીરતાથી લેવામાં આવે જ નહીં એવું પણ બનતું, ત્યારે લોકોના ટોળાં લઈને મ્યુનિસિપાલિટીમાં આવેદનપત્ર આપીને, અમે ઉગ્ર રજૂઆત પણ કરતા. તેમ છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવે ત્યારે છાપાંઓ, પત્રિકાઓ, સભાઓ અને સરઘસો કાઢીને લોકમત ઊભો કરી, સત્તાવાળાઓ સાથે સંઘર્ષમાં ઊતરવું પડતું.

## શરણાગતિ હરગિજ નહીં

એ દિવસોમાં કૉંગ્રેસ પક્ષનું દેશભરમાં એકચક્રી રાજ્ય હતું. ભાવનગર મ્યુનિસિપાલિટીમાં પણ ઘણાં વર્ષોથી કૉંગ્રેસ પાર્ટી સત્તા ઉપર હતી. લાંબા સમય સુધી સત્તા ભોગવ્યા પછી, સત્તાધીશોને તેનો નશો ચડી જતો હોય છે. તેની પ્રતીતિ બાળકો માટે ક્રીડાંગણની જમીનની માગણી કરી ત્યારે થઈ. વૉર્ડના ગામ તળાવમાં મ્યુનિસિપાલિટી પાસે સાર્વજનિક પ્લોટ પણ હતો. પરંતુ એક માત્ર રાજકીય કારણસર, અમારી માગણી નકારી કાઢવામાં આવી. લોકોની સુખાકારીનો વિચાર કરવાને બદલે માત્ર પક્ષના લાભાલાભનો વિચાર કરીને પાર્ટીમાં ઉપરથી પૉલિસી નક્કી થઈ આવતી. કોઈ નારાજ થઈને વાજબી માંગણી માટે પણ જરા સરખો અવાજ ઉઠાવે, તો તેને કચડી નાખવામાં આવતો. દેશમાં આજે પણ લોકશાહીના નામે લગભગ આવું જ ચાલે છે. આવા સમયે સ્વમાન કે શરણાગતિ બેમાંથી એકની પસંદગી કરવી પડે. અમારી નસોમાં ત્યારે યુવાલોહી ધબકતું હતું. અમને શરણાગતિ હરગિઝ સ્વીકાર્ય ન હતી. અમે લડી લેવાનું પસંદ કર્યું.

> **મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને નગરપાલિકા પાસેથી જોઈ જોઈને બીજું શું જોઈએ ? સ્ટ્રીટલાઈટ, ખાડાટેકરા વગરના રસ્તા, ફળિયાના નળમાં પીવા પૂરતું પાણી, ગટર તેમજ રસ્તાની સફાઈ અને બાળકોને રમવા માટે એકાદ નાનકડું મેદાન !**

## નાગરિક સમિતિની રચના

મ્યુનિસિપાલિટીમાં વૉર્ડના પ્રશ્નો જાણીબૂજીને ટલ્લે ચડાવવામાં આવતા હતા. રોજબરોજ થતાં અન્યાયથી લોકો ગળે આવી ગયા હતા. આ અન્યાય સામે અવાજ ઉઠાવવા અમે મ્યુનિસિપલ ચૂંટણી જંગમાં ઝંપલાવવાનું અને અમારા પોતાના પ્રતિનિધિને ચૂંટી મોકલવાનું નક્કી કર્યું. ચૂંટણી લડવા માટે વૉર્ડના દરેક મહોલ્લામાંથી



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:12 PM

વગદાર ભાઈબહેનોની એક બિનપક્ષીય 'નાગરિક સમિતિ'ની રચના કરી. સમિતિના પ્રમુખ તરીકે કાળુભાઈ સલોત (ભૂવા) અને તેની સાથે ગુણુભાઈ ચશ્માંવાળા, વિનુભાઈ ગુજરાતી, વિષ્ણુભાઈ, દુર્ગાબહેન, શામજીભાઈ પરમાર, મગનભાઈ માળી, વી.એમ. કોટક, જશુભાઈ ઠાર, મણિલાલ ફૂલચંદ વગેરે સાથે સંઘના કાર્યકરોને મૂકવામાં આવ્યા અને કોઈ પણ રાજકીય પક્ષમાં જોડાયા વગર ચૂંટણી લડવી, ચૂંટાયા પછી પણ તટસ્થ રહેવું, પ્રજાના હિતમાં જે કામ થાય તેમાં ટેકો આપવો, વગેરે પૉલિસી ઘડી કાઢવામાં આવી.

## બહુમતિથી વિજય

મ્યુનિસિપાલિટીમાં સત્તા ઉપર કૉંગ્રેસ પાર્ટી હતી. દર ત્રણ વર્ષે કાઉન્સિલરોની ચૂંટણીમાં દરબારગઢ વૉર્ડના ભાગે બે સીટ આવતી. મ્યુનિસિપલ ચૂંટણીમાં અમારા યુવા સાથી કાર્યકરોને ચૂંટણી જંગમાં ઉતારવાનું શરૂ કર્યું. એક વખત હર્ષદભાઈ શેઠ અને મુકુંદ પારેખની જોડી, બીજી વખતે મધુબહેન સંઘવી અને હીરાભાઈ શાહની જોડી અને ત્રીજી વખતે મારી અને મહીપતભાઈ શાહની જોડી ચૂંટણી લડી, ને દરેક વખતે જંગી બહુમતિથી વિજેતા થયા ને હરીફોએ ડિપૉઝિટો ગુમાવી.

દરબારગઢ વૉર્ડની ચૂંટણી ભારે રસાકસી ભરી થતી. કૉંગ્રેસ પાર્ટી દરબારગઢની ચૂંટણીને પોતાની પ્રતિષ્ઠાનો જંગ બનાવી, અમારી સામે બધી તાકાત લગાવતી. જ્યારે બીજા બધા પક્ષો અમને ટેકો જાહેર કરીને, પોતાના ઉમેદવાર અમારી સામે ઊભા રાખતા નહીં.

**મ્યુનિસિપલ ચૂંટણીમાં અમારા યુવા સાથી કાર્યકરોને ચૂંટણી જંગમાં ઉતારવાનું શરૂ કર્યું.**

**દરેક વખતે જંગી બહુમતિથી વિજેતા થયા ને હરીફોએ ડિપૉઝિટો ગુમાવી.**

## લઘુમતિનું રાજકારણ

અમારા વૉર્ડમાં મુખ્યત્વે હિન્દુ અને મુસ્લિમ મતદારો હતા. હિન્દુમાં જૈન, કપોળ, બ્રાહ્મણ વગેરે, સામે મુસ્લિમમાં ખોજા શિયા અને સુન્નીની સંખ્યા સારી એવી હતી.ખોજાવાડ શિયા મુસ્લિમોનો ગઢ ગણાતો અને માળીના ટેકરા ઉપર સુન્ની મુસલમાનો તથા માળી અને બારોટ વગેરે

મ્યુનિસિપલ ચૂંટણીનું વિજય સરઘસ





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:16 PM

કોમના ગરીબ લોકોનો વસવાટ હતો. માળી ટેકરા ઉપર હુસેનભાઈ દાતારીની 'કલબ' કે ઍન્ડ નાઈટ ચાલતી. તેમાં જુગાર રમાતો, પરંતુ આસપાસની રૈયત ઉપર હુસેનભાઈના ચાર હાથ હતા, એટલે લોકોને કોઈ તકલીફ ન હતી. એવી જ રીતે ખોજાવાડ આંબાચોકમાં સટ્ટાનું બૅટિંગ રમાતું. તેમાં મોટામોટા માથા હતા. આંબાચોકમાં સાબાનભાઈ પાનવાળાની દુકાનની આજુબાજુ આ કારોબાર દિવસ રાત ધમધમતો રહેતો. આવા ગેરકાનૂની ધંધા ચલાવનારા ભાઈ લોકોની તેના વિસ્તારમાં બહુ ધાક હોય છે. એટલું જ નહીં તે ફરિશ્તા બનીને જરૂરતમંદ લોકોને અડધી રાત્રે મદદ પણ કરે, તો કોઈને પોલીસની કસ્ટડીમાંથી છોડાવી પણ દે, કે લોકોના ઝગડાની પતાવટ પણ કરી આપે, અને આમ કરીને એ વિસ્તારના 'ભાઈ' બની બેસતા હોય છે. અહીં પોલીસનું નહીં પરંતુ આ 'ભાઈ' લોકોનું શાસન ચાલે છે, અને આ 'ભાઈ' લોકો સત્તાધારી રાજકારણીઓની રહેમ નજર નીચે પોતાનું સામ્રાજ્ય ચલાવે છે. પછી ચૂંટણી વખતે આ 'ભાઈ' લોકોને રાજકારણીઓની પડખે ઊભું રહેવું પડતું હોય છે. આ લઘુમતિઓનું રાજકારણ અમારી સામે પણ ખેલાતું. વર્ષો પહેલાં અમે ચૂંટણી લડતા ત્યારે આમ જ થતું અને આજે પણ દેશભરમાં આ અનિષ્ટ ઘટવાને બદલે વધ્યું છે.

**ગેરકાનૂની ધંધા ચલાવનારા ભાઈ લોકોની તેના વિસ્તારમાં બહુ ધાક હોય છે. તે ફરિશ્તા બનીને જરૂરતમંદ લોકોને અડધી રાત્રે મદદ પણ કરે. અહીં પોલીસનું નહીં પરંતુ આ 'ભાઈ' લોકોનું શાસન ચાલે છે.**

## બહેનો બેધડક પહોંચતી

વૉર્ડમાં સંઘની સેવા બોલતી હતી. ઘરેઘરના યુવાનો, મહિલાઓ અને બાળકો સંઘના સભ્ય હતા, એટલું જ નહીં પણ વેપારીઓ અને 'ભાઈ' લોકમાં પણ સંઘની સુવાસ હતી. સંઘનું આ સંગઠન જ અમારું બળ હતું. 'ભાઈ' લોકો ઉપર રાજકારણીઓનું વર્ચસ્વ હતું. પરંતુ 'ભાઈ' લોકોના મહોલ્લામાં તો અમારું જ કામ બોલતું હતું. તેના બાળકોને અમે ભણાવતા, પુસ્તકો આપતા, પ્રવાસમાં લઈ જતા, બહેનોને સિલાઈકામ શીખવતા અને સારા સંસ્કારનું સિંચન કરતા, એટલે જ્યાં સારા માણસો દિવસે પણ જતા ડરે, ત્યાં ચંદ્રિકાબહેન બનજારા જેવી છોકરીની આગેવાની નીચે બહેનો, બેધડક કશા જ ડર વગર પહોંચી જતી.

## ચૂંટણીના કાવાદાવા

અમને નાસીપાસ કરવામાં વિરોધીઓ શામ, દામ, દંડ અને ભેદની બધી રીત રસમ અપનાવતા. અમારા ઉમેદવાર હર્ષદભાઈ શેઠની સામે, તેના જ મોટાભાઈ જયકિશોર શેઠને ચૂંટણી લડવા ઊભા કરવામાં આવ્યા, તો સક્રિય કાર્યકર હીરાલાલ ખંભાતીના દાદા, મણિભાઈ ખંભાતીને સામે પક્ષે લડવા ઊભા કરાયા અને મારી સામે તો મનુભાઈ વ્યાસ જેવા બહુમુખી વ્યકિતત્વ ધરાવતા, મારા જ મિત્રને ઊભા રાખવામાં આવ્યા હતા. અમારા મુકુંદ પારેખને ચૂંટણી લડવા માટે, રેલવેની નોકરીમાંથી હાથ ધોવા પડયા હતા. તેમ છતાં કશા જ દ્વેષભાવ વગર અમે ખેલદિલીપૂર્વક ચૂંટણી લડતા અને જીતતા. ચૂંટણી પ્રચાર બંધ થાય તે છેલ્લી રાત્રે, વોર્ડમાં દિવાળી જેવું જાગરણ થતું. કોની ગાડી કઈ ગલીમાં ગઈ, કોના ઘરે ખાનગી મીટિંગ થઈ, કોણે કોને કેટલા પૈસાની લાલચ આપી. આવા સમાચારો ચૂંટણી કાર્યાલય ઉપર આવતા રહેતા ત્યારે, ડેમેજ કન્ટ્રૉલ ટીમ કામે લાગી જતી.

**વૉર્ડમાં સંઘની સેવા બોલતી હતી. ઘરેઘરના યુવાનો, મહિલાઓ અને બાળકો સંઘના સભ્ય હતા, એટલું જ નહીં પણ વેપારીઓ અને 'ભાઈ' લોકમાં પણ સંઘની સુવાસ હતી.**

## 'તુમ ફિકર મત કરના, જબાન દિયા હૈ'

સભા સરઘસોની સાથોસાથ ગ્રૂપ મીટિંગ અને 'હાઉસ ટુ હાઉસ' સંપર્ક પણ કરતા. ચૂંટણીના છેલ્લા દિવસોમાં સત્તાધારી પક્ષનું દબાણ લઘુમતિ વિસ્તારના આગેવાનો



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:19 PM

ઉપર વધી જતું. કયારેક અમે ખોજાના ડેલામાં ફાજલભાઈના ઘરમાં કે હુસેનભાઈ દાતારીની કલબમાં ઘુસ્યા હોઈએ ત્યારે જ સત્તાધારી પક્ષના આગેવાનો આવી પહોંચે. તેવા સમયે અમને પાછલે દરવાજેથી બહાર ધકેલીને પાછા હાથમાં હાથ મિલાવીને કહેતા જાય. 'તુમ ફિકર મત કરના, જબાન દિયા હૈ' આમ, બંને પક્ષને રાજી રાખવાનું નાટક ચાલતું. અમે તેની આ મજબૂરી જાણતા હતા. આ લઘુમતિઓમાં મહંમદ જાફર, દોસ્ત મહંમદ વકીલ, તેની વાઇફ શરીનબહેન, શેરઅલી આબેદી, ગુલુ કેશવાણી, શાબાનભાઈ પાનવાળા વગેરે અમારા સંનિષ્ઠ કાર્યકર્તાઓ, કોમમાં અળખામણા થઈને પણ, અમને હંમેશાં જીતાડતા આવ્યા હતા.

## દરબારગઢ વૉર્ડ એટલે અમદાવાદનો ખાડિયા

મ્યુનિસિપલ ચૂંટણી જાહેર થાય એટલે સૌ કોઈની નજર દરબારગઢ વૉર્ડ ઉપર રહેતી. દરબારગઢ વોર્ડ અજય ગણાતો. ચૂંટણીના છેલ્લા દિવસોમાં, વૉર્ડમાં યુવાન છોકરા-છોકરીઓના ટોળેટોળાં ઊતરી પડતાં. છેલ્લા દિવસે ઉમેદવારોને ખુલ્લી ગાડીમાં બેસાડીને શાનદાર સરઘસ કાઢવામાં આવતું. તેમાં માઇક, ગાડી, ઢોલ નગારાં, ત્રાંસા, બ્યૂગલ સાથે રાસ મંડળી અને ફૅન્સી ડ્રેસમાં ઘોડેસવારી, તેમજ ઊંટસવારી જોવાનો એક લહાવો હતો. બીજા દિવસે વહેલી સવારથી ગલીએ-ગલીએ પહોંચીને સ્વયંસેવકો મતદારોને ખેંચી લાવીને બૂથ ઉપર લાંબી લાંબી લાઈનો લગાવી દેતા, ત્યારે લોકો બોલી ઊઠતા, 'દરબારગઢ વૉર્ડ અમદાવાદનો ખાડિયા છે.' ત્યાર પછી તો દરબારગઢ વોર્ડમાં અમારા ઉમેદવાર સામે સત્તાધારી પક્ષમાંથી ચૂંટણી લડવા કોઈ તૈયાર થતું નહીં. પ્રતિષ્ઠા ખાતર પક્ષ કોઈને ઊભા રાખે તો, હારવા માટે જ ઊભા રાખ્યા છે, એમ કહેવાતું. 'નામ તેનો નાશ છે', એવા શાનદાર દરબારગઢ વૉર્ડને સમયનું ગ્રહણ લાગ્યું. લોકો ગામતળ છોડીને, પ્લોટ વિસ્તારમાં જવા લાગતાં. વસતિ ઘટી ગઈ. ધીમેધીમે રહેણાકી મકાનો, ગોડાઉનો અને સ્ટોર્સમાં બદલાઈ ગયાં. એવી જ રીતે બરો મ્યુનિસિપાલિટીમાંથી, ૧૯૮૩ માં મ્યુ. કૉર્પોરેશન થયું. વૉર્ડની વસતિ ઘટી જતાં, દરબારગઢ વૉર્ડને રદ કરીને, તેને પિરછલ્લા વૉર્ડમાં ભેળવી દેવામાં આવ્યો. તેની સાથે નવજવાન સંઘની પ્રવૃત્તિઓમાં પણ બદલાવ આવ્યો, જે આજે વી.સી. લોઢાવાળા હૉસ્પિટલ સુધી સીમિત રહી ગઈ છે.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:22 PM

# કહેતા ભી દીવાના, ઔર સૂનતા ભી !

## બોલાવ તારા શેઠને...

હું મ્યુનિસિપલ કાઉન્સિલર હતો તે સમયે ખારગેટ ઉપર સત્કાર ગેસ્ટહાઉસમાં હીરાભાઈ અને અંતુભાઈ રાવળ સાથે ભાગીદાર હતો. ગેસ્ટ હાઉસમાં એક દિવસ અચાનક બપોરના સમયે, મ્યુનિસિપાલિટીના હેલ્થ ઑફિસર ડૉ.ઝાલા જાણે ધાડ પાડવા આવ્યા હોય, તેમ આવી ચડયા અને મૅનેજર જોશીને આ લાઈસન્સ બતાવો, ને તે લાઈસન્સ બતાવો, એમ કહીને ધમકાવવા લાગ્યા. મૅનેજર બિચારો ગભરાઈ ગયો. સાહેબ ઘડીકમાં એક ફાઈલ માગે તો ઘડીકમાં બીજી માગે, અને જુએ ન જુએ ત્યાં એક બાજુ ઘા કરી દે ને તાડૂકીને કહે, 'આ બિલકુલ નહી ચાલે, હું ગેસ્ટહાઉસ બંધ કરાવી દઈશ, બોલાવ તારા શેઠને.' એમ કહીને હુકમ છોડે રાખે.

## 'પતાવટ કરવા તૈયાર!'

મારું ઘર નજદીકમાં જ હતું. ગેસ્ટહાઉસમાંથી એક માણસ દોડતો આવીને મને બોલાવી ગયો. મ્યુનિલિપાલિટીના આરોગ્ય ખાતામાં એકાદ મહિનાથી એક નવા હેલ્થ ઑફિસર ડૉ.ઝાલાની નિમણૂક થઈ હતી પરંતુ અમે એકબીજાને મળ્યા ન હતા.

મેં ગેસ્ટહાઉસમાં પહોંચીને જોયુ તો, મૅનેજર જોશીએ નિયમ મુજબ લાઇસન્સ, રજિસ્ટર, વગેરે બરાબર રજૂ કર્યા હતા. ભૂલ ક્યાં છે? એ જાણવા મેં પ્રયત્ન કર્યો, ત્યાં તો મારી વાત સાંભળી ન સાંભળીને સીધું મારા ઉપર ફાયરિંગ શરૂ કરી દીધું. 'મારે કાંઈ તમારી સફાઈ સાંભળવી નથી.' આ બધી ફાઈલો, રજિસ્ટર અને ચોપડા, થેલામાં ભરીને, નીચે મારી ગાડીમાં મુકાવી દો અને કસ્ટમરોને કહો રૂમ ફટાફટ ખાલી કરે, મારે તમારા ગેસ્ટહાઉસને સીલ મારવું પડશે.' મેં કીધું, 'પણ સાહેબ, વાત તો સાંભળો જરા.' તો કહે, 'તમારે જે કહેવું હોય તે કહેવા, કાલે આવજો મારી ઑફિસમાં, કાંઈ સમજતા નથી અને મંડ્યા છો, ક્યારના સાહેબ-સાહેબ.'

'સમજતા નથી' નો અર્થ હું સમજી ગયો. મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકેની મારી ઓળખાણ હવે તેને નહીં આપવાનું, મેં મનોમન નક્કી કરી લીધું અને તેની જેમ મેં પણ નાટક શરૂ કર્યુ. 'સાહેબ, આમાં મારે શું સમજવાનું છે, તે કહોને ભાઈ સાહેબ.' સાહેબ જરા પીગળ્યા. આજુબાજુ જોઈને કહે, 'ત્રણ હજાર રૂપિયા થશે બધું સમું કરવાના.'

> **મ્યુનિસિપલ કાઉન્સિલર તરીકેની મારી ઓળખાણ હવે તેને નહીં આપવાનું, મેં મનોમન નક્કી કરી લીધું અને તેની જેમ મેં પણ નાટક શરૂ કર્યું.**

મેં કહ્યું, 'ત્રણ હજાર તો બહુ થાય સાહેબ, આ કાંઈ એવો મોટો ધંધો નથી, કાંઈક વાજબી કરો.' આમ, રકઝક કરતાં છેવટે, એક હજારમાં ડૉ.ઝાલા પતાવટ કરવા તૈયાર થઈ ગયા. મેં ચા પાણીનો વિવેક કર્યો એટલે કહે, ''એ બધું પછી, પહેલાં હજાર રૂપિયા આપી દો એટલે એક કામ પતે.' મેં કહ્યું, 'સાહેબ અત્યારે તો હજાર રૂપિયા ક્યાંથી હોય, થોડો સમય તો આપો.' તો કહે, 'ક્યારે સાંજના આવું?' મેં કહ્યું, 'હા, એમ કરો, સાંજના છ વાગે આવો. હું ગમે તેમ કરીને પૈસા ભેગા કરી રાખું છું.' સાહેબે થોડીવાર મારા દયામણા ચહેરા સામે જોયું પછી કહે, 'પ્રૉમિસ?' મેં કહ્યું, 'સાહેબ ફરે ઈ બીજા.' આમ , પાકું કરીને તે ગયા.

લાંચરૂશ્વતની સામે લડવાનું અમે કનુભાઈ ઠક્કર સાથે રહીને શીખ્યા હતા. આ હેલ્થ ઑફિસર ઝાલાને બરાબર પાઠ ભણાવવાનું નક્કી કરીને હું કનુભાઈના બંગલે પહોંચ્યો. વાત સાંભળીને એ લાલપીળા થઈ ગયા. કનુભાઈના બંગલાની સામેજ પોલીસ ચોકી હતી. અમે બંને ત્યાં ગયા. પોલીસવાળા પાસેથી કનુભાઈએ એન્ટિકરપ્શનના અધિકારી વ્યાસનો નંબર મેળવીને ફોન જોડયો અને તેને તાત્કાલિક ઘરે આવી જવા કહ્યું. થોડીવારમાં વ્યાસ આવ્યા. મારી વાત સાંભળીને પછી કહે, 'આજે સાંજે છટકું ગોઠવવાનું બહુ વહેલું થાય. આમાં તૈયારી કરવી પડે, તમે ગમે તેમ કરી, આવતી કાલ સુધી વાતને ઠેકાવી દો.' આ સાંભળીને કનુભાઈનો પિત્તો ગયો. વ્યાસને ઘણી આડીઅવળી સંભળાવી દીધી. અંતે વ્યાસ માની ગયા.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:26 PM

# રંગે હાથ ઝડપાયા

સાંજના પાંચ વાગે, એન્ટિકરપ્શનની ટીમના બે માણસો સાથે અધિકારી વ્યાસ, પોલીસ યુનિફોર્મમાં સજ્જ થઈને ગેસ્ટહાઉસ ઉપર આવી પહોંચ્યા. રૂપિયા સો સોની દશ નોટ ઉપર પાઉડર છાંટીને મને આપીને, ખિસ્સામાં મૂકી દેવા કહ્યું. ગેસ્ટહાઉસના બીજા માળના બે ખાલી રૂમ તેમણે પસંદ કર્યા. એક રૂમમાં તે બેઠા અને બાજુના રૂમમાં મને બેસવા કહ્યું ને શું કરવાનું છે તેની મને સમજણ આપી. બરાબર છ વાગે ડૉ.ઝાલા નીચે રિસેપ્શન કાઉન્ટર ઉપર આવી પહોંચ્યા, એટલે એટેન્ડન્ટ તેને મારી પાસે મૂકી ગયો. મેં ઊભા થઈને સાહેબને આવકાર આપી, દરવાજો બંધ કર્યો. આડીઅવળી થોડી વાત કરીને સાહેબે મને પૂછયું. 'શું થયું ? પૈસાની વ્યવસ્થા થઈ ગઈ ?' મેં કહ્યું,'હા સાહેબ'' એમ કહી પેન્ટના ખિસ્સામાંથી નોટોની થપ્પી, સાહેબને આપી. એ લઈને ખિસ્સામાં મૂકવા જતા હતા એટલે મને મળેલી સૂચના મુજબ, મેં તેમને નોટો ગણી લેવા કહ્યું. તેણે નોટો ગણી, ડૉ.ઝાલા નોટોનું બંડલ સ્વીકારી લે, એટલે બાજુના રૂમમાં બેઠેલાં એન્ટિકરપ્શન ઑફિસર વ્યાસને, બે રૂમ વચ્ચેના પાર્ટિશન ઉપર ટકોરા મારીને, સંકેત આપવાનો હતો. મેં ચા પાણીનો આગ્રહ કરી, ડૉ.ઝાલા સાથે વાતો કરતા કરતા ટકોરા મારી દીધા. બીજી જ ક્ષણે હાથમાં રિવોલ્વર લઈને વ્યાસ, તેના આસિસ્ટન્ટ સાથે રૂમમાં ધસી આવ્યા અને હેલ્થ ઑફિસર ડૉ.ઝાલા, રંગે હાથ ઝડપાઈ ગયા.

# એટેચી લઈને ઘરે આવ્યા

બીજા દિવસે, છાપાઓમાં લાંચ રૂશ્વતના છટકામાં મ્યુનિસિપાલિટીના હેલ્થ ઑફિસર ઝડપાઈ ગયાના સમાચાર, ચારે તરફ પ્રસરી ગયા. મારા ઉપર કેસમાં ફેરવી તોળવા માટે, દબાણ આવવા લાગ્યું. મારા જાણીતા કોઈને સાથે લઈને ડૉ.ઝાલાના એક સંબંધી, મને વારંવાર મળવા આવતા અને કોર્ટમાં કેસ ચાલે ત્યારે જુબાનીમાં તેના વકીલ જયંતીભાઈ વડોદરિયા કહે તે પ્રમાણે ફેરવી તોળવા મને આગ્રહ કરતા, જેથી ડૉ.ઝાલાને તે નિર્દોષ છોડાવી શકે. આ કામમાં મદદ કરવી 'મારે માટે અશક્ય છે', એમ વારંવાર સાંભળ્યા પછી, મારા એક મિત્ર નવનીત શોધન સાથે હાથમાં કાળા રંગની એટેચી લઈને, એ સજ્જને એક દિવસ મારા ઘરે આવવાની હિંમત કરી ને હું રાખી લઉં તો સારું. અન્યથા સંસ્થાના શુભ કાર્યમાં વાપરવા રાખી લેવાની ઑફર કરવા લાગ્યા. છેવટે મારે તેને અપમાનિત કરીને કાઢી મૂકવા પડયા અને ફરી નહીં આવવાની ચેતવણી આપવી પડી ત્યારે મને એમ હતું કે હવે આ વાતનો અહીં અંત આવી ગયો છે. પરંતુ એક દિવસ છબીલદાસ મહેતાનો ફોન આવ્યો. ગુજરાત વિધાનસભામાં ઘણે ભાગે એ નાણામંત્રી હતા, કહે 'ભાવનગર માજીરાજવાડી ગેસ્ટહાઉસમાં છું. કામ છે માટે મળી જજે. ' છબીલદાસ મહેતા સાથે મારે જૂનો પરિચય. કનુભાઈના હિસાબે મારા પિતાને અને મણિકાકાને મળવા આવતા. દરબારગઢમાં કૉંગ્રેસ સામે ચૂંટણી લડતા ત્યારે, એ અમને મદદ કરવા પણ આવતા. તેમના સાથી જશવંત મહેતા, લોકસભાની ચૂંટણી લડતા ત્યારે, અમે ભાવનગરમાં મદદ કરતા. એટલું જ નહીં પરંતુ લાઠી લીલીયાની વિધાનસભાની સીટ ઉપર છબીલદાસ મહેતા, પ્રભુદાસ મહેતા સામે ચૂંટણી લડયા ત્યારે, મેં તેના ભત્રીજા જયસુખ સાથે લાઠીમાં રહીને, ત્રણેક અઠવાડિયાં ચૂંટણીનો મોરચો સંભાળેલો. એ હતા બહુ સારા વકતા, મુત્સદ્દી અને સંબંધોના પાક્કા. ફોન આવ્યો એટલે હું માજીરાજવાડી ગેસ્ટહાઉસમાં તેમને મળવા પહોંચ્યો, ત્યારે તેની પાસે ઘણા બધા માણસો બેઠા હતા. મને જોઈને કહે, 'આવ બાબા આવ.' પછી અંદર રૂમમાં મને લઈ ગયા, મને કહે, 'જો ડૉ.ઝાલા એ મહુવાનો જમાઈ છે. તેના સાસરિયાનું મારા ઉપર બહુ દબાણ આવે છે. માટે કાંઈક રસ્તો કાઢવો

**ભ્રષ્ટ્રાચાર સામે જાહેર સભાઓ ગજવનારા છબીલદાસ મહેતા, જેને હું મારા આર્દશ માનતો હતો, એની આ વાત સાંભળીને હું તો ઘડીભર દ્દિગમૂઢ થઇ ગયો, એમના હાથમાં હાથ મિલાવીને મેં એટલુંજ કહ્યું, 'તમે અર્જુનની જેમ સાત કોઠા પાર કરવાનું અમને શીખવ્યું પરંતુ તેમાંથી બહાર નીકળવાનું નથી શીખવ્યું. માફ કરજો કહીને ત્યાંથી ચાલતી પકડી,**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:29 PM

પડશે.'ભ્રષ્ટાચાર સામે જાહેર સભાઓ ગજવનારા છબીલદાસ મહેતા, જેને હું મારા આદર્શ માનતો હતો, એની આ વાત સાંભળીને હું તો ઘડીભર દિગ્મૂઢ થઈ ગયો. પછી જરા સ્વસ્થ થઈને એમના હાથમાં હાથ મિલાવીને મેં એટલું જ કહ્યું, 'તમે અર્જુનની જેમ સાત કોઠા પાર કરવાનું અમને શીખવ્યું. પરંતુ બહાર નીકળવાનું નથી શીખવ્યું. માફ કરજો કહીને ત્યાંથી ચાલતી પકડી.'

લગભગ બે વર્ષ પછી કોર્ટમાં કેસ શરૂ થયો. ત્યાં સુધીમાં હું જાતજાતના પ્રલોભનો, ધમકીઓ અને માનસિક તાણમાંથી પસાર થયો, પરંતુ મારે ખરેખર તો પંચના નાના નાના ગરીબ અને મહેનતકશ સાક્ષીઓને બિરદાવવા જોઈએ, જેઓ દબાણ અને પ્રલોભન સામે ડગ્યા વગર છેવટ સુધી મારી સાથે અડીખમ ઊભા રહ્યા ને હોસ્ટાઈલ થયા વગર કોર્ટમાં જુબાની આપી.

## કોર્ટો ગરીબોને ન્યાય નહીં આપી શકે

એન્ટિકરપ્શન બ્યૂરોએ માંડેલો ભાવનગર મ્યુનિસિપાલિટીના હેલ્થ ઑફિસર ડૉ.ઝાલા ઉપરનો કેસ ફોજદારી કોર્ટમાં જેમ જેમ ચાલવા માંડ્યો, તેમ તેમ લોકોમાં અને વકીલોમાં ટોક ઑફ ધી ટાઉન જેવો બની ગયો. એક તરફ સરકાર તરફથી પોલીસ પ્રોસિક્યુટર જે.પી. મહેતા હતા ને બીજી તરફ તહોમતદાર તરફથી ભાવનગરના બાહોશ ઍડવોકેટ જયંતીભાઈ વડોદરિયા હતા. મારી જુબાની માટે પોલીસ પ્રોસિક્યુટરે તથા એન્ટિકરપ્શન બ્યૂરોના ચીફ વ્યાસે મને બરાબર તૈયારી કરાવી હતી અને તે મુજબ જુબાની તથા ઊલટ તપાસમાં હું કશી જ ભૂલચૂક વગર સફળ રહ્યો હતો. તે જ પ્રમાણે પંચના સાક્ષીઓ તથા વ્યાસજીની જુબાની અને ઊલટ પણ પરફેક્ટ રહ્યા પછી, તહોમતદારને છૂટવા માટે કોઈ ચાન્સ નથી, તેમ કોર્ટના બાર રૂમમાં વાતો સંભળાતી રહેતી હતી.



પરંતુ એકાએક આ શું થઈ ગયું? એક દિવસ ઊઘડતી કોર્ટમાં ન્યાયધીશે, ડૉ.ઝાલાને નિર્દોષ જાહેર કર્યા. સાંભળીને અમે સ્તબ્ધ રહી ગયા અને સામેવાળા અમારા સામે અટ્ટહાસ્ય કરતાં કોર્ટનો દાદર ઊતરી ગયા. આ ઘટના પછી હું રાત્રે ઊંઘી શક્યો નહીં. કોર્ટમાં બહાર નીકળતી વખતે, કનુભાઈ ઠક્કરે કહેલા એ કઠોર શબ્દો વારંવાર યાદ આવતા હતા. 'આપણી કોર્ટો ગરીબોને ન્યાય નહીં આપી શકે, આ તો બુદ્ધિજીવીઓના ભ્રષ્ટાચારની હાટડીઓ છે હાટડીઓ.'

**'આપણી કોર્ટો ગરીબોને ન્યાય નહીં આપી શકે, આ તો બુદ્ધિજીવીઓના ભ્રષ્ટાચારની હાટડીઓ છે હાટડીઓ.'**

## 'કહેતા ભી દીવાના ઔર સૂનતા ભી!'

તહોમતદાર ડૉ.ઝાલાના બાહોશ ઍડવોકેટ, કોર્ટને એમ સમજાવવામાં સફળ રહ્યા કે, 'ડૉ.ઝાલાને પહેલેથી જ ખબર હતી કે આ ગેસ્ટહાઉસમાં મ્યુ.નગરસેવક અનંતભાઈ શાહ પાર્ટનર છે. ત્યાં ગયા પછી ખબર પડી કે અનંતભાઈને ગેસ્ટહાઉસનો હાઉસટૅક્સ ભરવાનો બાકી છે, એટલે કાઉન્સિલરસાહેબને મ્યુનિસિપાલિટીમાં ધક્કો ન થાય એ માટે સેવા ભાવનાથી ડૉ.ઝાલા હાઉસટૅક્સના બીલની રકમ લેવા ગયા અને બિચારાને ફસાવી દીધા.' બોલો! કહેતા ભી દીવાના ઔર સૂનતા ભી દીવાના! જેવી આ વાત કોર્ટે માની પણ લીધી!

એન્ટિકરપ્શન બ્યૂરો ઑફિસર તો ધૂઆપૂઆ થયા હતા. હાઈકોર્ટમાં અપીલ કરી. પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે કોર્ટે અપીલ કાઢી નાખી અને અમે હાથ ઘસતા રહી ગયા. આ ઘટના પછી ન્યાયતંત્ર ઉપરનો મારો વિશ્વાસ ડગી ગયો.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:33 PM

# આખરે ક્રીડાંગણની જમીન મળી પણ...

## બળવંતરાય મહેતાની ઐતિહાસિક મુલાકાત



વચમાં બળવંતરાય મહેતા, ડાબી બાજુ હર્ષદભાઇ શેઠ, જમણી બાજુ અંતુભાઇ રાવળ

દરબારગઢ વૉર્ડમાં, બાળકો માટે ક્રીડાંગણની જમીન મેળવવા વીસેક વરસ સુધી લડત ચલાવી! ચારચાર વખત ચૂંટણીમાં, અમારા ઉમેદવાર સામે કૉંગ્રેસના ઉમેદવારોનો કારમો પરાજય થયો. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં, વિજય માટે ચોક્કસ ગણાતી ભાવનગરની સીટ ઉપર કૉંગ્રેસના મુખ્યમંત્રીપદના ઉમેદવાર બળવંતરાય મહેતાની, પ્રતાપભાઈ શાહ સામે નામોશીભરી હાર થયા પછી, પક્ષના ધુરંધરોની આંખો ખૂલી. ધારાસભ્ય ભોગીભાઈ લાલાણીએ, બળવંતરાય મહેતા ફરી ચૂંટણી લડી શકે તે માટે, સિહોરની સીટ ઉપરથી રાજીનામું આપ્યું. પ્રજાના રોષના કારણો જાણવા કૉંગ્રેસ પક્ષના કાર્યકર્તાઓએ લોકસંપર્ક શરૂ કર્યો. વૉર્ડના નાગરિકોને વર્ષોથી થતા અન્યાય સામે અમારો રોષ તો જાણીતો જ હતો. એટલે બાયઈલેકશનમાં સિહોરની સીટ ઉપર ચૂંટણી લડી રહેલા બળવંતરાય મહેતાએ અમને યુવાનોને મળીને અસંતોષના કારણો જાણવાની ઈચ્છા વ્યક્ત કરી. નક્કી થયા મુજબ નવજવાન સંઘના કાર્યાલયમાં, બહોળી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકરોની વચ્ચે બળવંતરાય મહેતા આવીને બેઠા ને વર્ષોથી થતા અન્યાયની વાતો શાંતિથી સાંભળી. પ્રશ્નોના ઉકેલ માટે હૈયાધારણા આપીને ગયા.

**નામોશીભરી હાર થયા પછી પક્ષના ધુરંધરોની આંખો ખૂલી. અન્યાય સામે અમારો રોષ તો જાણીતો જ હતો. બળવંતરાય મહેતા જેવા રાષ્ટ્રીય કક્ષાના મોટા દરજ્જાના નેતાનું, નવજવાન સંઘના કાર્યાલયમાં સામે ચાલીને આવવું એ અમારા સંઘર્ષના વિજયની પહેલી નિશાની હતી.**

બળવંતરાય મહેતા જેવા રાષ્ટ્રીય કક્ષાના મોટા દરજ્જાના નેતાનું, નવજવાન સંઘના કાર્યાલયમાં સામે ચાલીને આવવું એ અમારા સંઘર્ષના વિજયની પહેલી નિશાની હતી. બળવંતરાય મહેતાની આ ઐતિહાસિક મુલાકાત પછી, કૉંગ્રેસના સત્તાધીશોનું વલણ હકારાત્મક બન્યું. ત્યાર પછી મ્યુનિસિપાલિટીના પ્રમુખ ધીરજલાલ બકોરદાસ મહેતા સાથે મીટિંગો ગોઠવાણી અને આખરે બાળ ક્રીડાંગણ માટે ગામ તળાવમાં જમીન મળી.

## ક્રીડાંગણને બદલે પ્રસૂતિગૃહ

વર્ષોના સંઘર્ષ પછી ગામ તળાવમાં ક્રીડાંગણ માટે જમીન તો મળી પરંતુ સમયના વહેણ સાથે ગામ તળાવનું સ્વરૂપ બદલાઈ ગયું હતું. વીસ પચ્ચીસ વર્ષમાં ગામ તળાવની



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:36 PM



**હીરાભાઈ શાહ**

ખુલ્લી જમીન ઉપર, ફ્રૂટ અને શાકભાજીનું માર્કેટિંગ યાર્ડ થઈ ગયું હતું. સમગ્ર વિસ્તાર વાહનો, રસ્તે રખડતાં ઢોર, અને માનવ મહેરામણથી ઊભરાવા લાગ્યો હતો. હવે અહીંયા બાળકો માટે ક્રીડાંગણ બનાવવાનું ઉચિત જણાતું ન હતું. લોકોપયોગી પ્રવૃત્તિ માટે આ જમીનનો ઉપયોગ કરવાની વિચારણા કરવા એક દિવસ સાથી કાર્યકર હીરાભાઈ શાહના ઘરે મળ્યા. તેણે વાત કરી કે શહેરના ગામતળના વિસ્તારમાં, ગરીબ અને મધ્યમવર્ગની બહેનો માટે એક પણ સાર્વજનિક પ્રસૂતિગૃહ નથી તેથી પ્રસૂતિ સમયની ઇમર્જન્સીમાં લોકોને ઘણા કડવા અનુભવો થાય છે તો ક્યારેક વૈદકીયક્ષેત્રમાં રહેલી લોભી, લાલચુ વૃત્તિ પાસે મહામૂલું માનવ જીવન વધુ સસ્તું બની જાય છે.

એ ગંભીર સમસ્યા ઉપર આપણે વિચારવું જોઈએ. એવી અપીલ કરીને, તેના ઘરના કામવાળા કમુબહેનની વીતક કથા સંભળાવી.

ઘરના કચરાપોતાં અને વાસણ માંજવાનું કામ કરતાં કમુબહેનની દીકરી, પિયરમાં પહેલી સુવાવડ કરવા આવી હતી. તેને એક રાત્રે પ્રસૂતિની પીડા ઊપડી. સરકારી હૉસ્પિટલ ઘરથી દૂર ને ભરોસો ઓછો. દીકરી પિયરમાં ડિલિવરી કરાવવા આવી હતી, કાંઈ થઈ જાય તો સાસરિયાનું મેણું લાગે, એટલે કમુબહેને નજદીકમાં આવેલાં એક મૅટરનિટીહોમમાં દીકરીને દાખલ કરી દીધી. મેટરનિટીહોમ જાણીતા ગાયનેકૉલૉજિસ્ટનું હતું. ગામમાં ગાયનેક

> **ડૉક્ટરને ભગવાન માનતા ભોળા અને અબૂધ લોકો, કહી કહીને બીજું શું કહે ? 'ડૉક્ટર, જે કરવું પડે એ કરો, પણ એનો જીવ બચાવો.'**

ઓછા હતા. જે હતા તેની પ્રેક્ટિસ ધૂમ ચાલતી હતી. કમુબહેને જેમ તેમ કરીને ઍડવાન્સના પૈસા ભર્યા. દીકરીની પીડા વધતી જતી હતી. મોડી રાત્રે લેડી ડૉક્ટર આવ્યાં, 'સિઝેરિયન કરવું પડશે, જલદી નિર્ણય કરો. બાળક અને માતાનો જીવ જોખમમાં છે.' ડૉક્ટરને ભગવાન માનતા ભોળા અને અબૂધ લોકો, કહી કહીને બીજું શું કહે ?' 'ડૉક્ટર, જે કરવું પડે એ કરો, પણ એનો જીવ બચાવો, ભગવાન તમારું ભલું કરશે.' દેશમાં ૮૦ ટકા જેટલાં સિઝેરિયન, માત્ર ને માત્ર જલદી પૈસા કમાઈ લેવાની લાલચમાં કરવામાં આવે છે, એવું વિશ્વ આરોગ્ય સંસ્થા પણ કહે છે. પરંતુ આ દેશની આમજનતાને ક્યાંથી ખબર હોય ? અને ખબર છે તે પણ શું કરી શકે છે ?

હવે એક તરફ દીકરીને દીકરો આવ્યાની ખુશાલી, તો બીજી તરફ સિઝેરિયનનું મોટુંમસ બિલ આવ્યું તેની ચિંતા. કમુબહેન એક ઘરેથી બીજે ઘરે, ઉછીના પૈસા માગતાં ફરે, પણ કામવાળાનું ગજું કેટલું ? ડૉક્ટરે તો સંભળાવી દીધું, 'પૈસા ભરો પછી ડિસચાર્જ મળશે.' છેવટે મરણમૂડી જેવું ખખડધજ મકાન લખી આપીને વ્યાજે પૈસા લઈને ટાંગામેળ કર્યો ને દીકરીને ઘરે લઈ આવ્યાં.

કમુબેનની આ કરુણ કથની સાંભળ્યા પછી, ક્રીડાંગણને બદલે પ્રસૂતિગૃહની જરૂરિયાત વધુ છે એમ અમે નિર્ધાર કર્યો.





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:40 PM

# સખાવત સાથે સમાજ સેવાના રંગે રંગાયેલા શશીભાઈ વાઘર



## સંવેદનાથી ભરેલા માણસ

ઘણાખરા દાતાઓ દાન આપીને છૂટી જતા હોય છે, જયારે કોઈક વીરલા દાન કરીને સેવાકાર્યમાં સાથે જોડાય છે. નવજવાન સંઘ પછી વી.સી. લોઢાવાળા હૉસ્પિટલની સ્થાપના વખતે સમાજસેવાનાં રંગે રંગાયેલા આવા એક દાતા મળ્યા શશીભાઈ રતિલાલ વાઘર. શશી ઈન્ડસ્ટ્રીની માઝા અગરબત્તીથી દેશભરમાં તે જાણીતા તો ખરા, પરંતુ અગરબત્તીની સુગંધની જેમ ઉમદા દાતા તરીકે તેમની સુવાસ પણ એવી જ પ્રસરેલી. શશીભાઈ સંવેદનાથી ભરેલા માણસ. એ કોઈનું દુઃખ ન જોઈ શકે. જમણા હાથે કરેલું ડાબો હાથ ન જાણે એમ એ પાસે આવેલા દીન દુઃખીઓને આપતા જ રહે. ન તેનો કોઈ હિસાબ કે ન કોઈ જાહેરાત!

શશીભાઈને માતા પ્રભાકુંવરબહેન ને પિતા રતિલાલ મોનજી માટે વિશેષ લાગણી અને પ્રેમ. દાન આપે ત્યાં માતાપિતાના નામની તક્તિ અને ફોટા મુકાવે. એટલું જ નહી પરંતુ પોતાનું, પત્ની ચંદ્રાબહેનનું, પુત્રો હિતેન, તુષાર અને નીલેશ, પુત્રવધૂઓ અમિતા, નયના અને અંજનાના નામે દાન કરે, એ તો ઠીક પરંતુ પૌત્રી એકતા, ખુશાલી અને પૌત્ર સિદ્ધાર્થ પણ તેમાંથી બાકાત નહીં, કારણ તો કહે સંસ્કાર વારસો. કોઈક દિવસ જોશે તો મારી કેડી કંડારશે.

આ શશીભાઈ લોઢાવાળા હૉસ્પિટલ સાથે જોડાયા, ત્યારથી આજ સુધી ધંધામાં વ્યસ્ત હોવા છતાં એક પછી એક સંલગ્નિત સંસ્થાઓમાં સક્રિય રહીને યોગદાન આપતા રહ્યા છે. પછી તે બહેરાંમૂંગાં શાળા હોય, અંધશાળા હોય, ‘અંકુર’ મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા હોય કે પી.એન.આર. ના સી.પી. બાળકોની સંસ્થા હોય! પી.આર. વાઘર વિકલાંગોના કૃત્રિમ સાધનોનું વર્કશોપ અનો પી.એન.આર. પોલિયો હૉસ્પિટલમાં દર્દીઓ માટે બે અતિથિગૃહના મોટા દાન સાથે સંસ્થાઓની રોજબરોજની જરૂરિયાતોમાં વગર માગ્યે દાન આપવામાં તેઓ અતિ ઉત્સાહ દાખવે ત્યારે કયારેક તેને રોકવા પડે, એમ કહીને કે ‘બીજાને હવે થોડો લાભ લેવા દો.’ તેમણે ધાર્યું હોત તો પુત્રોના લગ્ન હૉટલમાં કરી શકયા હોત પરંતુ સમાજને એક દૃષ્ટાંત પૂરું પડવા માટે શશીભાઈએ ત્રણેય પુત્રોના લગ્ન અંધશાળામાં કર્યા. એટલું જ નહીં પરંતુ ચાંદલાની રકમ અંધશાળાને અર્પણ કરવામાં આવશે એમ કંકોત્રી છપાવી ને હજારો રૂપિયા સંસ્થાને એકત્રિત કરી આપ્યા. વરઘોડિયાની સ્મૃતિમાં બે રૂમ અને એક સુંદર મજાનો ફાઉન્ટન પણ બંધાવી આપ્યો.

દેશભરમાં યોજાતા પોલિયો અને પ્રભાફૂટના કૅમ્પ તથા કચ્છના ધરતીકંપમાં શશીભાઈએ પ્રશંસનીય સેવા બજાવી છે. ચેમ્બર ઑફ કોમર્સના પ્રમુખ રહી ચૂકેલા શશીભાઈ પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓમાં વર્ષોથી સન્માનનીય હોદ્દા ઉપર રહ્યા છે. તાજેતરમાં પ્રજ્ઞાચક્ષુઓની નિરંતર સેવા માટે નેશનલ ઍસોસિયેશન ફોર ધી બ્લાઈન્ડે ભીખાભાઈ શાહ ઍવોર્ડ આપીને તેમનું સન્માન કર્યું. આવા દાતા કમ સેવક સમાજ માટે રત્નજડિત ઘરેણું છે.

**ઘણાખરા દાતાઓ દાન આપીને છૂટી જતા હોય છે, જ્યારે કોઇક વીરલા દાન કરીને સેવાકાર્યમાં સાથે જોડાય છે.**

**શશીભાઇ સંવેદનાથી ભરેલા માણસ જમણા હાથે કરેલું ડાબો હાથ ન જાણે એમ એ પાસે આવેલા દીન દુઃખીઓને આપતા જ રહે.**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:43 PM




# લોઢાવાળા માતૃત્વ અને બાળ હૉસ્પિટલની સ્થાપના

બાળ ક્રીડાંગણની જગ્યાએ પ્રસૂતિગૃહની સ્થાપનાનો નિર્ણય કર્યો ત્યારે સ્વપ્ને પણ ખ્યાલ ન હતો કે આ પ્રસૂતિગૃહ આગળ જતાં મોટું પોલિકિલનિક હૉસ્પિટલ બનીને, હજારો જરૂરતમંદ દર્દીઓ માટે આશા કિરણ બની રહેશે. ક્રીડાંગણ માટે મળેલા પ્લોટની લંબાઈ-પહોળાઈ માત્ર ૩૦ બાય ૬૦ ફૂટની હતી. પથિકાશ્રમ શાક માર્કેટના રોડ ઉપર દરવાજા માટે ૩૦ ફૂટનું ઓપનિંગ મળતું હતું. પરંતુ ફૂટપાથથી તળાવના ખાડાની ઊંડાઈ પંદરેક ફૂટની હતી. તળાવની અંદરની ગંદકી અને એન્ક્રોચમેન્ટને કારણે હૉસ્પિટલની કોઈ પ્રવૃત્તિ તળાવની અંદર કરવી શકય ન હતી, એટલે રોડ લેવલ સુધી ઉપર આવવા માટે બિલ્ડિંગ પ્લાનમાં ભોંયતળિયે બે ગોડાઉન, અને ગ્રાઉન્ડ ફલોર ઉપર કેસ બારી, મુલાકાતીકક્ષ, ઑફિસ, કન્સલ્ટિંગ રૂમ, ઓટોકલેવ રૂમ, ઑપરેશન થિયેટર, લેબર રૂમ અને આઠ બેડનો એક જનરલ વૉર્ડ અને ફર્સ્ટ ફલોર ઉપર લેબોરેટરી, એકસ-રે તથા સ્પે. રૂમ વગેરેનું



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:46 PM

પ્લાનિંગ કર્યું. તેમાં મારો હેલ્થ ડિપાર્ટમૅન્ટનો અને પી.ડી. ત્રિવેદી તથા ચંદ્રિકાબહેન બનજારાના ગવર્નમેન્ટ હૉસ્પિટલનો અનુભવ કામ આવ્યો.

હૉસ્પિટલની પ્રવૃત્તિ શરૂ કરવાના નિર્ણય સાથે, 'સંઘ'ની દૈનિક પ્રવૃત્તિમાં એક નવો વળાંક આવ્યો. આ પ્રવૃત્તિએ સંસ્થાનું ભવિષ્ય બદલી નાખ્યું. બાંધકામ માટે મોટા ફંડની જરૂરત હતી તેમાં સંઘર્ષની જગ્યાએ પરિપકવતા જોઈએ, એ માટે કમર કસી. તળાવના ખાડામાંથી ઉપર આવવા માટે પહેલાં બે ગોડાઉન બાંધવાના હતાં. ગોદામ માટે કોઈ ડોનેશન આપે નહીં. વેચાણ કરીએ તો ગોદામની ડિમાન્ડ હતી, પરંતુ મ્યુનિસિપાલિટી એમ હેતુફેર કરવા દેતી ન હતી. છેવટે મારા એક મિત્ર વનુભાઈ ગાંધી વહારે આવ્યા. હૉસ્પિટલ સહિતનું બાંધકામ પૂરું થઈ જાય પછી, બંને ગોદામનો કબ્જો તેને આપવો, એવી મૌખિક સમજૂતીથી મારા ઉપર ભરોસો મૂકીને રૂપિયા પચાસ હજારનું દાન તેમણે આપ્યું. અને ઝડપથી બાંધકામ કરીને ખાડામાંથી બહાર નીકળ્યા.

**હૉસ્પિટલની પ્રવૃત્તિ શરૂ કરવાના નિર્ણય સાથે, 'સંઘ'ની દૈનિક પ્રવૃત્તિમાં એક નવો વળાંક આવ્યો. આ પ્રવૃત્તિએ સંસ્થાનું ભવિષ્ય બદલી નાખ્યું.**

## ડોનેશનઃ ખાટા મીઠા અનુભવો

હવે પ્રસૂતિગૃહના ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોરનાં બાંધકામ માટે, અંદાજે બે લાખ રૂપિયાની જરૂરત હતી. સાથી કાર્યકર હીરાભાઈના પ્રયત્નથી, શેઠશ્રી વિઠ્ઠલદાસ છગનલાલ લોઢાવાળાની સ્મૃતિમાં, પ્રસૂતિગૃહ માટે રમણીકલાલ મનોહરદાસ શાહ, પાસેથી રૂપિયા એકાવન હજારનું દાન મેળવી શકયા. આ બીજી મોટી સફળતા પછી ઉત્સાહ વધી ગયો. હવે હૉસ્પિટલના ગ્રાઉન્ડ ફ્લોરના રૂમો ઉપર ત્રણ હજાર, પાંચ હજાર, અગિયાર હજાર, એમ દાન લઈને, ગ્રાઉન્ડ ફ્લોર થઈ શકે તેટલી રકમના દાનનો લક્ષ્યાંક પહેલા ફેઝમાં પૂરો કરવાનો હતો. દાન લેવા નીકળતા ત્યારે, જાતજાતના અનુભવ થતા. કોઈ છૂટથી હોંશેહોંશે દાન કરે છે, તો કોઈને દાન કરવાની ઈચ્છા થાય, પણ પૈસા હાથમાંથી છૂટે નહીં, એવું પણ જોવામાં આવ્યું.

વૉર્ડની જમાદાર શેરીમાં, સનાતન સ્કૂલના રિટાયર્ડ શિક્ષક શ્રી ગોસળિયા પ્રેમચંદભાઈ ને પત્ની કંકુબહેન રહેતાં હતાં. આ નિઃસંતાન દંપતી અતિ કંજૂસ તરીકે જાણીતું હતું. આડોશ પાડોશ અને સગાં સંબંધીઓ સાથે સામાજિક સંબંધોથી જીવનમાં અલિપ્ત રહેનાર, આ પ્રેમચંદભાઈના પત્નીનું થોડા દિવસ પહેલાં જ અવસાન થયું હતું ત્યારે અંતિમ ક્રિયા માટે, કાર્યકર પ્રતાપભાઈ ભાયાણીએ મુશ્કેલીથી ડાઘુઓ ભેગા કરી તેને સ્મશાને પહોંચાડ્યાં હતાં. આ અંતિમક્રિયાનો ખર્ચ લેવા જતાં તો ભાયાણીભાઈએ ઘણું જસ્ટિફિકેશન સાહેબને આપવું પડેલું, એ બનાવ હજી તાજો જ હતો, ત્યાં ડૉ.વિશ્નુભાઈ મહેતા મળી ગયા,





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:50 PM

**દાન લેવા નીકળતા ત્યારે,
જાતજાતનાં અનુભવ થતા,
કોઇ છૂટથી હોંશે હોંશેં દાન કરે છે.
તો કોઇને દાન કરવાની
ઇચ્છા થાય,પણ પૈસા
હાથમાંથી છૂટે નહીં.**



**ડાબેથી રમણીકલાલ મનોહરદાસ શાહ (લોઢાવાળા) ડૉ. અદવર્યુ સાહેબ, હું, પાછળ શશીભાઈ વાઘર, શામજીભાઈ પરમાર, હીરાભાઈ અને કનુભાઈ ઠક્કર**

'બાબા, આ ગોસળિયાસાહેબને જોઈને આવું છું, તેની તબિયત સારી નથી. હવે એને દાન કરવાની ઇચ્છા થઈ છે, તું પહોંચ તો કામ થઈ જશે!' આશા તો ઓછી હતી, છતાં હું પ્રતાપભાઈ ભાયાણીને લઈને મરણ પથારીમાં પડેલા સાહેબ પાસે પહોંચ્યો. થોડી સમજાવટ પછી તેનાં અને તેમના પત્નીના નામે, પ્રસૂતિગૃહના બે રૂમ ઉપર, બધા મળીને દસ હજારનું દાન આપવા તે તૈયાર થયા. પણ પૈસા આપવાની વાત આવી એટલે ચેક બુક શોધીને લખીશ, એમ કહીને અમને વળાવી દીધા. પછી તો સવારે જઈએ તો સાંજે અને સાંજે જઈએ તો કાલે સવારે, એમ વાયદા કરે પણ ચેક આપે નહીં અને ના પણ પાડે નહીં. એવામાં સાહેબના કોઈ સગાએ વધુ સારવાર માટે તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ થવા તેડાવ્યા. એ ટ્રેનમાં બેસી જાય તે પહેલાં અમે તેને ઘરે પહોચ્યા તો કહે, 'ચેક બુક સામાનમાં પેક થઈ ગઈ છે, અમદાવાદ જઈને તમને મોકલી આપીશ.' હવે આમ મોઢે આવેલો કોળિયો કેમ મૂકી દેવો? કાર્યકર અંતુભાઈ રાવળ રેલવેમાં ગાર્ડની નોકરી કરે તે સાહેબની સાથે ટ્રેનમાં ચડી ગયા, સાહેબના એસ્કોર્ટ તરીકે સેવા કરતા કરતા પહોંચ્યા અમદાવાદ ને સિવિલમાં સાહેબને દાખલ કરી બેગમાંથી ચેક બુક કઢાવી ધરાર ચેક લઈને બીજા દિવસે આવ્યા ભાવનગર, ત્યારે ધરપત થઈ.

આવા ખાટામીઠા અનુભવો સાથે પ્રસૂતિગૃહના બેઝમૅન્ટ, ગ્રાઉન્ડ ફલોર અને ફર્સ્ટ ફલોર તૈયાર થઈ ગયાં. ૨૧-૦૪-૧૯૭૭ ના દિવસે, મ્યુ. પ્રમુખ ધીરજલાલ બકોરદાસ મહેતાના પ્રમુખસ્થાને અને સંતશ્રી ડૉ.અધ્વર્યુસાહેબના વરદ્હસ્તે, દીપપ્રાગટ્ય કરીને, માનભાઈ ભટ્ટ, કનુભાઈ ઠક્કર, પ્રમુખદાતા રમણીકલાલ મનોહરદાસ વગેરેની ઉપસ્થિતિમાં હૉસ્પિટલનું ઉદ્ઘાટન સંપન્ન થયું.





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:53 PM

## પ્રસૂતિગૃહનો શ્રેષ્ઠ સમય

તળ ભાવનગરની અડધી વસતિ એટલે દરબારગઢ, પીરછલ્લા, ભગાતળાવ, વોરા શેરી, કણબીવાડ, સુતારવાડ અને વડવા વિસ્તારને આવરી લેતાં આ પ્રસૂતિગૃહને અણધારી સફળતા મળી. હૉસ્પિટલનું મૅનેજમૅન્ટ અને નિષ્ણાત ડૉક્ટરની ટીમ ઉપર હંમેશાં તેની સફળતાનો આધાર હોય છે. અમારા પ્રસૂતિગૃહની શરૂઆત ડૉ.નિશાબહેન, ડૉ.કનકબહેન શુક્લ, ડૉ.નાનીબહેન ચૌહાણ વગેરેથી થઈ. અને ત્યાર પછી ગાયનેકૉલૉજિસ્ટ દંપતી ડૉ.સુધાબહેન મહેતા અને ડૉ.બકુલભાઈ મહેતા જોડાયાં અને હૉસ્પિટલનો શ્રેષ્ઠ સમય શરૂ થયો. આ દંપતીના એક્સપર્ટાઇઝેશન અને ડેડિકેશનથી હૉસ્પિટલની નામના જિલ્લાભરમાં થવા લાગી. ત્યાર પછી ડૉ.મનીષભાઈ ત્રિવેદી અને ડૉ. નિયતિ ત્રિવેદી, ડૉ.ચાવડા વગેરે એક પછી એક નિષ્ણાત ગાયનેકની સેવા મળતી રહી.આજે ડૉ.અમિત વાજાએ પ્રસૂતિગૃહ સાથે, સોનોગ્રાફીમાં હૉસ્પિટલનીં વિશેષતા જાળવી રાખી છે. પરિણામે વી.સી. લોઢાવાળા હૉસ્પિટલના આ પ્રસૂતિગૃહનું નામ આજે ગૌરવ સાથે લેવાય છે તે ભાવનગરવાસીઓ માટે ગર્વની વાત છે.

**તળ ભાવનગરની અડધી વસતિ એટલે દરબારગઢ, પીરછલ્લા, ભગાતળાવ, વોરા શેરી, કણબીવાડ, સુતારવાડ અને વડવા વિસ્તારને આવરી લેતાં આ પ્રસૂતિગૃહને અણધારી સફળતા મળી.**





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:19:57 PM

# ઇ.એન.ટી હૉસ્પિટલની સુવિધા

૧૯૭૦માં બહેરાંમૂંગાં શાળાના આધુનિકરણનો પ્રૉજેક્ટ હાથ ધર્યા પછી, ઈ.એન.ટી. સર્જન અને ઑડિયોલૉજિસ્ટની જરૂરિયાત સમજાણી. બાળકોના કાનની બહેરાશના નિદાન માટે સૌ પ્રથમ ઈ.એન.ટી. સર્જનનો રોલ અગત્યનો હતો. પરંતુ જિલ્લાની સરકારી હોસ્પિટલ કે ખાનગી પ્રૅક્ટિશનરોમાં એક પણ ઈ.એન.ટી. ન હતા. આ પરિસ્થિતિમાં ઘણે ભાગે લોકોને અમદાવાદ અથવા મુંબઈ જવું પડતું, તે અતિ ખર્ચાળ હોવાથી બધાંને પરવડતું નહીં, પરિણામે ઘણાં શ્રવણમંદ બાળકો નિદાન વગરના રહી જતાં તે ચિંતાનો વિષય હતો.

## ડૉ.માનસેતાના ઓ.પી.ડી.થી શરૂઆત

આ સમસ્યાના ઉકેલ માટે, તાત્કાલિક તો કોઈ ઈ.એન.ટી. સર્જન ભાવનગરમાં આવીને પ્રૅક્ટિસ કરે, એવા સંજોગો ન હતા. અને કોઈ આવે તો કાંઈ સુવિધા પણ ન હતી. એટલે પ્રાયોગિક ધોરણે ડૉ.માનસેતાને મહિનામાં બીજા અને ચોથા રવિવારે, અમદાવાદથી ભાવનગર વિઝિટિંગ સર્જન તરીકે વી.સી. લોઢાવાળા હૉસ્પિટલમાં આવવાનું આમંત્રણ આપ્યું.

ડૉ.માનસેતા મૂળ સાવરકુંડલાના ને નવા નવા સર્જન બનીને અમદાવાદમાં પ્રેક્ટિસ શરૂ કરી હતી. ડૉ.માનસેતાએ આમંત્રણ સ્વીકાર્યું, એટલે લોઢાવાળા હૉસ્પિટલમાં ઈ.એન.ટી. નો ઓ.પી.ડી. શરૂ કર્યો. પહેલાં તો દર્દીઓનો રિસ્પૉન્સ મળશે કે કેમ? તે માટે શંકા હતી. પરંતુ સચોટ નિદાન, સરળ સ્વભાવ, અને દર્દી સાથે આત્મીયતાથી કાઉન્સેલિંગ કરવાની આવડતને કારણે, તેઓ થોડા જ સમયમાં ઘણાં લોકપ્રિય થઈ ગયા. સવારથી સાંજ સુધી ડૉક્ટર બેસતા, તો પણ દર્દીઓની લાઇન ખૂટતી નહીં. આ સફળતા જોયા પછી, ગામમાં એક ઈ.એન.ટી. હૉસ્પિટલની જરૂરિયાત માટે શંકાને કોઈ સ્થાન રહ્યું નહીં.

## અદ્યતન ઇ.એન.ટી. હૉસ્પિટલનો નિર્ધાર

પ્રાયોગિક ધોરણે શરૂ કરેલા ઈ.એન.ટી.ઓ.પી.ડી. ની સફળતા પછી, પ્રસૂતિગૃહની ઉપર બીજા માળનું બાંધકામ કરીને, શહેરની સર્વ પ્રથમ ટ્રસ્ટ સંચાલિત ઈ.એન.ટી. હૉસ્પિટલની સ્થાપના કરવાનો નિર્ધાર કર્યો. પરંતુ માત્ર નિર્ધાર કરવાથી કોઈ હૉસ્પિટલ ઊભી ન થઈ જાય. હૉસ્પિટલના બીજા માળનું બાંધકામ, અદ્યતન ઑપરેશન થિયેટર, ઑપરેટિવ માઇક્રોસ્કોપ, વગેરે માટે રૂપિયા બે લાખ, તેમજ બાકીની વિંગ અને ત્રીજા માળ ઉપર સ્ટાફ ક્વાર્ટર, ગેસ્ટરૂમ વગેરે માટે અઢી લાખ, એમ મળીને સાડા ચાર લાખ રૂપિયાની જરૂરિયાત હતી. આટલી મોટી રકમનું ડૉનેશન મુશ્કેલ જણાતું હતું.





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:00 PM

ઈ.એન.ટી. હૉસ્પિટલ અને અન્ય વિભાગ માટે સાડા ચાર લાખનું ફંડ એકત્રિત કરવા માટે પ્રયત્ન શરૂ કર્યા. તેમાં સદ્ભાગ્યે અંધ ઉદ્યોગ શાળા, અને બહેરાંમૂંગાં શાળાના ટ્રસ્ટી સાથી કાર્યકર ડૉ.કૃષ્ણપ્રસાદ દોશી સૌથી વધુ ઉપયોગી નીવડયા. ડૉ. દોશીના એક પરમ મિત્ર પ્રાણજીવન પારેખ હતા. ડૉકટર તેને નાનુ કહેતા. આ નાનુભાઈ મુંબઈની મંગળદાસ માર્કેટમાં કાપડની દલાલી કરે અને તેના એક ખાસ મિત્ર જયંતીભાઈ તળાજિયા, મુંબઈમાં પ્રાર્થના સમાજ પાસે ઓલવીન ડ્રાયફ્રૂટ સ્ટોર્સની દુકાન ચલાવે. આ જયંતીભાઈના યુવાન પુત્ર નીતિનભાઈનું, કમળામાંથી કમળી થઈ જતાં અવસાન થયું હતું. તેની કાયમી સ્મૃતિ રહે તેવી યોજનામાં દાન કરવાની જયંતીભાઈને ઈચ્છા હતી. એ વાત ડૉકટર દોશીને નાનુભાઈએ કરી હતી. ડૉકટરે નાનુભાઈને મુંબઈ ફોન ઉપર પૃચ્છા કરી તો જવાબ પૉઝિટિવ મળ્યો. ડૉકટર દોશીને લઈને હું, હીરાભાઈ અને અંતુભાઈ રાવળ બીજા દિવસે મુંબઈ પહોંચ્યા. નાનુભાઈને સાથે લઈને અમે, જયંતીભાઈને ઘરે મળવા ગયા. જયંતીભાઈ, તેના પત્ની ચંદ્રાબહેન, મોટા ભાઈ દેવચંદભાઈ વગેરેને ઈ.એન.ટી. હૉસ્પિટલની યોજના ગમી ગઈ ને ચર્ચાને અંતે રૂપિયા પંચોતેર હજારનું દાન આપવા જયંતીભાઈ સહમત થઈ ગયા. પ્રૉજેકટમાં બાકી ઘટતી દાનની રકમ મેળવી આપવા માટે તે ઉપયોગી થશે, એવી ખાતરી પણ આપી. નવા બંધાતા હૉસ્પિટલના ઈ.એન.ટી. વિભાગને તેના પુત્ર સ્વ. નીતિનકુમાર જયંતીલાલ તળાજિયા ઈ.એન.ટી. હૉસ્પિટલ એમ નામ આપવું અને સ્વ. નીતિનકુમારનું એક સ્ટેચ્યુ તેઓ કરાવી આપશે, તે આ વિભાગમાં મૂકવાની શરત સાથે દાનની ઓફર સ્વીકારી લીધી.

**શહેરની સર્વપ્રથમ ટ્રસ્ટ સંચાલિત ઈ.એન.ટી. હૉસ્પિટલની સ્થાપના કરવાનો નિર્ધાર કર્યો. પરંતુ માત્ર નિર્ધાર કરવાથી કોઈ હૉસ્પિટલ ઊભી ન થઈ જાય.**

## ઈ.એન.ટી. હૉસ્પિટલનું ખાતમુહૂર્ત

ઈ.એન.ટી. હૉસ્પિટલના બે લાખના બજેટ સામે માત્ર પંચોતેર હજારમાં પ્રમુખ દાતાને નામ આપવામાં ઉતાવળ કરી નાંખી, એવી મનોવ્યથા શરૂશરૂમાં અનુભવી. પરંતુ પોતે તો દાન આપ્યું સાથો સાથ પોતાના સ્નેહી સંબંધી, વેપારીઓ પાસેથી પણ ફંડ ઉઘરાવવામાં, એક અદના કાર્યકરની જેમ ખભેખભા મિલાવીને જોડાયા. હૉસ્પિટલના લાભાર્થે મુંબઈના બિરલા માતુશ્રી ગૃહમાં તા. ૦૨-૦૯-'૭૯ના 'જીવનસાથી' નાટકનો એક ચૅરિટી શો ગોઠવવામાં ઉપયોગી થયા. તેના મોટાભાઈ દેવચંદભાઈ, તેના વેવાઈ શશીભાઈ વેલાણી, મિત્ર નાનુભાઈ પારેખ વગેરેને પણ સંસ્થામાં રસ લેતા કર્યા, જે આગળ જતાં ઘણા ઉપયોગી બની રહ્યા.



સ્વ. નીતિનકુમાર જયંતીલાલનું સ્ટેચ્યુ



જયંતીભાઈ તળાજિયા



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:03 PM

**જયંતીભાઇના યુવાન પુત્ર નીતિનભાઇનું, કમળામાંથી કમળી થઇ જતાં અવસાન થયું હતું. તેની કાયમી સ્મૃતિ રહે તેવી યોજનામાં દાન કરવાની જયંતીભાઇને ઇચ્છા હતી.**

મુંબઈના ખ્યાતનામ ઈ.એન.ટી. સર્જન ડૉ. હીરાનંદાણી, ડૉ. દોશીસાહેબની સાથે ભણેલા એટલે તેમને સારી મૈત્રી. અમારા આમંત્રણને માન આપીને ડૉ. હીરાનંદાણી, તેમના પુત્ર ડૉ. નલિન હીરાનંદાણી અને તેમની ટીમ સાથે ભાવનગર આવ્યા. તા. ૨૮-૦૪-૧૯૭૯ના શુભ દિવસે મુખ્ય દાતા જયંતીભાઈ તળાજિયા અને તેમના પત્ની ચંદ્રાબેનના હસ્તે ઈ.એન.ટી. હૉસ્પિટલનું ભૂમિપૂજન અને ડૉ. હીરાનંદાણીના હસ્તે ખાતમુહૂર્તની વિધિ સંપન્ન થઈ ને સાથે કાન-નાક-ગળાની તપાસના એક કૅમ્પનું પણ આયોજન થયું.

## માનવી ધારે છે કાંઇક અને ઇશ્વર કરે છે કાંઇક

યુવાપુત્ર નીતિનકુમારના અકાળે થયેલા અવસાનના આઘાતમાંથી બહાર આવવા માટે જયંતીભાઈ, 'દર્દી દેવો ભવ' સમજીને ઈ.એન.ટી. હૉસ્પિટલની પ્રવૃત્તિમાં ઓતપ્રોત થઈ ગયા હતા. પરંતુ 'માનવી ધારે છે કાંઈક અને ઈશ્વર કરે છે કાંઈક' તેમ હૉસ્પિટલનું ઉદ્ઘાટન થાય તે પહેલાં પરદુ:ખભંજન જયંતીભાઈ સૌને વિલાપ કરતાં મૂકીને ૯ જૂન ૧૯૮૧ ના રોજ અવસાન પામ્યા. અમે એક સંનિષ્ઠ કાર્યકર અને દાતા ગુમાવ્યા. ઈ.એન.ટી. હૉસ્પિટલના ખાતમુહૂર્ત પછી ઝડપથી બાંધકામ પૂરું કરીને, અદ્યતન ઑપરેશન થિયેટરની સુવિધા સાથે ભાવનગરની સૌ પ્રથમ કાન-નાક-ગળાની હૉસ્પિટલ એક વર્ષમાં તૈયાર થઈ ગઈ. તા. ૩૧-૦૮-૧૯૮૦ ના શ્રીમતી ચંદ્રાબહેન જયંતીલાલ તળાજિયાના વરદ્ હસ્તે ઉદ્ઘાટન સંપન્ન થયું. આ કાર્યક્રમમાં ડૉ.હીરાનંદાણીએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. જયારે શ્રી ચુનિલાલ મહેતા, અને દાતા શ્રી શૈલેશભાઈ કોઠારી, મુંબઈ, મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. આ ઈ.એન.ટી. હૉસ્પિટલની શરૂઆત ડૉ. જગદીશ ભટ્ટ, ત્યાર પછી ડૉ.શિવાનંદ ઝા, ડૉ.મહાવીરસિંહ જાડેજા જેવા યુવા ઉત્સાહી ડૉકટરોથી થઈ, જેનો લાભ પ્રતિ વર્ષ હજારો દર્દીઓ લઈ રહ્યા છે.

## જયંતીભાઇની સ્મૃતિમાં નેત્ર-ચિકિત્સા વિભાગ

હૉસ્પિટલના બીજા માળ ઉપર ઈ.એન.ટી. વિભાગની સાથે જ, જયંતીભાઈની કાયમી સ્મૃતિમાં નેત્ર-ચિકિત્સા વિભાગ માટે, તેના પરિવાર તરફથી રૂપિયા એકતાલીસ હજારનું દાન મેળવવામાં સફળ થયા એટલે ઈ.એન.ટી. ના ઉદ્ઘાટન સાથે આ નેત્ર-ચિકિત્સા વિભાગનું ઉદ્ઘાટન, મુંબઈના જાણીતા ઓપ્થેલમિક સર્જન ડૉ.કાંતિભાઈ મોદી FRCS લંડનના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ નેત્ર-ચિકિત્સા વિભાગમાં સેવાને વરેલા ઓપ્થેલમિક સર્જન ડૉ.અતુલ વસાવડાએ સળંગ ત્રીસેક વરસ સુધી સેવા આપી,વિભાગને લોકપ્રિય બનાવ્યો.





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:07 PM

# દંત ચિકિત્સા વિભાગ



બીજા માળની વિંગ ઉપર ઈ.એન.ટી. અને નેત્ર-ચિકિત્સા વિભાગ માટે દાન મળ્યા, પછી બાકી જગ્યા હતી તે માટે સ્વ. મોહનલાલ બેચરદાસ મહેતા દુદાણાવાળાના સ્મરણાર્થે, 'દંત ચિકિત્સા વિભાગ' નું યોગદાન મળી જતાં શ્રીમતી રંભાબહેન મોહનલાલ મહેતાના વરદ્ હસ્તે તેનું ઉદ્‌ઘાટન પણ સાથે જ સંપન્ન થયું. આ વિભાગમાં ડૉ.ઉમાબહેન જે. ભટ્ટ ફુલ ટાઈમ ડેન્ટલ સર્જન અને ડૉ.મનીષ વકીલ વિઝિટિંગ ડેન્ટલ સર્જને ઘણાં વરસ સુધી સેવા આપી હતી. આમ, ટૂંકા સમયમાં શહેરના ગરીબ અને મધ્યમવર્ગના પ્રજાજનોની આરોગ્યની સુવિધાની સમસ્યાને ફૂલ ફલેજ હૉસ્પિટલ બાંધીને હળવી કરીને સમાજમાં રચનાત્મક પ્રવૃત્તિઓની નમૂનેદાર કેડી કંડારી શકયા.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:10 PM

# રાહતનિધિફંડઃ પ્રણેતા પ્રતાપભાઈ અને રશ્મિબહેન પારેખ



પ્રતાપભાઇ પારેખ



રશ્મિબહેન પારેખ

સંસ્થાની મુંબઈ કમિટીનાં ચેરમેન શામજીભાઈ પારેખનાં નિધન પછી તેમનાં જયેષ્ઠ પુત્ર પ્રતાપભાઈ અને પુત્રવધૂ રશ્મિબહેને સંસ્થાની વિશેષ કાળજી લેવાનું શરૂ કર્યું. જરૂરતમંદલોકોને તુરત અને સીધી મદદ મળી રહે તેમાં આ દંપતીને વધુ રસ જાગ્યો.


## દર્દી રાહતનિધિ

અમારી સંસ્થાની સંલગ્નિત સંસ્થા લોઢાવાળા હૉસ્પિટલમાં સમાજનો અત્યંત ગરીબ વર્ગ લાભ લઈ રહ્યો હતો. દર્દીને સાવ ટોકન ફીમાં સેવા મળતી તેમ છતાં ઘણાં લોકો પૈસાના અભાવે સારવારથી વંચિત રહી જતા. સંસ્થાનાં કાર્યકર રાજેશ હકાણી પાસેથી વાત જાણ્યા પછી પ્રતાપભાઈએ સ્વર્ગસ્થ પિતાશ્રીની સ્મૃતિમાં સ્વ. શામજી માવજી પારેખ રાહત નિધિ કોર્પસ ફંડ માટે પોતાનું આર્થિક યોગદાન આપ્યું. આ કોર્પસ ફંડના વ્યાજમાંથી દર મહિને લોહી, પેશાબ, થાયરોઈડ, ડાયાબિટિસ, સ્ત્રી રોગની તપાસ અને સારવાર તથા બાળકોને રોગપ્રતિકારક રસીના ફ્રી કેમ્પનું આયોજન શરૂ થયું. છેલ્લાં ત્રણ વર્ષમાં આ કોર્પસ ફંડનાં વ્યાજમાંથી નીચે મુજબ નોંધપાત્ર કામગીરી થઈ શકી.

## રશ્મિ મનહર સહાયનિધિ

સંલગ્નિત સંસ્થામાં શિક્ષણ લઈ ગયેલા ઘણાં શ્રવણમંદોનાં પરિવાર આજે કારમી ગરીબીમાં જીવન વ્યતિત કરે છે. તેની પાસે આવકનો નિયમિત કોઈ સ્ત્રોત નથી. તેમને નિર્વાહ કરવા માટે ઘઉં, ચોખા, ખાંડ, તેલ, ઘી, ગોળ, મસાલા, સાબુ, ટૂથપેસ્ટ વગેરે અને બાળકોને સ્કૂલબેગ, ચોપડા, પેન, પેન્સિલ આપવાની યોજના ગૃહમાતા બિંદીબહેન ત્રિવેદીએ રજૂ કરી. આ દંપતીએ તે સહર્ષ સ્વીકારી. તેમાં માતબર ફંડ આપ્યું અને વર્ષ ૨૦૧૨ થી બહેરાં-મૂંગાં શાળામાં શ્રીમતી રશ્મિ મનહર સહાય નિધિ કોર્પસ ફંડ શરૂ થયું. યોજનામાં લાભાર્થીઓને અડધી કિંમતે માલ-સામાન આપવામાં આવે છે. આ વર્ષના અંત સુધીમાં કુલ ૯૪૨ જરૂરતમંદોને ઘરવખરીનો સામાન અપાવી દેવા પાછળ રૂ.૪૦,૫૯,૬૦૭/- નો ખર્ચ કરાયો. દિવાળી અને જન્માષ્ટમી જેવા તહેવારોમાં આ મહાઅન્નદાન યોજના ગરીબ લાભાર્થીઓ માટે આશીર્વાદરૂપ બની ગઈ છે.

**સ્વ. શ્રી શામજી માવજી પારેખ રાહતનિધિ લાભાર્થીઓની સંખ્યા**






BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:14 PM



**પ્રવાસમાંથી પાછાં ફરેલા શ્રવણમંદ બાળકો સાથે દાતાશ્રી, સંસ્થાના કાર્યવાહકો અને શિક્ષકો**

## ભારત પ્રવાસ

ગરીબી રેખા નીચે જીવતા આ વંચિત વિકલાંગોએ ભાગ્યે જ પ્રવાસનો આનંદ માણ્યો હોય છે. બહેરાંમૂંગાં શાળાનાં સુવર્ણ જયંતી વર્ષની ઊજવણી પ્રસંગે યોજાયેલ ભારત દર્શન અને ત્યાર પછી શ્રવણમંદ, પ્રજ્ઞાચક્ષુ, મંદબુદ્ધિ અને મગજના લકવાગ્રસ્ત બાળકોનાં મુંબઈ દર્શનનો પ્રવાસ રશ્મિબહેન અને પ્રતાપભાઈએ અતિ ઉત્સાહ સાથે સ્પોન્સર કર્યો હતો. આ ઐતિહાસિક પ્રવાસને આજે પણ યાદ કરવામાં આવે છે.

## કોક્લિયર ઇમ્પ્લાન્ટ

આજ સુધી જન્મથી આવતી બહેરાશનો દુનિયામાં કોઈ ઉપાય ન હતો. આધુનિક વિજ્ઞાનમાં કોકિલયર ઇમ્પ્લાન્ટની શોધ થઈ. સફળ સર્જરી અને ફોલોઅપ ટ્રીટમેન્ટ પછી બાળક સાંભળતું અને બોલતું થઈ શકે. પરંતુ એક સર્જરીનું ખર્ચ રૂ. પાંચ લાખથી દસ-બાર લાખ, અધધ થવા જાય છે. પરંતુ, અમે હાથ જોડીને બેસી ન રહ્યાં. નક્કી



કર્યું થોડી મદદ દાતાઓ કરે, થોડી મહેનત વાલીઓ કરે. થોડી થોડી છૂટ ઈમ્પ્લાન્ટ કંપનીવાળા પોસાઈ શકે તેવો અને ડૉક્ટરો મૂકે એમ કરીને પ્રોજેક્ટને બનાવ્યો. રશ્મિબહેન અને પ્રતાપભાઈ મુંબઈથી ડૉ. કિર્તને સાથે પી.એન.આર. હૉસ્પિટલ ભાવનગર આવ્યાં. કોકિલયર ઈમ્પ્લાન્ટ સર્જરી કેમ્પનું ઉદ્ઘાટન કરી યોગદાન આપ્યું. બે વરસમાં આઠ કેમ્પ થયા. ૧૪ સર્જરી થઈ. સહિયારા પ્રયાસોથી અશક્ય લાગતું કામ આ રીતે શક્ય બન્યું અને બાળકો સાંભળતાં થયાં.

## શિક્ષણમાં વૈજ્ઞાનિક અભિગમ

હવે કલાસરૂમમાં બ્લેકબોર્ડ અને ચોકનો જમાનો રહ્યો નથી. પુસ્તકની દુનિયાનું સ્થાન ઈન્ટરનેટે લીધું છે. પી.એન.આર.ની હાઈટેક ઈન્કલ્યુઝિવ સ્કૂલનાં આઠ વર્ગોને D.L.P., લેપટોપ અને I.R. કેમેરાથી સજ્જ કરવાનો પ્રોજેક્ટ આ દંપતીને પસંદ આવ્યો. તેમનાં યોગદાનને કારણે વિદ્યાર્થીઓ વર્ગમાં બેસીને આખી દુનિયાનું દર્શન કરી શકે છે.

આમ, પી.એન.આર. અને સંલગ્નિત સંસ્થાઓની પાયાની જરૂરિયાતના પ્રોજેક્ટોમાં પ્રતાપભાઈ અને રશ્મિબહેને ઊંડો રસ લઈને રૂપિયા એક કરોડનું યોગદાન આપ્યું અને પિતાજી શામજીભાઈએ કંડારેલી કેડી ઉપર ચાલી ને સમાજને ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડયું.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:17 PM

## સફળતાનું રહસ્ય

વર્ષ ૧૯૭૫ થી ૧૯૮૫ના દાયકામાં ભાવનગર એક મોટું શહેર નહીં, પણ ગામ હતું. અહીં હજુ કોર્પોરેટ હૉસ્પિટલો આવી ન હતી. માત્ર ગણ્યા ગાંઠયા થોડા નર્સિંગહોમ હતાં. જુદાજુદા રોગના સ્પેશ્યાલિસ્ટ કે સુપર સ્પેશિયાલિસ્ટ ડૉકટરો માટેનું નેટવર્ક, ગામમાં ઉપલબ્ધ ન હતું. એટલે નવી નવી બનેલી લોઢાવાળા હૉસ્પિટલ શરૂઆતથી જ ધમધમવા લાગી. હૉસ્પિટલમાં આઉટડોર અને ઇન્ડોર લાભાર્થીઓની સંખ્યા વરસની ચાલીસ પચાસ હજાર સુધી પહોંચી ગઈ હતી. હૉસ્પિટલની નાની જગ્યામાં પેથોલૉજી લેબ, એકસ-રે, સોનોગ્રાફી, સાથો-સાથ ચાર અદ્યતન ઑપરેશન થિયેટર બનાવ્યાં હતાં. હોસ્પિટલના ફૂલ ટાઈમ ડૉકટરો ઉપરાંત ભાવનગર, અમદાવાદ અને મુંબઈથી, વિઝિટિંગ સ્પેશિયાલિસ્ટ ડૉકટરો નિયમિત રીતે કૅમ્પ માટે આવતા. આમ, નાની જગ્યામાં મોટી સુવિધા ઊભી કરી હતી.

## ગૌરવ સાથે કહેવું પડે...

હૉસ્પિટલમાં નિદાન, સારવાર અને સર્જરીના ભાવ, ગરીબ અને મધ્યમવર્ગના દર્દીઓને ધ્યાનમાં રાખીને ખૂબ જ નીચા રાખ્યા હતા. આમ છતાં, પૈસાના અભાવે કોઈ સારવાર વગરના ન રહે તેવી વ્યવસ્થા પણ કરી હતી. બાંધકામ અને સાધનો વસાવવા માટે દાતાઓએ દાન આપ્યું, એ તો વપરાઈ ગયું હતું. હવે પગાર, દવાઓ તેમજ હૉસ્પિટલના રૂટિન મેન્ટનન્સ માટે દરરોજ કોઈ દાન ન આપે એ તો સમજી શકાય. આ માટે તો કોર્પસ ફંડ જોઈએ. હૉસ્પિટલ માંડ માંડ ઊભી કરી શકયા હતા, હોસ્પિટલ ચલાવવા માટે કોઈ કોર્પસ ફંડ ન હતું. એટલે આવક અને ખર્ચને બૅલેન્સ કરવા ડૉકટરોને માટે ટોકન સેલેરી અને કામ સાથે ઈન્સેન્ટિવની યોજના રાખી હતી. ડૉકટરોને શરૂઆતની સેલેરી ઓછી લાગે, પરંતુ કામ સારું કરે એટલે ઈન્સેન્ટિવ સારું મળવા લાગતું. પછી તો આ યોજના ડૉકટરોને આકર્ષક લાગવા માંડી. સમય એવો આવી ગયો કે લોઢાવાળામાં જોઈન્ટ થવા માટે ડૉકટરોની પડાપડી થવા લાગી. આજે ભાવનગરમાં પ્રેકિટસ કરતા ઘણા બાહોશ સિનિયર ડૉકટરોએ, લોઢાવાળા હૉસ્પિટલથી પોતાની કેરિયર શરૂ કરેલી છે.

**નર્સ કહો કે પરિચારિકા, એ ખરેખર તો હૉસ્પિટલનો આત્મા હોય છે. સ્પેશ્યાલિસ્ટ કોઈ એક વિષયના માહેર હોય છે, જ્યારે આ સેવાને સમર્પિત બહેનો 'માસ્ટર ઑફ ઓલ' જેવી હોય છે.**

## સેવા આપનારા તજજ્ઞો અને પરિચારિકાઓ

ડૉ.બક્ષી પ્લાસ્ટિક સર્જન (USA), ડૉ.પરેશ શાહ સાયકિયાટ્રિક, ડૉ.જતિન વૈદ્ય ન્યુરો સર્જન, ડૉ.આર.પી. ભૂવા ફિઝિશિયન, ડૉ.દહિયા જનરલ સર્જન, ડૉ.તુષાર ત્રિવેદી ઓર્થો. સર્જન, ડૉ.સમીર મહેતા અને ડૉ.ધીરેન્દ્ર મુનિ સ્કિન સ્પેશ્યાલિસ્ટ, ડૉ.વસાવડા ઓપ્થેલમિક સર્જન, ડૉ. એ. એમ. એસ. લાખાણી એનેસ્થેટિક અને ડૉ.શૈલેશ જાની માનસિક રોગના નિષ્ણાત જેવા ઘણા તજજ્ઞોએ, વર્ષો સુધી આ હૉસ્પિટલને સેવા આપી છે.

નર્સ કહો કે પરિચારિકા, એ ખરેખર તો હૉસ્પિટલનો આત્મા હોય છે. સ્પેશિયાલિસ્ટ કોઈ એક વિષયના માહેર હોય છે, જયારે આ સેવાને સમર્પિત બહેનો 'માસ્ટર ઑફ ઓલ' જેવી હોય છે. એટલે જ તે હૉસ્પિટલનો આત્મા છે. એ ડૉકટરનો ઓ.પી.ડી. મૅનેજ કરે, બી.પી.ઇન્સ્ટ્રુમેન્ટ, ઇ.સી.જી. મશીન વગેરે તૈયાર કરે, વૉર્ડમાં જઈને દર્દીને સમયસર દવા આપે, ટેમ્પરેચર





BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:21 PM



**સેવાને સમર્પિત નર્સિંગ સ્ટાફ**

લે, બી.પી.ની નોંધ રાખે, ઈંજેકશન આપે, ઑપરેશન પહેલાં દર્દીને પ્રિપેર કરે, ઑપરેશન થિયેટર તૈયાર કરે, ઑપરેશન દરમ્યાન સિફતપૂર્વક સર્જનને એક પછી એક ઈન્સ્ટ્રુમેન્ટ જરા પણ વિલંબ વગર આપે જાય. મોટાભાગે આ બહેનો કયા સર્જનને કયા વાઢ કાપ પછી કયું ઈન્સ્ટ્રુમેન્ટ જોઈશે, તે આપ મેળે શીખી જતી હોય છે. ઑપરેશન પછી પણ દર્દી તો નર્સને ભરોસે જ હોય છે. કારણ કે ડૉકટરના ભાગ્યમાં તો ભાગદોડની સંતાકૂકડી, વહેલી સવારથી મોડી રાત સુધીની લખાયેલી હોય છે. હૉસ્પિટલોમાં બધી ટ્રેઈન્ડ નર્સ હોય તે એક આદર્શ વાત છે, પરંતુ મોટાભાગે હૉસ્પિટલોમાં ટ્રેઈન્ડ નર્સ ઓછી હોય છે! આ સંજોગોમાં એકાદ બે ટ્રેઈન્ડ નર્સ સાથે બાકીની અનટ્રેઈન્ડ બહેનોને તૈયાર કરવાનો અભિગમ અપનાવ્યો હતો. અનટ્રેઈન્ડ સમાજના છેવાડાની આ બહેનોમાં કોઈ વિધવા, તો કોઈ ત્યકતામાંથી કોઈ નર્સનો પર્યાય બની શકે. પગભર થઈને સ્વમાનભેર જીવન જીવવા માટે સતત સંઘર્ષ કરતી આ બહેનોમાંથી હંસાબહેન મોરી, જીવુ, ગૌરી , દક્ષા જેવી કેટકેટલી બહેનો કથીરમાંથી કંચનની જેમ ઝળકીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.



# હૉસ્પિટલનું આધુનિકીકરણ

સમયના વહેણ સાથે ટૅકનોલૉજી બદલાતી રહે છે. ૧૯૭૭ માં શરૂ થયેલી હૉસ્પિટલને છેલ્લાં દસેક વર્ષમાં નવા લેટેસ્ટ સાધનો સાથે અપગ્રેડ કરવા દાતાઓનો સંપર્ક કર્યો. હિન્દુસ્તાન પેન્સિલ્સ પ્રા. લિ. ના બાબુભાઈ સંઘવીએ મેટરનિટી વૉર્ડ અને સોનોગ્રાફી મશીન માટે યોગદાન આપ્યું, તો શ્રીમતી રશ્મિબહેન અને શ્રી પ્રતાપભાઈ પારેખે પણ તેમાં સહયોગ આપ્યો. ઉપરાંત આ દંપતીએ પિતાશ્રી શામજીભાઈ પારેખની સ્મૃતિમાં, ગરીબ દર્દીઓ માટે રાહતફંડની યોજના માટે સારું એવું કોર્પસ ફંડ પણ કરી આપ્યું.



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:24 PM



ડાબી બાજુથી મૃદુલાબહેન, જીતુભાઇ મહેતા અને વિનુભાઇ પરીખ વગેરે...




નેત્ર-ચિકિત્સા માટે ઓટો રીફ્રેકટોમીટરની જરૂરત પડી ત્યારે, અનુપમાબહેન (ઝૈતુનબહેન એહમદઅલી કપાસી) ના એક્ઝિક્યુટરો શ્રી જીતુભાઈ મહેતા અને વિનુભાઈ પરીખે ઉદાર હાથે સહાય કરી છે. એટલું જ નહીં પરંતુ તેમના તરફથી પી.એન.આર.-નટરાજમાં જનરેટર, સ્ટાફ કવાર્ટર, ડે કેર સેન્ટર રૂમ, તથા બહેરાં-મૂંગાં માધ્યમિક શાળામાં કલાસ રૂમ, આઈ.ટી. ટેકનૉલૉજી માટે ટેબલેટ, વિકલાંગ સાધન સહાય, સી.એમ.પી. છાત્રાલયમાં રૂમ તેમજ અંકુર શાળામાં ફર્નિચર અને સાધનો માટે લાખો રૂપિયાની ઉદાર સહાય કરી છે.


એવી જ રીતે એ-સ્કેન મશીન માટે USAના દલાલ ફેમિલી ફાઉન્ડેશને અમારી માંગણી સંતોષી આપી. હૉસ્પિટલમાં વર્ષોથી પરમકેશવ એક્સ-રે યુનિટ કામ કરતું હતું તે આઉટડેટેડ થતાં ડિઝિટલ એક્સ-રે માટે તથા સોનોગ્રાફીમાં લેટેસ્ટ પ્રોબ માટે, વસંતભાઈ મોહનલાલ ગાંધી USAએ માતબર યોગદાન આપીને ઉત્સાહ વધાર્યો. મુંબઈથી પી.એન.આર.સોસાયટીના ચેરમેન નટવરભાઈ દેસાઈએ યોગદાન મેળવી આપવામાં સહયોગ પૂરો પાડ્યો છે તો, આઈસલૅન્ડથી શ્રી ખુશેન્દ્રભાઈ અને તેના પત્ની થોરૂનબહેન દેસાઈ વગેરેએ પણ, હૉસ્પિટલના આધુનિકરણમાં ઉત્તમ યોગદાન કર્યું છે. પરિણામે આ ચાર દાયકામાં હજારો દર્દીઓને અત્યંત સસ્તી અને સારી સારવાર મળી છે.

પૈસા વગર શરૂ થયેલી સંસ્થાનું વાર્ષિક ખર્ચ આજે પંચોતેર લાખ જેટલું થવા જાય છે. તેની સામે આવક ઓછી છે. વર્ષે પાંચ-સાત લાખની તૂટ પડે છે તે પૂરી કરવા દાતાઓને અપીલ કરતા રહીએ છીએ.




BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:28 PM

## આવક (૨૦૧૮-૨૦૧૯)




કુલ આવક રૂા. ૬૮,૬૯,૧૦૯/-

## ખર્ચ (૨૦૧૮-૧૯)




કુલ ખર્ચ રૂા. ૭૩,૫૪,૯૨૯/-



## સફળતાનું રહસ્ય

સમાજમાં જે સુવિધાનો અભાવ હોય, તેવી અપ્રાપ્ય સુવિધા ઊભી કરવાના હેતુ સાથે, દરબારગઢ વૉર્ડ નવજવાન સંઘની સ્થાપના કરી હતી. શરૂઆત પૈસા વગરની પ્રવૃત્તિથી થઈ એ તો ઠીક છે, પરંતુ પોલિકિલનિક જેવી લોઢાવાળા હૉસ્પિટલ, પૈસા વગર ઊભી ન થાય અને ચલાવી પણ ન શકાય. આમ છતાં, 'રેતીમાં વહાણ' ની જેમ અસંભવને સંભવમાં પલટાવી શકયા, તેની પાછળનું રહસ્ય નિઃસ્વાર્થ ભાવે સેવા કરવા જોડાયેલા સાથી કાર્યકર્તાઓમાં છુપાયેલું છે, એ તો ખરું જ. પરંતુ એથી પણ વિશેષ ભામાશા જેવા દાતાઓમાં રહેલું છે, કે જેણે કલ્પના બહાર અમારામાં વિશ્વાસ મૂકીને દાનની સરવાણી વહેવડાવી.




BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:31 PM

# નેતૃત્વનો ઉદય અને પડકાર

## નેતૃત્વનો ઉદય અને પડકાર

મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. માનવ સમૂહના સભ્યોથી સમાજ બને છે. દરેક સમાજમાં કાંઈકને કાંઈક સમસ્યાઓ ઉદ્‌ભવતી રહે છે. આ સમસ્યા ગંભીર બને ત્યારે તેના ઉકેલ માટે નેતૃત્વનો ઉદય થાય છે. આ નેતૃત્વ પાસે સમસ્યાના ઉકેલ માટે ચોકકસ દૃષ્ટિ, હેતુ અને સ્વપ્ન હોય છે. પોતાના સ્વપ્નને સાકાર કરવા માટે તે સતત સંઘર્ષ કરે છે. અને પોતાના લક્ષ્યાંકોને પાર પાડવા સંસ્થાની સ્થાપના કરે છે.

આપણા સમાજમાં નવીનવી સેવાકીય સંસ્થાઓ ઉદ્‌ભવે છે તે સાચું પરંતુ સ્વામી વિવેકાનંદે કહ્યા મુજબ, ‘આપણા ભારતવાસીઓમાં એક મોટી ઊણપ છે કે આપણે કાયમી સંસ્થા ઊભી કરી શકતા નથી, એનું કારણ એ જ છે કે આપણે સત્તાના ઉપભોગમાં સાથીદાર સાંખી શકતા નથી’ અલ્પજીવી સંસ્થાઓ માટે આ અને આવા બીજા ઘણાં કારણો છે. જે વધતા ઓછા અંશે બધાને લાગુ પડે છે. સ્વામીજીનું આ વિધાન મારા માનસપટ ઉપર બરાબર અંકિત થઈ ગયું હતું. અમે સંસ્થાઓમાં એકહથ્થું સત્તાને બદલે સત્તાનું વિકેન્દ્રીકરણ, ચૂંટણીની હુંસાતુંસીને બદલે સમરસ પસંદગી અને દરેક નિર્ણયો સર્વાનુમતે કરી સૌને સાથે રાખવાનો તેમજ યોગ્ય સમયે હોદ્દો છોડી દ્વિતીય હરોળના કાર્યકરોને પલોટવાનો પ્રયોગ કર્યો છે

૧૯૫૪માં માતૃસંસ્થા ‘દરબારગઢ વૉર્ડ નવજવાન સંઘ’ ની સ્થાપના કરી, ત્યારે વિઝન અને મિશન સ્પષ્ટ હતું. પરંતુ નેતૃત્વ માટે અમારામાંથી કોઈ એકનું ચિત્ર, હજી સ્પષ્ટપણે ઉપસ્યું ન હતું. કનુભાઈ ઠક્કર પ્રેણામૂર્તિ ખરા, પણ સંઘના નેતૃત્વમાં તો અંતુભાઈ રાવળ, હર્ષદભાઈ શેઠ અને હું મોખરે હતા. ત્રણેય સાથે રહીને નેતૃત્વ કરતા હતા. વળી સંસ્થાને રાજકારણથી અલિપ્ત રાખવા અમે વચનબદ્ધ પણ હતા. એટલે ચુસ્ત સમાજવાદી રંગે રંગાયેલા કનુભાઈ, થોડા સમયમાં સંસ્થા છોડી ગયા. અંતુભાઈ રાવળ સામ્યવાદની ઓછી જાણીતી શાખા ટ્રોટસ્કીવાદના સમર્થક હતા. આ પક્ષના બિરાદરો, મૂડીપતિઓ અને વ્યાપારીઓ માટે એક પ્રકારની સૂગ ધરાવતાં હોય છે. આવી એક ચોક્કસ વિચારસરણીને કારણે હર્ષદભાઈને અને અંતુભાઈને સંસ્થામાં મતભેદ થતા રહેતા. તે બેની વચ્ચે વધારે ઘર્ષણ ન થાય, તે માટે હું સજાગ રહીને પ્રયત્ન કરતો. હર્ષદભાઈ વિશિષ્ટ વ્યકિતત્વ ધરાવતા સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર હતા. તેનામાં ગજબની નેતૃત્વશકિત હતી. તે ટીમ બનાવી જાણતા, અને આયોજન પણ કરી શકતા. તે ‘સિદ્ધાંતવાદીગાંધી’ તરીકે સંસ્થામાં જાણીતા હતા. આ બધું હોવા છતાં તેમનો હઠીલો સ્વભાવ, ટીમના સભ્યો વચ્ચે સમરસતા જાળવવામાં અવરોધક બની રહેતો. પરિણામે, પંદર વરસ સાથે કામ કર્યા પછી હર્ષદભાઈ કોઈક પ્રશ્ને બાંધછોડ ન કરી શકતા, સંસ્થા છોડી ગયા. સંસ્થાને એક સમર્પિત કાર્યકરની ખોટ પડી. જોકે, સેવાનો જીવ એમ બેસી ન રહે અને તે માનભાઈ ભટ્ટ સાથે જોડાયા. વૃદ્ધાશ્રમનું નવું મકાન એ હર્ષદભાઈ શેઠની ઉત્તમ કામગીરીની દેન છે. એમના જવાથી હવે ટીમના સેન્ટરમાં હું હતો. માટે સંસ્થાની સેવાની સરવાણીને કાયમ માટે મારે ટકાવીને સપના સાર્થક કરવા હતાં.

**પરસ્પરાવલંબન અને એક બીજાનો સ્વીકાર એ ટીમની સફળતાનો ધોરી માર્ગ છે.**

**સમાજમાં નવીનવી સેવાકીય સંસ્થાઓ ઉદ્‌ભવે છે તે સાચું પરંતુ સ્વામી વિવેકાનંદે કહ્યા મુજબ, ‘આપણા ભારતવાસીઓમાં એક મોટી ઊણપ છે કે આપણે કાયમી સંસ્થા ઊભી કરી શકતાં નથી. એનું કારણ એ જ છે કે આપણે સત્તાના ઉપભોગમાં સાથીદાર સાંખી શકતા નથી.’**



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:35 PM

# સફળ મૅનેજમેન્ટની ચાવી

સમાજમાં સંસ્થા માટે ટીમને ટકાવી રાખવી જોઈએ. એ માટે 'આપણે વ્યકિતઓ સાથે, તેમની રીતો અને ખાસિયતો મુજબ મેળ સાધવો જોઈએ.' મને જે.આર.ડી. ટાટાની આ વાત બહુ ગમેલી. નેતાનું કામ છે સભ્યોને પ્રેમ અને કાળજીથી દોરવણી આપવાનું, તેનાથી સભ્યોને નૈતિકબળ મળે છે. પરસ્પરાવલંબન અને એકબીજાનો સ્વીકાર એ ટીમની સફળતાનો ધોરી માર્ગ છે. દરેકમાં સરખી શક્તિ હોતી નથી. સાથી કેટલું કામ કરે છે, તેને બદલે કેવું કામ કરે છે તેનું મહત્ત્વ છે. સભ્યોને પણ પોતાના વિચારો હોય છે, એ વ્યકત કરવાની સ્વતંત્રતા ઉપર ટીમનું ભવિષ્ય નિર્ભર છે. અનુભવે મને આ સફળ મૅનેજમૅન્ટની ચાવી હાથ લાગી અને એક પછી એક શિખર સર થતા ગયા.

**સંસ્થા માટે ટીમને ટકાવી રાખવી જોઈએ. એ માટે 'આપણે વ્યક્તિઓ સાથે, તેમની રીતો અને ખાસિયતો મુજબ મેળ સાધવો જોઈએ.' મને જે.આર.ડી. ટાટાની આ વાત બહુ ગમેલી. નેતાનું કામ છે સભ્યોને પ્રેમ અને કાળજીથી દોરવણી આપવાનું.**

# સફળતાના સુકાનીઓ

પાંસઠ સીતેર વરસમાં, કેટકેટલા સમર્પિત કાર્યકતાઓ આવ્યા અને ગયા. હજુ અત્યારે પણ કોઈ સંસ્થામાં સક્રિય છે, કોઈ બહાર ચાલ્યા ગયા છે, તો કોઈ હયાત નથી. સ્વયંસેવાની શરૂઆત આમ તો અમે એકલ-દોકલ થોડા યુવાનોએ કરી હતી. પરંતુ અમે કૂચ કરતા ગયા, તેમ કાફલો મોટો અને મોટો થતો ગયો.

# સંસ્થાની પ્રથમ હરોળની ટીમ

સંસ્થાના સફળ સંચાલન માટે, જુદી-જુદી કાર્યક્ષમતા ધરાવતા કાર્યકરોનું હોવું મહત્ત્વનું છે. હંમેશાં ટીમમાં જુદા-જુદા કૌશલ્ય ધરાવતા લોકોને સામેલ કરતો આવ્યો છું. વકતવ્ય આપવું હોય, જોરદાર રજૂઆત કરવી હોય, હલ્લાબોલ કે સભા સરઘસ કે ફંડ ફાળા માટે અંતુભાઈ રાવળ જ ઉપયોગી નીવડે, ગીતસંગીત, સાંસ્કૃતિક કાર્યક્રમ, સુંદર પુસ્તકાલય કે શાંત વ્યવસ્થાપન ગોઠવવું હોય તો, એ કામ મફતભાઈ સારી રીતે પાર પાડી શકે. જયારે હીરાભાઈ, ધંધાની પરવા કર્યા વગર ગમે ત્યારે ગમે તેટલો સમય સંસ્થાના કામમાં આપી શકે, અને સંસ્થાના હાઉસ મૅગેઝીન 'ધૂપસળી' ના સંપાદકની ઉપયોગી કામગીરી પણ કરી શકે. એવા જ એક બિનધાસ્ત હતા હીરાલાલ ખંભાતી. એ અમારા કાર્યક્રમમાં સ્ટેજ ઉપર નાટકમાં બહુ ખીલતા, સંસ્થામાં ટ્રેઝરરનું કામ કરવા જલદી કોઈ તૈયાર ન

**માનવ સમૂહના સભ્યોથી સમાજ બને છે. દરેક સમાજમાં કાંઇકને કાંઇક સમસ્યાઓ ઉદ્ભવતી રહે છે. આ સમસ્યા ગંભીર બને ત્યારે તેના ઉકેલ માટે નેતૃત્વનો ઉદય થાય છે.**

થાય. એ કામમાં કડવા થવું પડે. પરંતુ દાણાપીઠના મહેતાજી એવા, ચીમન રાઠોડે આ કપરી કામગીરી વર્ષો સુધી નિભાવી. સ્ટેટ બૅંકમાં કામ કરતાં ભાસ્કર વકીલે મંત્રીથી માંડીને ઘણાં હોદ્દા ઉપર કામ કર્યું. આયોજન, પત્રવ્યવહાર અને સંકલનમાં એ સારા ઉપયોગી નીવડેલા, મહાસુખ રાણા પણ સક્રિય કાર્યકર હતા. ધ્યાનાકર્ષક પ્રતિભા, ગીતસંગીત, ચિત્રકામના શોખીન,મહેન્દ્ર ભડિયાદ્રાએ ઘણાં વર્ષો સુધી સાથે ટાઇપ કલાસ અને કાર્યાલય સંભાળેલું,બટુક મહેતા સાયન્સના કોચિંગ કલાસનું સંચાલન કરતા, શામજીભાઈ પરમાર, કેટલાક વરસ સુધી પ્રમુખ રહેલા, વેપારીઓના સારા સંપર્ક, જાહેરાતો લાવવામાં ઉપયોગી અને એન્જિનિયરની ખોટ પૂરે. શશીભાઈ વાઘર ઉદાર દિલ દાતા અને કાર્યકર. મનસુખ ઉદાણી, વિનુ મહેતા, જેન્તી સોલંકી, મોહન સોલંકી, વિનુભાઈ શાહ, મારા ભાઈઓ અશ્વિન, મહેશ, ભૂપત જેવા સ્વયંસેવકો તો પાર વગરના હતા. એવી જ મહિલા વિંગ હતી. વિમળાબહેન ઠક્કર, મધુબહેન સંઘવી, વનિતાબહેન, ભાનુબહેન, પદ્માબહેન, સુધાબહેન તથા બનજારા સિસ્ટર્સ જેવી અનેક બહેનો, સંસ્થાને



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:38 PM

**સમર્પિત** હતી. આ ટીમ સંસ્થા થકી **સફળતાની** ટોચ ઉપર પહોંચી શકી.

## દ્વિતીય હરોળ

સંસ્થાને કાયમી ટકાવી રાખવા માટે દ્વિતીય હરોળના કાર્યકરોને તૈયાર કરવાની દુરંદેશી વાપરવી જરૂરી હોય છે. 'નામ તેનો નાશ' છે. કોઈ અમરત્વ લઈને આવ્યું નથી. આ વાત સંસ્થાનું નેતૃત્વ સંભાળતા ટ્રસ્ટીઓએ ધ્યાનમાં રાખવી જોઈએ. અન્યથા મુખ્ય માણસની ગેરહાજરીમાં સંસ્થા પડી ભાંગે છે. આ સમજવા છતાં, સત્તામાં આપણે કોઈને ભાગીદાર બનાવી શકતા નથી. કારણ કે ટીમવર્ક આપણા સ્વભાવમાં નથી. વ્યકિતગત રીતે આપણે ખૂબ કામ કરીએ છીએ, પણ બે બુદ્ધિશાળી માણસો પણ સાથે સાથે કામ નથી કરી શકતા, એ આપણી નબળાઈ છે, તેના પરિણામે સંસ્થાઓ ભાંગી પડતી હોય છે.

નવજવાન સંઘ અને લોહાવાળા હૉસ્પિટલમાં આવું ન થાય તે માટે દ્વિતીય હરોળના યુવા કાર્યકરોને આગળ કરવાનો જાગૃત પ્રયાસ કર્યો છે. સીનિયર સાથે જુનિયર ટીમને જોડીએ છીએ, ધીમે ધીમે સત્તાનું હસ્તાંતર કરતા જઈએ છીએ, જોકે આ કામ હું કહું છું એટલું સહેલું નથી. પરંતુ સમજુ લોકોએ એ કરે જ છૂટકો છે. આ પ્રયોગના આશાસ્પદ પરિણામો પણ સાંપડયા છે. જુનિયર એટલે કે દ્વિતીય હરોળની ટીમમાં સંસ્થાના વિઝન અને મિશન માટે જાગૃતિ આવી છે. આ દ્વિતીય હરોળ સંસ્થાને આગળ વધારવાની ધગશ ધરાવે છે. ટીમમાં રાજેશ હકાણીમાં નેતૃત્વની ક્વોલિટી છે, દરેક પ્રશ્ન ઉપર વિચારપૂર્વક નિર્ણય લઈ શકે છે. તેની સાથે મનસુખ સોરઠિયા, જે આમ તો સંઘના હોલિડે હોમ કેમ્પમાં તૈયાર થયેલાં ભૂતપૂર્વ વિદ્યાર્થી છે, તે વહીવટી કાર્યક્ષમતાનો સારો અનુભવ ધરાવે છે. સંસ્થાની ફાયનાન્સ મેટર માટે કીર્તિ ગાંધી સેવા આપે છે. કાર્યક્રમોના આયોજન કરવા, અહેવાલ તૈયાર કરવા, મહેમાનોનું સ્વાગત, વેલકમ એડ્રેસ વગેરેની કામગીરી વી.ડી. શાહ સંભાળે છે. સુરેશ રાણા અને શેરઅલી આબેદી, બે આશાસ્પદ યુવાનો આ ટીમમાં હતા, જેના અકાળે અવસાન થવાથી ટીમને સેટ બેક મળ્યો છે, પરંતુ આ સિવાય પણ સૂર્યકાંત ચાવડા, પારસ શાહ, વગેરે કાર્યકર્તાઓએ સાથે મળી કાર્યભાર ઉપાડયો છે. જે સંસ્થાના ભવિષ્ય માટે સારી નિશાની છે.

સંસ્થા, છ દાયકા પૂરા કરીને સાતમા દાયકામાં પ્રવેશની ક્ષણે, એક ઘેઘૂર વટવૃક્ષ બનીને ઊભી છે. આ ઘેઘૂર વૃક્ષનું સિંચન કરવાનું શ્રેય હું એકમાત્ર ન લઈ શકું, ખરું શ્રેય ટીમને જાય છે.



રાજેશ હકાણી



મનસુખ સોરઠિયા



વી. ડી. શાહ



કીર્તિ ગાંધી



પારસ શાહ



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:42 PM



સૂર્યકાંત ચાવડા



પી.ડી. ત્રિવેદી



ચંદ્રિકા બન્જારા



સ્વ. શેરઅલી આબેદી



સ્વ. સુરેશ રાણા

**ભાવનગર નવજવાન સંઘ**
વી.સી. લોઢાવાળા હોસ્પિટલ,
પથીકાશ્રમની બાજુમાં, ગંગાજળીયા તળાવ,
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન નં. : (0278) 2424178
ઈ મેઈલ :: vclodhawalla2012@gmail.com



BHAG - 2 PG 40 TO 101_1_Prepress
Saturday, November 23, 2019 2:20:45 PM